બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**માર્ચ-૨૦૨૪**

શાબાનુલ્ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૩, સળંગ અંક : ૨૪૨



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | સિપાસનામા હાફિઝે મિલ્લત એવોર્ડ | 04 |
| 02 | **અલ્લાહનો આપેલો માલ તેની રાહમાં ખર્ચવામાં ખચકાનારાઓ સાવધાન !** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 13 |
| 06 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 16 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 19 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત સરી સક્તી رحمۃ اللہ علیہ | 22 |
| 09 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 10 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 27 |
| 11 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 30 |
| 12 | *(બીજી સદીના મુજદ્દિદ-૧)* હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رَحْمَةُ اللهِ عَلَيْه | 32 |
| 13 | વલી પીરમાં કઈ બાર ખૂબીઓ હોવી જોઈએ ? | 34 |
| 14 | ગૈર નબી માટે "અલૈહિસ્સલામ" કહેવું કેવું ?! | 37 |
| 15 | બુઝુર્ગોની તબ્લીગે ઈસ્લામની તડપ અને આપણો હાલ | 39 |
| 16 | વાતચીત સંબંધે કુર્આનની અખ્લાકી તા'લીમાત | 44 |
| 17 | શબે કદ્રની ઈબાદતો | 49 |
| 18 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## પર રસૂલુલ્લાહ ﷺ કા દીને હસન રહ જાએગા

કોઈ ગુલ બાકી રહેગા ન ચમન રહ જાએગા
પર રસૂલુલ્લાહ ﷺ કા દીને હસન રહ જાએગા

હમસફીરો બાગમેં હૈ કોઈ દમ કા ચહ ચહા
બુલબુલેં ઉળ જાએંગી સુના ચમન રહ જાએગા

અલ્તમસ કમ્ખ્વાબ પોશાક પર નાઝાં ન હો તુમ
ઈસ તને બેજાન પર ખાકી કફન રહ જાએગા

નામે શાહાને જહાં મિટ જાએંગે લેકિન યહાં
હશ્ર તક નામો નિશાને પંજતન રહ જાએગા

જો પળ્હેગા સાહિબે લૌલાક કે ઉપર દુરૂદ
આગસે મહફૂઝ ઉસકા તન બદન રહ જાએગા

સબ ફના હો જાએંગે **"કાફી"** વ લેકિન હશ્ર તક
નઅતે હઝરત કા ઝબાનો પર સુખન રહ જાએગા

# સિપાસનામા હાફિઝે મિલ્લત એવોર્ડ

બખિદમતે ગિરામી ફાઝિલે અશરફિયા
**હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ ગૌષિયા રઝવિય્યહ, યુ.કે.)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

મોહતરમ હઝરાત ! ઈસ વક્ત હમ ઔર આપ જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز કે ઉન્ચાસવેં (૩૯) ઉર્સ કી બહારોં સે સરશાર હૈં. **જામિઆ અશરફિયા મુબારકપુર** આપકા ઝરીં કારનામા હૈ. ફરઝંદાને અશરફિયા કી તેહરીક તન્ઝીમે અબ્નાએ અશરફિયા, મુબારકપુર ઉર્સે અઝીઝી કે મોકે પર ફુઝલા કી ખિદમાત કે એતરાફમેં **'હાફિઝે મિલ્લત એવોર્ડ'** તફવીઝ કરતી હૈ. ઈમ્સાલ ફાઝિલે જલીલ **હઝરત મૌલાના મુહમ્મદનિઝામુદ્દીન મિસ્બાહી** ઝૈદ ફઝ્લહૂ કા ઈન્તેખાબ અમલમેં આયા હૈ. તન્ઝીમ ઉન્કી મુખ્તલિફ દીની ખિદમાત કે એ'તેરાફમેં **'હાફિઝે મિલ્લત એવોર્ડ'** દે રહી હૈ.

**મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી** સૂબા ગુજરાત કે મરદુમખેઝ ઝિલા **ભરૂચ કે કૂરચન** મેં ૨૩ જુન ૧૯૭૫ કો **હાજી અલી મૂસા પટેલ** કે ઘર પેદા હૂએ. ઈબ્તિદાઈ તા'લીમ મદ્રસા શમ્એ હિદાયતુલ ઈસ્લામ–કૂરચન (ભરૂચ)મેં હાસિલ કી.ફિર દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરામેં દરજએ ષાનિયા તક કી કિતાબેં પઢીં. ઉસ્કે બાદ આ'લા તા'લીમ કે લિયે હિંદુસ્તાન કી મર્કઝી દીની દર્સગાહ અલ્ જામિઅતુલ્ અશરફિયા–મુબારકપુર ઈ.સ. ૧૯૯૩મેં દરજએ ષાલિષામેં દાખલા લિયા ઔર યહાં કે માહિરે ઈલ્મો ફન ઔર બાફયઝ અસાતેઝાસે તક્રીબન્ છે સાલ તક રહકર ઉનકે ખ્વાને ઈલ્મો ફઝ્લસે ખોશાચીની કરતે રહે. ઈ.સ. ૧૯૯૮મેં ઉર્સે અઝીઝી કે હસીન મોકા પર દસ્તારે ફઝીલતસે નવાઝે ગયે ઔર ઉસકે બાદ સનદે ફઝીલતસે સરફરાઝ કિયે ગયે. હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કી ખિદમાત કા સિલસિલા હિંદુસ્તાનમેં દો બરસ તક રહા, ઔર ઉસકે બાદ બર્તાનિયામેં તદરીસી, તબ્લીગી, તહરીરી ઔર ઈશાઅતી કારનામે અંજામ દે રહે હૈં જિન કી કદરે તફસીલ હસ્બે ઝેલ હૈ :–

જામિઆ અશરફિયાસે ફરાગત કે બાદ તક્રીબન, દો સાલ તક ગુજરાત કે ઈલાકે મેં દર્સો તદરીસ ઔર વઅઝો નસીહત કે ઝરીએ તબ્લીગે દીન અંજામ દેતે રહે. ૨૦૦૦ ઈ.સ. મેં આપ બર્તાનિયા તશરીફ લે ગયે. ઈબ્તિદા મેં ચંદ સાલોં તક ઈમામતો ખિતાબત કે ફરાઈઝ અંજામ દિયે. ઉસકે બાદ બ્લેકબર્ન, યુ.કે. કી સરઝીમન પર દારુલ ઉલૂમ ગૌષિયા રઝવિય્યહ કે નામ સે એક ઈદારા કાઈમ કિયા. અબ બાઝાબ્તા તૌર પર ઉસી ઈદારેમેં તદરીસી ખિદમાત અંજામ દે રહે હૈં.

મૌલાના મૌસૂફ સબકે ખૈરખ્વાહ, ઉલમા કે કદરદાં ઔર જામિઆ અશરફિયા મુબારકપુર કે સચ્ચે હમદર્દ હૈં. ખૂદ ભી અપની માદરે ઈલ્મી જામિઆ અશરફિયા કી તામીરો તરક્કીમેં હિસ્સા લેતે રહતે હૈં ઔર અપને અહબાબ કો ભી ઉસકી તરફ રાગિબ કરતે હૈં. આપ બેહતરીન ખતીબ, કામયાબ મુસન્નિફ ઔર મુતર્જિમ ભી હૈં. બર્તાનિયા કે મુખ્તલિફ ઈલાકો મેં તક્રીરો ખિતાબત કે લિયે મદઉ કિયે જાતે હૈં. બર્તાનિયા કી સરઝમીન પર દીની કિતાબોં કી ઈશાઅત કે લિયે "જમાઅતે રઝાએ મુસ્તફા–યુ.કે." નામસે એક ઈદારા કાઈમ કિયા. આપ કે નોકે કલમસે કઈ એક કિતાબેં મુનસ્સએ શહૂદ પર આ ચૂકી હૈં જિનમેં મિસ્બાહુલ એ'તેકાફ, વધુ પેજ ૨૪ પર.

# અલ્લાહનો આપેલો માલ તેની રાહમાં

## ખર્ચવામાં ખચકાનારાઓ સાવધાન !

તંત્રી લેખ

આજે આપણે જોઈએ છીએ કે લોકો પોતાનુ મકાન બનાવવા, શાદી પ્રસંગે કે અંગત કામ માટે પાણીની જેમ પૈસા વહાવે છે, ભાગ્યે જ કોઈ હશે જે લાખોની શાદી કે લાખો કરોડોનું મકાન બનાવતી વખતે અલ્લાહની રાહમાં એક રૂપિયો રબના શુક્રાનામાં આપતો હોય ! કોઈ મરી જાય તો કદાચ તેના જ વારસામાંથી અમુક ખૈરાત કરતા લોકો જોવા મળે છે, પણ જનરલી ખુશીના પ્રસંગે હરામ કામો પાછળ લાખો વાપરશે, નાચગાન કરનારા, કરનારીઓ પર નોટો વરસાવીને ધરવી દેશે, પણ દીનના કામમાં કે કોઈ દીનદારને, ઈમામ સાહબને કે ઉસ્તાદને રૂપિયો આપવાનું વિચારતા પણ નથી ! ઈલ્લા માશા અલ્લાહ ! કરો અભ્યાસ સમાજનો તથા પોતાનો પણ ! ખૈર આ તો લિલ્લાહ ખૈરાતની વાત થઈ પણ ઝકાત કે જે સાહિબે નિસાબ મુસલમાન પર ફર્ઝ છે, એવો ફર્ઝ કે જેનો ઈન્કાર કરનાર કાફિર છે, તે પણ સહીહ રીતે ગણીને આપવામાં ઘણા લોકો આળસ કરે છે ! અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣﴾ **"અને મુત્તક઼ી (નેક મુસલમાનો) તેઓ છે કે અમોએ જે તેમને આપ્યું તેમાંથી અમારા રસ્તામાં ખર્ચ કરે છે.** (સૂ. બકરહ, ૨/૩) રાહે ખુદામાં આપીને આપણે કોઈના પર એહસાન નથી કરવાના, કેમ કે રબનું જ આપેલુ તેની રાહમાં આપીશું તો એમાં આપણી જ ભલાઈ છે.

## રબની રાહમાં આપવાના શું ફાયદા છે ?!

રબ તઆલા પોતાના રસૂલ ﷺને ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا "તેમના માલોમાંથી સદક઼ો લો, તેના કારણે તેમને પાક સાફ બનાવી દો." (સૂ. તૌબા, ૯/૧૦૩) અને ફર્માવે છે : وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ﴿٤﴾ "અને ભલાઈ તેઓ પામે છે જેઓ ઝકાત અદા કરે છે." (સૂ. મુઅમીનુન, ૨૩/૪) "અને ફર્માવે છે : وَمَآ اَنْفَقْتُمْ مِّنْ شَيْءٍ فَهُوَ يُخْلِفُهٗ ۚ وَهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿٣٩﴾ "જે કાંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તઆલા તેના સ્થાને બીજુ આપશે અને તે ઉત્તમ રોજી આપનાર છે. (સૂ. સબા, ૩૪/૩૯) અને ફર્માવે છે : "જે લોકો અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેમની કહેવત તે દાણાની જેમ છે જેનાથી સાત ડુંડાં નીકળે. દરેક ડુંડામાં સો દાણા, અને અલ્લાહ જેને ચાહે છે અધિક આપે છે, અને અલ્લાહ વિશાળતાવાળો, મહાન ઈલ્મવાળો છે. જે લોકો અલ્લાહના માર્ગમાં પોતાનો માલ (દૌલત) ખર્ચ કરે છે, પછી ખર્ચ કર્યા પછી ન એહસાન જતાવે છે, ન તકલીફ આપે છે તેમના માટે તેમના સવાબ તેમના રબ સમક્ષ છે. અને **ન તેમના ઉપર કોઈ ખૌફ છે અને ન તેઓ ગમગીન થશે.** *(સૂ. બક઼રહ, ૨/૨૬૧)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો આ ખુદાઈ ફર્માનોને વારંવાર વાંચો અને જો એના પર ઈમાન હોય તો વિચારી લો કે આપણી બંને જહાનની ભલાઈ અને માલની બરકત પણ એના પર અમલ કરવામાં જ છે. બાકી પૈસાને પકડીને બેસી રહીશું અથવા ગલત માર્ગે ખર્ચ કરીશું તો બંને જહાનમાં બેચેની તથા

તકલીફોને સામનો કરવો પડશે.

## રબના આપેલાને તેની રાહમાં ન ખર્ચવાનો દર્દનાક અંજામ !

કેટલાક લોકો રબની આપેલી દૌલતને ખર્ચ કરવામાં સુસ્તી કે કંજૂસી કરે છે તેમને જગાડવા માટે આ કુર્આની આદેશ પૂરતો છે. સાંભળો ! : "જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને **અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો.** જે દિવસે જહન્નમની આગમાં તેને તપાવવામાં આવશે અને તેનાથી તેમના કપાળ, પાસાંઓ અને પીઠોને ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફસ માટે ભેગુ કર્યું હતું, તો હવે (તેનો સ્વાદ) ચાખો, જે એકત્ર કરતા હતા. *(સૂ. તૌબા, ૯/૩૪, ૩૫)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું, કોઈ રૂપિયો બીજા રૂપિયા પર મૂકવામાં નહીં આવે, ન કોઈ અશરફી બીજી અશરફી પર, બલ્કે ઝકાત આપનારનું શરીર એટલુ મોટુ કરી દેવામાં આવશે કે લાખો કરોડો રૂપિયા ભેગા ક્યા હોય તો દરેક રૂપિયાનો અલગ ડામ આપવામાં આવશે. *(તિબ્રાની કિલ કબીર, બહારે શરીઅત)*

## ઝકાત ન આપનારાઓ આ ફર્માને રસૂલ ધ્યાનમાં લેશે ?

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, "જેને અલ્લાહ માલ આપે અને તે તેની ઝકાત અદા કરે નહીં તો તે માલ ગંજા (ટાલવાળા) સાપના સ્વરૂપમાં કરી દેવામાં આવશે જેના માથા પર બે ડાઘ હશે. તે સાપ તેના ગળામાં હાર બનાવીને નાખી દેવામાં આવશે. પછી તેનાં ગલફોળાં પકડશે અને કહેશે, "હું તારો માલ છું ! તારો ખઝાનો છુ ! ........... ઈમામ અહમદની રિવાયત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી એ છે કે જે માલની ઝકાત આપવામાં આવી નથી તે કયામતમાં ગંજો સાપ બનશે અને માલિકને દોડાવશે, તે દોડશે ત્યાં સુધી કે (છેવટે) પોતાની આંગળીઓ તેના મુખમાં નાખી દેશે.

તેમજ તિબ્રાનીએ અવસતમાં બુરૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે **જે કૌમ ઝકાત આપશે નહીં તેને અલ્લાહ તઆલા દુકાળમાં સપડાવશે.** બીજી હદીષમાં છે ? જે માલ નષ્ટ થાય છે જમીન તથા પાણીમાં તે ઝકાત ન આપવાના કારણે નષ્ટ થાય છે.

વળી સહીહૈનમાં અહનફ બિન કૈસથી રિવાયત છે કે સૈયદના અબૂ ઝર رضی اللہ عنہએ ફર્માવ્યું, તેમની છાતીના ભાગ ઉપર જહન્નમનો ગરમ પથ્થર મૂકશે કે તોડીને છાતીમાંથી નીકળી જશે. અને સહીહ મુસ્લિમ શરીફમાં એમ પણ છે કે મેં નબી કરીમ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે પીઠ તોડીને પાસામાંથી નીકળશે અને બોચી તોડીને કપાળમાંથી નીકળશે.

આ પ્રકારના તેમજ અન્ય અનેક અઝાબો હદીષોની કિતાબોમાં દર્શાવવામાં આવેલા છે. જો કુર્આન હદીષ પર આપણુ ઈમાન છે તો આપણે સાવધાન થઈ જવું જોઈએ, અને સહીહ ગણત્રી કરીને વહેલા તકે માલોની પૂરેપૂરી ઝકાત અદા કરવી જોઈએ અને જેમની પાછલી ઝકાતો રહી ગઈ હોય તેમણે પણ પાછલી ગણત્રી કરીને ઝકાતો અદા કરી દેવી જોઈએ.

## ઝકાતનો માલ કોને આપવામાં આવે કોને નહીં ?!

ઘણા લોકો ઝકાત કાઢતા તો હોય છે પણ ઝકાત કોને આપવી જોઈએ તેનું જ્ઞાન ન હોવાથી ઝકાતની

રકમ ખોટા હાથોમાં જતી રહે છે અને ઘણીવાર ઝકાત આપનારની ઝકાત અદા પણ થતી નથી. જેમ કે ઝકાતનો હક્કદાર સુન્ની હોય, કોઈ **વહાબી, શીઆ વગેરે કે ગૈર મુસ્લિમને ઝકાત આપવાથી ઝકાત અદા થતી જ નથી. કેટલાક ઠેકાણે બાકાયદા જાહેરાતો કરીને "મોર્ડન એજ્યુકેશન" માટે તથા "સ્કૂલ" કે "હોસ્પિટલ" બનાવવા કે તેના કામોમાં ઝકાત ઉઘરાવવામાં આવે છે અને ઘણા લોકો હજારો લાખો ઝકાતના આપી દે છે તેમની ઝકાત અદા થશે નહીં.** આ બાબતના ફત્વા ઉચ્ચ કોટીના સુન્ની ઉલમા મુફતીના અમારી પાસે મૌજૂદ છે. વળી આ રીતે ઝકાત ભેગી કરનારા સુન્ની કહેવાતા અથવા ગૈર સુન્ની બાતિલ ફિર્કાવાળા પણ હોય છે અને ઝકાતની રકમ સુન્ની ગૈર સુન્ની ગમે તેના કામમાં વપરાતી હોય છે, જેથી એ રીતે પણ ઝકાત અદા થતી નથી. **જે લોકો ગફલતમાં પોતાની ઝકાત આવી જગ્યાએ આપતા હોય તેઓ સમજે અને પાછલી આપેલી ઝકાતો ગણીને ફરી યોગ્ય ઠેકાણે ઝકાત આપે.**

ઝકાત આપવામાં ગરીબ જરૂરતમંદ કે મહેનત કરવા છતાં પહોંચી ન શકતો હોય, સાહિબે નિસાબ ન હોય, વિધવા, યતીમ વગેરેને ઝકાત આપતી વખતે ખાસ લક્ષમાં રાખવાં. ગરીબ દીકરીઓની શાદીમાં જે શાદી ટૂંકમાં સાદગીથી કરવા માગતા હોય તેમને ઝકાત આપવી, નહીં તો આજકાલ તો ચોતરફથી ઝકાત ઉઘરાવીને ધામધૂમથી પણ શાદીઓ કરવામાં આવે છે, જેમાં સેંકડોને દાવતમાં નોતરે છે અને સ્ટેજ પ્રોગ્રામોમાં હજારો એવા લોકો પણ ખર્ચતા જોવા મળી રહ્યા છે !

બહારના રાજ્યોથી કે બહારના શહેરોથી ચંદા માટે આવનારા રીક્ષાઓમાં માઈકો લગાડી શોર મચાવીને ઝકાત ઉઘરાવી જતા હોય છે, એમાં ઘણા છેતરપિંડી કરનારા પણ હોય છે, બનાવટી રસીદોવાળા પણ રાજ્ય બહારથી આવતા હોય છે, બલ્કે મુસ્લિમ જેવો દેખાવ કરીને બુર્ખા પહેરીને ગૈર મુસ્લિમો પણ રમઝાનમાં ઝકાત ઉઘરાવવા નીકળી પડે છે. જેથી અજાણ્યાને આપતાં પહેલાં વિચાર કરવો અને તેહકીક શક્ય ત્યાં સુધી કરીને ઝકાત આપવી જોઈએ.

## દીની ઈદારાઓ જેઓ ઈલ્મે દીન ફેલાવે છે તેમની જરૂર મદદ કરો

આપણા મુસ્લિમ સમાજમાં દીન ઈમાનની સલામતી દીની ઈદારાઓ જેઓ હાફિઝ, કારી, આલિમ, મુફતી, મુબલ્લિગ, ઈમામો પેદા કરી રહ્યા છે તેમને જરૂરથી ઝકાત, લિલ્લાહ, સદકા વગેરેથી સહાય કરવી જોઈએ. પહેલાના જમાનામાં ઈસ્લામી બાદશાહો મદ્રસા/દારુલ ઉલૂમોની મદદ કરતા હતા જેથી કામ ચાલી જતુ હતું. પણ હવે ગવર્નમેન્ટો તરફથી એ આશા રહી નથી બલ્કે માહોલ કાંઈક વિપરિત થતો જઈ રહ્યો છે ! એવા સંજોગોમાં મુસલમાનોની ફરજ બને છે દીની ઈદારાઓને ખાસ મદદ કરે અને ઈલ્મે દીનને ઝિંદા રાખવામાં સહાયભૂત થાય, મદ્રસા હશે તો જ દીન ઈમાનની રોશની બાકી રહેશે, આપણા માહોલમાં ઈસ્લામનુ નૂર બાકી રહેશે. દીની મદ્રસા હશે તો જ મસ્જિદોના ઈમામો, ખતીબો મળી શકશે, ઈલ્મે દીનનો ફેલાવો થશે તો જ મસ્જિદોની રોનક, નમાઝીઓની અધિકતા બાકી રહેશે, ઈમાન અકીદા સલામત રહેશે. જ્યાં દીની મદ્રસા ગાયબ હશે ત્યાં બેદીની ફેલાઈ જશે અને મુસલમાનોનું નામ નિશાન પણ નષ્ટ થઈ જશે. જેમ કે ઈતિહાસ એના માટે સાક્ષી છે. ટૂંકમાં પૂરી તેહકીક સાથે દીની સુન્ની ઈદારામાં જરૂર ઝકાત આપવી જોઈએ કે તેઓ તેનો હીલએ શરઈ (શરીઅત પ્રમાણે પ્રોસેસ) કરીને વાપરશે જેમાં તમારી ઝકાત અદા થવામાં કોઈ શંકા રહેશે નહીં. અલ્લાહ સૌને નેક તૌફીક બખ્શે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

فَلَمَّا جَنَّ عَلَيْهِ الَّيْلُ رَاٰ كَوْكَبًا ۚ قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّآ اَفَلَ قَالَ لَآ
اُحِبُّ الْاٰفِلِيْنَ ﴿٧٦﴾ فَلَمَّا رَاَ الْقَمَرَ بَازِغًا قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّآ اَفَلَ
قَالَ لَئِنْ لَّمْ يَهْدِنِيْ رَبِّيْ لَاَكُوْنَنَّ مِنَ الْقَوْمِ الضَّآلِّيْنَ ﴿٧٧﴾ فَلَمَّا رَاَ
الشَّمْسَ بَازِغَةً قَالَ هٰذَا رَبِّيْ هٰذَآ اَكْبَرُ ۚ فَلَمَّآ اَفَلَتْ قَالَ يٰقَوْمِ
اِنِّيْ بَرِيْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿٧٨﴾ اِنِّيْ وَجَّهْتُ وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ
السَّمٰوٰتِ وَ الْاَرْضَ حَنِيْفًا وَّ مَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿٧٩﴾ وَ حَآجَّهٗ
قَوْمُهٗ ؕ قَالَ اَتُحَآجُّوْٓنِّيْ فِي اللّٰهِ وَ قَدْ هَدٰىنِ ؕ وَ لَآ اَخَافُ مَا
تُشْرِكُوْنَ بِهٖٓ اِلَّآ اَنْ يَّشَآءَ رَبِّيْ شَيْـًٔا ؕ وَسِعَ رَبِّيْ كُلَّ شَيْءٍ عِلْمًا ؕ
اَفَلَا تَتَذَكَّرُوْنَ ﴿٨٠﴾ وَ كَيْفَ اَخَافُ مَآ اَشْرَكْتُمْ وَ لَا تَخَافُوْنَ
اَنَّكُمْ اَشْرَكْتُمْ بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ عَلَيْكُمْ سُلْطٰنًا ؕ فَاَيُّ
الْفَرِيْقَيْنِ اَحَقُّ بِالْاَمْنِ ۚ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٨١﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَ
لَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ لَهُمُ الْاَمْنُ وَ هُمْ
مُّهْتَدُوْنَ ﴿٨٢﴾ وَ تِلْكَ حُجَّتُنَآ اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ ؕ نَرْفَعُ
دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٨٣﴾

## સૂરએ અનઆમની તફસીર

પછી જ્યારે તેમના પર રાતનો અંધકાર આવ્યો, જોયો એક તારો.[૨૫૧] બોલ્યા, 'આને મારો રબ ઠેરવો છો ?' પછી જ્યારે તે આથમી ગયો, બોલ્યા, 'મને આથમી જનાર ગમતા નથી. (૭૬) પછી જ્યારે ચંદ્ર પ્રકાશિત જોયો, બોલ્યા, ''આને મારો રબ કહો છો ?'' પછી જ્યારે તે અસ્ત થયો, કહ્યું, 'જો મને મારો પરવરદિગાર માર્ગદર્શન ન આપત તો હું પણ આ ગુમરાહોમાં જ હોત[૨૫૨] (૭૭) પછી જ્યારે સૂર્ય ચકચકિત જોયો, બોલ્યા, આને મારો રબ કહો છો ?[૨૫૩] આ તો તે બધાથી મોટો છે. પછી જ્યારે તે ડૂબી ગયો બોલ્યા, 'અય કૌમ ! હું બેઝાર છું તે વસ્તુઓથી જેને તમે ભાગીદાર ઠરાવો છો[૨૫૪] (૭૮) મેં મારું મોઢું તેની તરફ કર્યું જેણે આસ્માન અને જમીન બનાવ્યાં, એક તેનો જ થઈને.[૨૫૫] અને હું મુશ્રિકોમાં નથી. (૭૯) અને તેમની કૌમ તેમની સાથે ઝઘડવા માંડી, કહ્યું, શું અલ્લાહ બાબત મારાથી ઝઘડો છો ? તો તે મને માર્ગ બતાવી ચૂક્યો.[૨૫૬] અને નથી મને ડર તેમનો જેમને તમે (અલ્લાહના) ભાગીદાર બતાવો છો.[૨૫૭] હા ! જો મારો પરવરદિગાર જ કોઈ વાત ઈચ્છે.[૨૫૮] મારા રબનું ઈલ્મ દરેક વસ્તુને ઘેરી

*વળેલું છે. તો શું તમે શિખામણ માનતા નથી ? (૮૦) અને હું તમારા ભાગીદારોથી કેમ કરી ડરું ?[૨૫૯] અને તમે નથી ડરતા કે તમે તેને અલ્લાહનો ભાગીદાર ઠરાવ્યો, જેનો તમારા પર તેણે કોઈ આધાર નથી ઉતાર્યો. તો બન્ને પક્ષોમાં શાંતિનો વધારે હકદાર કોણ છે ?[૨૬૦] જો તમે જાણતા હોવ (૮૧) તેઓ જે ઈમાન લાવ્યા અને પોતાના ઈમાનમાં કોઈ નાહકની ભેળસેળ ન કરી, તેમના માટે જ શાંતિ છે, અને તેઓ જ માર્ગ પર છે. (૮૨) અને આ અમારી દલીલ છે કે અમે આપી ઈબ્રાહીમને તેની કોમ પર અમે જેને ઈચ્છીએ (તેને) કંઈ કેટલાએ દરજા ઉંચો કરીએ.[૨૬૧] બેશક ! તમારો રબ ઈલ્મ અને હિકમતવાળો છે (૮૩)*

## :: સમજૂતી ::

**૨૫૧ :** તફસીરકાર વિદ્વાનો અને ઈતિહાસ કારોનું કહેવું છે કે નમરૂદ ઈબ્ને કિન્આન ઘણો જુલ્મી અને અત્યાચારી રાજા હતો. માથે મુગટ ધારણ કરનાર સર્વ પ્રથમ એ જ હતો. એ રાજા લોકો પાસે એની પૂજા કરાવતો હતો. જ્યોતિષીઓ અને ભવિષ્યવેત્તાઓ મોટી સંખ્યામાં એના દરબારમાં હાજર રહેતા હતા. નમરુદે સ્વપ્ન જોયું કે એક તારાનો ઉદય થયો છે જેના પ્રકાશથી ચંદ્ર અને સૂર્ય ઝાંખા થઈ ગયા છે. એનાથી તે ખૂબ ડરી ગયો, જ્યોતિષને એની તાબીર (સ્વપ્નનું અર્થઘટન) પૂછયું. તેમણે કહ્યું કે, "આ વરસે તારા રાજ્યમાં એક બાળક જન્મશે, જે તારા રાજયનું પતનનું કારણ બનશે, અને તારો ધર્મ પાળનારાઓ તેના હાથે નાશ પામશે."

આ વાત સાંભળીને તે બેચેન બની ગયો અને હુકમ બાહર પાડયો કે, "જે બાળક જન્મે તેનો વધ કરવામાં આવે, અને સ્ત્રીઓને પુરૂષોથી અલગ રાખવામાં આવે." અને એ વાતની સંભાળ માટે એક ખાતુ ખોલવામાં આવ્યું. પણ અલ્લાહે નિર્મેલ વાતને કોણ રોકી શકે છે ? હઝરત ઈબ્રાહીમ علیہ السلامની માતાને ગર્ભ રહ્યો. અને જ્યોતિષોએ નમરૂદને એ વાતની ખબર પણ આપી દીધી કે બાળક ગર્ભમાં આવી ગયું છે. પણ હઝરતની અમ્મા સાહેબાની વય નાની હતી એટલે તેમનો ગર્ભ કોઈને જાણમાં ન આવ્યો. પછી જ્યારે જન્મનો સમય નજીક આવ્યો ત્યારે તેઓ એક ભોંયરામાં જતા રહ્યાં, જે હઝરતના પિતાએ શહેરથી દૂર ખોદીને તૈયાર રાખ્યું હતું, ત્યાં આપનો જન્મ થયો. અને ત્યાં જ આપ રહ્યા. પથ્થરો વડે તે ભોંયરાનું મોઢું બંધ કરી દેવામાં આવતું હતું. દરરોજ આપના અમ્મા સાહેબા ત્યાં જઈ આપને દૂધ પીવડાવી આવતાં હતાં. અને જ્યારે પહોંચતાં ત્યારે જોતા કે આપ પોતાની આંગળી ચૂસી રહ્યા છે, અને તેમાંથી દૂધ નીકળે છે. આપ ખૂબ જલ્દી મોટા થતા હતા. એક મહિનામાં એટલા વધી જતા જેટલાં બીજા બાળકો એક વર્ષમાં વધે છે.

આપ ભોંયરામાં કેટલી મુદ્દત રહ્યા તે બાબત મતભેદ છે, અમુક ૭ વરસ, અમુક ૧૩ વરસ, અને અમુક લોકો ૧૭ વરસ કહે છે.

એ બાબત ચોક્કસ છે કે પૈગમ્બર દરેક હાલતમાં માસૂમ હોય છે. તેઓ પોતાના અસ્તિત્વના આરંભથી જીવનના દરેક તબક્કે આરિફ (અલ્લાહની ઓળખ ધરાવનાર) હોય છે. એક દિવસે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની માતાથી પૂછયું, "મારો પાલનહાર કોણ છે ?" "હું" માતાએ કહ્યું, "તમારો પાલનહાર કોણ છે ?" "તારા પિતા" તેમનો પરવરદિગાર કોણ છે ?" "ચુપ થઈ જા" માતાએ કહ્યું.

પછી પોતાના પતિને જઈને કહ્યું, "જે બાળક વિશે વાત પ્રચલિત છે કે તે ધરતીમાં રહેનારાઓનો ધર્મ બદલી નાખશે, તે તમારો જ પુત્ર છે અને પછી

www.barkatekhwaja.net

એમનો વાર્તાલાપ કહી સંભળાવ્યો.

હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ શરૂઆતથી જ તવહીદ (અલ્લાહનું એક હોવું)ની તરફેણ અને કુફ્રી માન્યતાઓનો રદીયો શરૂ કરી દીધો. અને જ્યારે એક કાણામાંથી એક રાત્રે આપ ઝોહરા અથવા મુશ્તરી (સીતારાઓનાં નામ)ને જોયા ત્યારે દલીલો સ્થાપિત કરવાનુ શરૂ કરી દીધું, કારણ કે તે સમયના લોકો મૂર્તિપૂજા અને તારાપૂજા કરતા હતા. તેથી આપે ખૂબ જ સરસ અને હૃદયમાં બેસી જાય એવી રીતે તેમને વિચાર અને દલીલો તરફ દોર્યા જેનાથી તેઓ એ પરિણામ ઉપર આવ્યા કે જગત પૂરેપુરુ નાશવંત છે, માટે (એની કોઈ વસ્તુ) અલ્લાહ હોઈ શકતી નથી. એ પોતે જ બનાવનાર અને તંત્ર ચલાવનારનું મોહતાજ છે, જેની કુદરત અને અધિકારથી એમાં ફેરફાર થયા કરે છે.

**૨૫૨** : એમાં કોમને ચેતવણી છે કે જે ચંદ્રને અલ્લાહ માનશે તે સીધા માર્ગથી ભટકી ગયેલ છે, કારણ કે એનું એક પરિસ્થિતિથી બીજી પરિસ્થિતિમાં પરિવર્તન થવું એ તેના નાશવંત હોવાની દલીલ છે.

**૨૫૩** : શમ્સ (આયતમાં સૂર્ય માટે વપરાએલ શબ્દ) બિન વાસ્તવિક નારી જાતી છે. એના માટે (અરબી વ્યાકરણમાં) નર અને નારી જાતી બન્નેનાં વિશેષણો ઉપયોગી શકાય છે. અહીં (આયતમાં) "હાઝા નરવા ચક" શબ્દ (શમ્સ માટે) વપરાયો છે. એમાં અદબની તાલીમ છે કે (આયતમાંના) રબ શબ્દના લીધે નારીવાચક શબ્દ વાપરવામાં આવ્યો નથી. એટલા માટે જ અલ્લાહ તઆલાની સિફત (ગુણ) અલ્લામ (નરવાચક) આવે છે, અલ્લામહ (નારી વાચક) નહીં.

**૨૫૪** : હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ સાબિત કરી આપ્યું કે તારાઓમાં નાનાથી લઈને મોટા સુધી એક પણ અલ્લાહ બનવાની લાયકાત ધરાવતો નથી. એમનું અલ્લાહ હોવું અસત્ય છે. અને કૌમ જે શિર્કમાં સંડોવાએલી છે, તેનાથી આપે બેઝારી જાહેર કરી. ત્યાર બાદ સાચો ધર્મ ઉપદેશ આપ્યો, જે આગળ આવે છે.

**૨૫૫** : એટલે કે ઈસ્લામ સિવાય બીજા તમામ ધર્મથી અલગ રહીને.

**મસ્અલો** : આથી જણાયું કે સાચા દીનની સ્થાપના અને મજબૂતાઈ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે બીજા બધા ધર્મોથી બેઝારી (અસંબંધતા) હોય.

**૨૫૬** : પોતાની તવહીદ અને ઓળખનો.

**૨૫૭** : કારણ કે તે તો નિર્જીવ મૂર્તિઓ છે, નુકશાન પહોંચાડી શકે ન ફાયદો, એમનાથી શું ડરવાનું ? આવું એમણે મુશ્રિકોને જવાબમાં કહ્યું હતું, જ્યારે કે એમને મુશ્રિકો એ કહ્યું હતું કે, "મૂર્તિઓથી ડરો ! તેમને ખરાબ કહેવાથી ક્યાંક તમને નુકશાન ન થાય."

**૨૫૮** : તો તે થશે. કારણ કે સર્વસત્તાધિશ છે.

**૨૫૯** : જેઓ નિર્જીવ, હલન ચલન ન કરી શકનાર, અને તદ્દન લાચાર છે.

**૨૬૦** : એક ખુદાને માનનાર ? કે તેનાં ભાગીદાર ઠરાવનાર ?

**૨૬૧** : ઈલ્મ અને બુધ્ધિ તેમજ શ્રેષ્ઠતા આપીને. જેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના દરજ્જા બુલંદ કર્યા. દુનિયામાં ઈલ્મ, અકલમંદી, અને નબુવ્વત આપીને. અને આખિરતમાં નઝદીકી અને સવાબ આપીને.

• • •


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે અમને નબી صلی اللہ علیہ وسلم અત્તહિય્યાત એવી રીતે શીખવાડતા હતા જેવી રીતે કુર્આનની સૂરત શીખવાડતા.[૧] ફર્માવતા હતા કે બરકતવાળી તહિય્યતો અને તૈયબ નમાઝો અલ્લાહના માટે છે. હે નબી ! આપના પર સલામ અને અલ્લાહની રહમતો થાય. અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ થાય. હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ અલ્લાહના રસૂલ છે.[૨] (મુસ્લિમ) મેં સહીહૈનમાં અને સહીહૈનની જામેઅમાં સલામ અલૈક તથા સલામુ અલૈના અલિફ લામ વિના ન પામ્યાં, પરંતુ એને જામેઅવાળાએ તિર્મિઝીથી રિવાયત કરી."*

**૧.** એટલે કે જેવી વ્યવસ્થા (કાળજી) કુર્આન શરીફને શીખવવામાં કરતા હતા એવી જ અત્તહિય્યાતને શીખવામાં પણ કરતા. આના પરથી જણાય રહ્યું છે કે નમાઝમાં التحیات વાજિબ છે.

**૨.** આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની અત્તહિય્યાત છે. ઈમામ શાફઈએ એને જ અપનાવી. ઈમામ અબૂ હનીફા તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ અને મોટાભાગના સહાબા તથા તાબઈને હઝરત ઈબ્ને મસ્ઊદની અત્તહિય્યાતને લીધી જે પહેલાં ગુજરી ચૂકી. અલ્લામા ઈબ્ને હજર ફર્માવે છે કે ઈબ્ને મસ્ઊદની અત્તહિય્યાતની હદીષ ઘણી જ સહીહ છે. મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલમાં છે કે નબી صلی اللہ علیہ وسلم એ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે આ અત્તહિય્યાતની સૌને તાલીમ આપો. અને ઈમામ માલિકની અત્તહિય્યાત તે છે જે સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ થી મરવી છે : اَلتَّحِیَّاتُ لِلّٰہِ الزَّاکِیَاتُ لِلّٰہِ الطَّیِّبَاتُ لِلّٰہِ السَّلَامُ عَلَیْکَ اَیُّهَا النَّبِیُّ۔۔۔الخ (અશિઅહ)

**૩.** એટલે સાહિબે મસાબીહે હઝરત ઈબ્ને અબ્બાસની التحیات માં સલામ અલિફ લામ વગર નકલ કરી, પણ એવી التحیات તિર્મિઝી સિવાય અન્ય ક્યાંય નથી. જેથી આ હદીષ મસાબીહના લેખકે પ્રથમ વિભાગમાં ન લાવવી જોઈતી હતી.

### (વિભાગ : ૨) الفصل الثانی

*"હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે, તે રસૂલૂલ્લાહ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે. ફર્માવે છે કે પછી હુઝૂર صلی اللہ علیہ وسلم બેઠા[૧] તો પોતાનો ડાબો પગ બિછાવ્યો, પોતાનો ડાબો હાથ ડાબી જાંગ પર રાખ્યો અને પોતાની જમણી કોણી પોતાની જમણી જાંગ પર લાંબી કરી.[૨] બે આંગળીઓ બંધ કરી અને વર્તુળ બનાવ્યુ[૩] પછી પોતાની આંગળી શરીફ ઉઠાવી. મેં આપને જોયા કે તેને હલાવતા હતા, એના વડે ઈશારો કરતા હતા.[૪]" (અબૂ દાઊદ, દારમી)*

**૧.** આ હદીષ એક મોટી હદીષનો ટુકડો છે. જેમાં વાઈલ ઈબ્ને હજર ફર્માવે છે કે હું એકવાર હુઝૂર صلی اللہ علیہ وسلم ના આસ્તાના શરીફ પર એટલા માટે હાજર થયો કે હું આપની નમાઝ જોઉં. તો મેં જોયું કે હુઝૂર صلی اللہ علیہ وسلم ઉભા થયા, કિબ્લા તરફ મોં કર્યું, તકબીર કહી, કાનો સુધી હાથ ઉઠાવ્યા ત્યાં સુધી કે છેવટમાં ફર્માવ્યું પછી બેઠા...છેવટ સુધી.

www.barkatekhwaja.net

**૨.** એટલે કે પોતાના હાથ આમતેમ ફેલાવ્યા નહીં, બલ્કે જાંગના બરાબર રાખ્યા. એ મતલબ નહીં કે કોણીઓ જાંગ પર રાખી.

**૩.** એટલે વચલી આંગળીનું અંગૂઠાથી વર્તુળ બનાવ્યું, જેવો કે આપણા લોકોનો અમલ છે.

**૪.** અહીં હલાવવાથી મુરાદ આંગળીને ઉઠાવવું છે તથા પાડવું છે. કેમ કે એમાં પણ આંગળીને હરકત થાય છે. જેથી આ હદીષ આગલી હદીષની વિરૂધ્ધ નથી જેમાં ફર્માવવામાં આવ્યું કે આપ આંગળી હલાવતા ન હતા. આ હનફીઓની વિરૂધ્ધ નથી.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે દુઆ કરતા તો પોતાની આંગળી વડે ઈશારો કરતા પણ એને હલાવતા ન હતા.[1] (અબૂ દાઊદ, નિસાઈ) અબૂ દાઊદે એટલો ઉમેરો કર્યો કે આપની નિગાહ ઈશારાથી આગળ ન વધતી.[2]"*

**૧.** આ દુઆથી મુરાદ કલમએ શહાદત છે, કેમ કે દુરૂદ, રબની હમ્દો ષના તથા હુઝૂર ﷺની નઅત સૌ પર્દા હેઠળ દુઆઓ છે. ફકીરનું ગનીના દરવાજા પર આવીને કહેવું, આપ ઘણા સખી છો, દાતા છો એ પર્દા પાછળ માગવું છે. ન હલાવવાનો મતલબ એ છે કે આંગળી ઉઠાવીને તેને ઝુમાવતા ન હતા.

**૨.** એટલે કે ઈશારા વખતે આપ આંગળીને જોતા હતા. યાદ રાખશો કે નમાઝની બેઠકમાં નજર ખોળામાં હોવી જોઈએ પણ ખોળામાં નિગાહ હોવાની સ્થિતિમાં આંગળી સારી પેઠે દેખાય આવે છે. રાવીનો મતલબ એ છે કે આપ ઈશારા વખતે આસમાન કે સજદાગાહ જોતા ન હતા.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ પોતાની બે આંગળીઓ વડે ઈશારો કરતો હતો.[1] હુઝૂર ﷺએ ફર્માવ્યું, એકથી કરો, એકથી કરો.[2]" (તિર્મિઝી, નિસાઈ, બયહકી, દઅવાતે કબીર)*

**૧.** આ ઈશારો કરનારા સાહબ હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ છે જેવું કે અબૂ દાઊદ તથા નિસાઈની રિવાયતમાં છે. અને બે આંગળીઓથી મુરાદ જમણા કે ડાબા હાથની શહાદતવાળી આંગળીઓ છે, ન કે એક હાથની બે આંગળીઓ, જેમ કે મિર્કાત તથા અશિઅહ વગેરેમાં છે.

**૨.** એટલે કે જમણા હાથની કલમાની આંગળીથી ઈશારો કરો, ડાબા હાથની કોઈ આંગળી ન ઉઠાવો.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ એનાથી મના કર્યું કે કોઈ નમાઝમાં પોતાના હાથ પર ટેકો લગાડીને બેસે.[1] (અહમદ, અબૂ દાઊદ) એની જ એક રિવાયતમાં છે, એનાથી મના કર્યું કે બંને હાથો પર ટેકો લગાડે જ્યારે નમાઝમાં ઉઠે.[2]"*

**૧.** એટલે કે નમાઝમાં પોતાની તાકતથી બેસવું જોઈએ. જમીન કે ગુઠણો પર હાથ રાખવા અને એના પર શરીરનો બોજ નાખવો મના છે. આ હાલતમાં હાથ ઢીલા રહે.

**૨.** એટલે કે સજદાથી ઉઠતી વખતે હાથો પર ટેક લગાડવું મના છે, બલ્કે ગુઠણો તથા જાંગો પર જોર દઈને ઉઠે. આ હદીષ અહનાફની દલીલ છે કે બીજી તથા ચોથી રકાતમાં જલ્સાએ ઈસ્તેરાહત ન કરવામાં આવે, કેમ કે આ સ્થિતિમાં હાથો પર જરૂર ટેક લગાડવી પડે છે. જે રિવાયતોમાં આ બેઠકનું સબૂત છે, ત્યાં વૃધ્ધાવસ્થા કે બીમારીની મજબૂરીઓ મુરાદ છે.

www.barkatekhwaja.net

## શરહે હ઼દાઈકે઼ બખ્શિશ ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**નઝઅ઼મેં લૌટેગા ખાકે દર પે શયદા નૂર કા**
**મરકે ઓળહેગી ઉ઼રૂસે જાં દુપટ્ટા નૂર કા**

*(ઉ઼રૂસ = દુલ્હન)*

**અર્થાત :** જાંકનીના સમયે ઈન્શાઅલ્લાહ ! આપનો આશિક઼ આપના જ દરની ખાક પર લોટ પોટ થઈને જાન આપશે અને આ આશિકે ઝારની જાનની દુલ્હન (રૂહ) મૃત્યુ બાદ નૂરનો દુપટ્ટો ઓઢશે.

يٰۤاَيَّتُهَا النَّفْسُ الْمُطْمَىِٕنَّةُ ارْجِعِيْۤ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً فَادْخُلِيْ فِيْ عِبٰدِيْ وَادْخُلِيْ جَنَّتِيْ

"હે ઈત્મિનાનવાળી રૂહ ! પરત આવી જા પોતાને પાલવનારની તરફ એ હાલમાં કે તું એનાથી રાજી અને તે તારા પર રાજી. મારા બંદાઓમાં દાખલ થઈને મારી જન્નતમાં દાખલ થઈ જા." *(સૂ. ફજર, ૮૯/૨૭ થી ૩૦ )*

મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ આ શેઅરના ભાવાર્થને તમન્નાના અંદાઝમાં આ પ્રમાણે અદા કરે છે :

*દિલ દર્દસે બિસ્મિલકી તરહ લોટ રહા હો–સીનેપે તસલ્લીકો તેરા હાથ ધરા હો*
*ગર વક઼્તે અજલ સર તેરી ચૌખટપે ઝુકા હો–જિતની હો ક઼ઝા એક હી સજદેમેં અદા હો*

**તાબે મહરે હશ્રસે ચૌંકે ન કુશ્તા નૂર કા**
**બુંદિયાં રહમતકી દેને આઈ છીંટા નૂર કા**

*(મહર હશ્ર = ક઼યામતનો સૂરજ. ચૌંકના = ઝબકીને જાગવું. કુશ્તા = ક઼ત્લ થયેલ. બુંદિયાં = ટીપાંઓ, છીંટા = છાંટા)*

**અર્થાત :** નૂરના ક઼દમો પર જાન દેવાવાળા (ઈશ્કે઼ મુસ્તફા ﷺમાં ક઼ત્લ થનાર)ને મેહશરનો તાપ પણ જગાડી શકશે નહીં. જે રહમતવાળા આક઼ાના ઈશ્ક઼માં જાન આપી છે એ જ રહમતુલ્‌લિલ્આલમીનની રહમતના છાંટાઓથી આ મુડદુ ઝિંદા થશે, કેમ કે એ જાહેરી રીતે મરેલો જણાય છે પણ હક઼ીક઼તમાં ઈશ્કે઼ રસૂલ ﷺના નશાના કારણે મસ્ત છે. (وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ) "અને જે ખુદાની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો બલ્કે તેઓ ઝિંદા છે, હા ! તમને ખબર નથી." *(સૂ. બક઼રહ, ૨/૧૫૪)*

*દિલમેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો–ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો*
*ઉસકી ક઼િસ્મત પે ફ઼િદા તખ્તે શહી કી દૌલત–ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો*

www.barkatekhwaja.net

**વઝએ વાઝેઅ મેં તેરી સૂરત હૈ મઅના નૂર કા**
**યૂં મજાઝન્ ચાહેં જિસકો કહ દેં કલમા નૂર કા**

*(વઝએ વાઝેઅ = બનાવનારની બનાવટ. મઅના = મક઼સદ, હેતુ. મજાઝન = મુરાદ લેવું)*

**અર્થાત :** હે મારા નૂરવાળા આક઼ા ! આપને બનાવનારાએ આપની શકલો સૂરતને નૂરનો પણ ખુલાસો બનાવ્યો છે (કેમ કે આપ સિરાજમ્મુનીર છે. સિરાજ (સૂરજ) કેવળ પોતે જ નૂર નથી હોતો, બીજાઓને પણ નૂર આપે છે. મજાઝન્ તો દરેક ચીજ પર નૂર બોલી શકાય છે, પણ આપની તો હક઼ીક઼તને અલ્લાહે ખુદ પોતાના નૂરના જલ્વા વડે બનાવેલ છે. (اوّل ما خلق اللّٰہ نوری۔ قد جاء کم من اللّٰہ نور "સૌથી પ્રથમ મખ્લૂક઼ મારું નૂર છે." "બેશક ! અલ્લાહે પોતાના તરફથી નૂર મોકલ્યું.") એટલા માટે હક઼ીક઼ી શિફા તથા હક઼ીક઼ી નજાત તથા કામયાબી આપના જ દામનની સાથે જોડાયેલી મળશે. અને ذکرت ذکرت معی اذا ذکرار سولا۔ની રોશનીમાં દિલને ઈત્મિનાન પણ આપના જ ઝિક્રથી મળે છે. કેમ કે આપ સરાપા ઝિક્રે ખુદા છે.

**અંબિયા અજઝા હૈ તૂ બિલ્કુલ હૈ જુમ્લા નૂર કા**
**ઈસ ઈલાકે઼સે હૈ ઉન પર નામ સચ્ચા નૂર કા**

*(અજઝા = હિસ્સા, ભાગ. જુમ્લા = તમામ. ઈલાક઼ા = સંબંધ)*

**અર્થાત :** (اول ما خلق اللّٰہ نوری، انا من نور اللّٰہ والخلق کلھم من نوری ની રોશનીમાં) તમામ અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ ﷺ આપ ના નૂરના ફયઝાન હોવાના કારણે આપના હિસ્સાની હેસિયત ધરાવે છે. (સર્વ નબીઓના મો'જિઝાઓ, હુસ્નો જમાલ, ફઝ્લો કમાલ હુઝૂર ﷺની જાતમાં શ્રેષ્ઠ કક્ષાએ મૌજૂદ છે) તેમને જો નૂરનો હિસ્સો મળ્યો છે તો આપ ﷺને સરાપા નૂર બનાવવામાં આવ્યા છે. આ લેહાઝથી એમના ઉપર પણ નૂરનો શબ્દ બોલવામાં આવવું હક્ક઼ તથા સત્ય છે, એટલા માટે તમામ અંબિયાએ કિરામ علیہم السلام પોત પોતાના દૌરમાં આ જ લૌલાકવાળા આક઼ા ﷺનો ઝિક્ર પ્રથમ કરતા હતા અને પોતાનો બાદમાં, અને અહલે કિતાબ જેમને ઈમાન નસીબ થયું તેઓ કહ્યા કરતા હતા કે અમો હુઝૂર ﷺને અમારી ઔલાદથી પણ વધીને જાણીએ પહેચાનીએ છીએ, કેમ કે જાન પેહચાન તેમને તેમની કિતાબો અને તેમના નબીઓ થકી જ મળી હતી. તેઓ હુઝૂર ﷺના ઝિક્રે ખૈરથી જીભોને તર રાખતા હતા.

**યહ જો મહરો માહ પે હૈ ઈત્લાક઼ આતા નૂર કા**
**ભીક તેરે નામ કી હૈ ઈસ્તિઆરા નૂર કા**

*(ઈસ્તિઆરા = માંગેલો, હક઼ીક઼ી તથા મજાઝી અર્થ વચ્ચે સરખામણીનો સંબંધ, ઈત્લાક઼ = બોલવામાં આવવું)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના જ ફર્માનના પ્રમાણે والخلق کلھم من نوری, "પૂરી મખ્લૂક઼ મારા નૂરથી છે." અમે પરિણામ તારવ્યું કે ચાંદ તથા સૂરજનું નૂર તો નૂરે મુસ્તફા ﷺના ફૈઝાનની ખયરાત છે, જેથી એમના માટે નૂરનો શબ્દ બોલવો એ આપના નામનો સદક઼ો છે, અને આપનાથી માગીને લેવામાં આવેલ છે.

**સરમગીં આંખેં હરીમે હક઼્ક઼ કે વો મુશ્કીં ગ઼ઝાલ**
**હૈ ફઝાએ લામકાં તક જિનકા રહના નૂર કા**

*(સરમગીં = સુરમાવાળી. હરીમ = હક્ક઼, અલ્લાહે જેને ઈજ્જત આપી હોય. મુશ્કીં ગ઼ઝાલ = કસ્તૂરીવાળુ હરણ)*



www.barkatekhwaja.net

**અર્થાત :** રાતે પણ દિવસની જેમ જોનાર અને આગળ પાછળ એક સમાન જોનાર કસ્તૂરીથી ભરપૂર હરણની આંખોની જેમ કુદરતી સુરમાવાળી બનેલી મારા આક઼ા ﷺની હસીનો જમીલ આંખો જે નીચે ઝુકે તો નિગાહ તહતુષ્ષરા સુધી જાય અને ઉપર ઉઠે તો નજર અર્શે મુઅલ્લાથી પાર થઈ જાય ! અને :

*જિસ તરફ ઉઠ ગઈ દમમેં દમ આ ગયા—ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ*

**અર્થાત :** એ બાબરકત તથા નૂરાની આંખોનું પોતાના વર્તુળોમાં ઘૂમવું ફરવું પણ નૂર જ નૂર છે, કેમ કે તેમના જ ઈશારાઓથી અમ ગુનેહગારોની નજાત થશે.

**તાબે હુસ્ને ગર્મસે ખિલ જાએંગે દિલ કે કનૂલ**
**નવ બહારેં લાએંગે ગરમીકા ઝલકા નૂર કા**

*(હુસ્ને ગર્મ = અતિશય હસીન. કનૂલ = દરિયાઈ ફૂલ. નીલોફર. નવ બહાર = વસંત ઋતુ. ઝલકા = નઝારો)*

**અર્થાત :** હે બાગે હસ્તીની બહાર ! (વસંત) પ્યારા આક઼ા અહમદે મુખ્તાર ! આપના હુસ્નો જમાલની ગરમી તથા ઉષ્માથી દિલની બંધ કળીઓ ખીલીને નીલોફર (નું ફૂલ) બની જશે અને એ જ ગરમીની ઝલકો (ઝોંકાઓ)થી અમારા દિલની કાઈનાતમાં એક નવી બહાર આવશે જે આપની ઝાતે બાબરકત પર મહબ્બત તથા ઈશ્ક઼માં ઝુમી ઝુમીને દુરૂદો સલામનાં નઝરાણા પેશ કરતી રહેશે તો દરેક ગુલામે મુસ્તફા ﷺ પર આ મૌસમે બહાર જરૂર આવશે.

*યહી દીનો ઈમાં યહી હૈ ઈબાદત—દુરૂદોંકી મેહફિલ હમેશાં સજાએં*
*મૈં નઅતેં પઢું ઝુમકર ઈસ તરહસે—ફરિશ્તે સભી અર્શ પર ઝૂમ જાએં*

**અર્થાત :** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **મારા પર દુરૂદ શરીફ પઢવાવાળાને પુલસિરાત પર નૂર અતા થશે, અને જેને પુલસિરાત પર નૂર અતા થશે તે દોઝખીમાંથી થશે નહીં.**

صَلُّوْا عَلَى الْحَبِيْب۔ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ۔ وَعَلٰى اٰلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ

**ઝર્રે મહરે કુદ્સ તક તેરે તવસ્સુતસે ગએ**
**હદ્દે અવસતને કિયા સુગરાકો કુબરા નૂર કા**

*(ઝર્રે = રજકણો, મામૂલી ચીજ. મહરે કુદ્સ = અલ્લાહની દોસ્તી. તવસ્સુત = વાસ્તો, વસીલો.*
*અવસત = મધ્યમ. સુગરા = સૌથી નાનુ. સૌથી કુબરા = મોટુ)*

**અર્થાત :** મામૂલી ઈન્સાન જેઓ નાચીઝ રજકણોની હૈસિયત ધરાવતા હતા તેમને અલ્લાહ તઆલાની બારગાહ (મહરે કુદ્સ) સુધી પહોંચ યા રસૂલલ્લાહ ! ﷺ આપના વાસ્તાથી જ થઈ. આપ જાણે મધ્યમ રેખા છે જે સુગરાને કુબરાથી મિલાવી દે છે. (મામૂલી જાતને મહાન જાત સુધી પહોંચાડી આપનાર ! રજકણોને સૂરજ, ટીપાંઓને સમુદ્ર બનાવી દેનાર ! બેઝરને બૂઝર અને બિલાલે હબ્શીને રશ્કે ક઼મર કરી દેનાર ! ગદાઓ, બેનવાઓ ફકીરોને બાદશાહોથી ઊંચા બનાવી દેનાર ! આપ જાણે હર્ફે મુશદદનું કામ કરે છે, જેનો સંબંધ પહેલા શબ્દથી પણ હોય છે અને બીજા શબ્દથી પણ આપ ﷺ એક બાજુ (અલ્લાહથી) ફયઝ લે છે અને આ બાજુ (મખ્લૂક઼ને) અતા ફર્માવે છે.

www.barkatekhwaja.net

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ માઈલો દૂરનો કિબ્લો અહીંથી દેખાડયો ! ★

ત્યારબાદ તેમની બુઝુર્ગીની શરહ (ખુલાસા)માં જણાવ્યું કે એકવાર કોઈ ગામમાં મસ્જિદ બનાવવામાં આવી રહી હતી. ખ્વાજા હસન ત્યાં પહોંચ્યા. આબાદીવાળાઓને કહ્યું કે, મેહરાબને આ પ્રમાણે સીધો કરો, કેમ કે ક઼િબ્લો આ તરફ છે, આમ કહીને એક તરફ ઈશારો કર્યો. એક મોલ્વી સાહબ પણ ત્યાં મૌજૂદ હતા, તે ઝઘડવા લાગ્યા કે નહીં ! ક઼િબ્લા રૂખ બીજી બાજુ છે. સારાંશ તેમની વચ્ચે ખૂબ જ બહષ ચાલી. ખ્વાજા હસને મોલ્વી સાહબને કહ્યું, ચહેરો એ બાજુ કરો જે બાજુ હું બતાવી રહ્યો છું અને ધ્યાનપૂર્વક જુઓ. મોલ્વી સાહબે એ તરફ ચહેરો કર્યો તો કા'બાને એ બાજુ જોયો જે તરફ ખ્વાજા હસન બતાવી રહ્યા હતા.

ત્યારબાદ તેમના અહવાલની વિગત બતાવી કે તે ઉમ્મી (કોઈનાથી પઢયા ન હતા) હતા. કાંઈ પઢયા ન હતા. લોકો આવતા હતા અને કાગળ તથા તખ્તી તેમની સામે રાખતા હતા. અમુક લીટીઓ એના પર અમુક ગદ્યમાં તો અમુક પદ્યમાં લખેલી રહેતી હતી. અમુક અરબી તથા અમુક ફારસીમાં દરેક વિષય પર અમુક લાઈનો લખતા હતા, અને એ લીટીઓની વચ્ચે એક લીટી કુર્આન મજીદની આયતની પણ લખી આપતા હતા. પછી તેમને પૂછતા હતા કે આ લીટીઓ વચ્ચે કુર્આન મજીદની લીટી કઈ છે ? તે કુર્આનની આયતની તરફ ઈશારો કરતા કે, આ છે ! તેમને કહેવામાં આવતુ કે આપે તો કુર્આન પઢયું નથી તો આપને કેવી રીતે માલૂમ થયું કે આ કુર્આનની આયત છે ?! ફર્માવતા કે જે નૂર આ લીટીમાં જોઉં છું તે બીજીઓમાં નથી.

### ★ કોઈ નમાઝમાં હોય અને બહારનો શોર સાંભળે !? ★

એ બુઝુર્ગના અહવાલના વિશે નમાઝના શોખમાં ડૂબી જવા વિશે વર્ણન આવ્યું. ફર્માવ્યું કે એક શખ્સ હતા જેમને ખ્વાજા કરીમ કહેતા હતા. એ લગભગ શરૂ શરૂમાં કલાર્ક રહ્યા હતા. આખરમાં દુનિયાના ધંધાઓથી મોં ફેરવી લીધું અને વાસિલોમાંથી થઈ ગયા. જેમ કે મોટાભાગે કહ્યા કરતા હતા કે જ્યાં સુધી મારી કબર દિલ્હીમાં છે ત્યાં સુધી કોઈ કાફિર સવાર નથી થઈ શકતો. તેમની નમાઝમાં હુઝૂરીનો હાલ વર્ણવ્યો કે એકવાર મગરિબની નમાઝના સમયે દરવાજા કમાલની સામે નમાઝમાં મશગૂલ હતા. કદાચ એ જમાનામાં મેવાતીઓનો ઘણો ખતરો હતો. કોઈ પણ અજાણ્યો એ દરવાજાની નજીક અને તેની આસપાસમાં જવાની હિંમત કરતો ન હતો. આ ખ્વાજા

www.barkatekhwaja.net

કરીમ નમાઝમાં મશગૂલ થયા. તેમના સાથી દરવાજા પર ઉભા હતા અને અવાજ આપી રહ્યા હતા કે જલ્દી શહેરમાં આવી જાવ, અને દરવાજાનો દરવાન પણ બૂમો પાડી રહ્યો હતો. સારાંશ એ ખ્વાજા કરીમે પોતાની નમાઝ સંપૂર્ણ હુઝૂરીની સાથે પૂર્ણ કરી. જ્યારે તે એ જગાએથી પરત આવ્યા તો તેમને કહેવામાં આવ્યું કે તમે અમારો કોઈ અવાજ ન સાંભળ્યો ? જવાબ મળ્યો, નહીં ! બોલ્યા, આશ્ચર્ય છે ! અમે આટલો શોર મચાવ્યો અને તમે ન સાંભળ્યું ?! ફર્માવવા લાગ્યા, આશ્ચર્ય તો એના પર છે કે કોઈ નમાઝમાં હોય અને કોઈનો શોર સાંભળે ! ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારથી એ ખ્વાજા કરીમે ખુદા ﷻથી લૌ લગાડી ત્યારથી આખી જિંદગી કદી દિરહમ તથા દીનારને હાથમાં નથી લીધો.

ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈર દુનિયા તથા તેની લિજ્જતોને છોડી દેવાના બારામાં ચર્ચા કરવા લાગ્યા. ફર્માવ્યું કે, હિંમત બુલંદ રાખવી જોઈએ અને દુનિયાની ગંદકીમાં ન ફસાવું જોઈએ. ખ્વાહિશોથી બુલંદ (અલગ) થઈ જવું જોઈએ. એ વખતે આ બે શેઅરો ઝબાન મુબારક પર આવ્યા :–

یک لحظہ ز شہوتے کہ داری برخیز     تا بنشیند ہزار شاہد پیشت

"ક્ષણભર માટે પોતાની મનેચ્છાઓથી બુલંદ (દૂર) થઈ જાવ, જેથી હજાર માશૂક તમારી સામે બેસી જાય !"

## (નવમી મજલિસ)

### ★ દુનિયા હલકી ચીજ છે ★

એ જ વરસે માહે ઝી કઅદાની દસમી તારીખના જુમેરાતે કદમબોસીની દૌલત હાંસલ થઈ. ફર્માવ્યું, શું વાત છે, આજે કેવી રીતે આવી ગયા ?! એટલે કે નિયમ તો જુમ્આના આવવાનો હતો. બંદાએ અર્ઝ કર્યું કે, આ સઆદત (નેક નસીબી) આજે જ મુકદ્દરમાં હતી. જ્યારે કિસ્મત સાથ આપે છે ત્યારે કદમબોસી મયસ્સર આવી જાય છે. ફર્માવ્યું, સારુ કર્યું ! જે પણ ગયબથી આવે છે, સારુ હોય છે. ત્યાર બાદ સોહબતની અસરની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે, "સોહબતની અસર મજબૂત હોય છે." પછી દુનિયાના તર્ક (ત્યાગ) પર જોર દેતાં ફર્માવ્યું કે, "કોણ છે જેણે ઘટીયા (હલકી) ચીજને ન છોડી અને આ'લા ચીજ તેના સુધી ન પહોંચી."

## (દસમી મજલિસ)

એ જ મહીનાની પંદરમી તારીખ મંગળવારે કદમબોસીની સઆદત હાંસલ થઈ. અઝીઝોની એક જમાઅત જેમ કે મૌલાના વજીહુદ્દીન પાએલી તથા મૌલાના હુસામુદ્દીન હાજી અને મૌલાના તાજુદ્દીન યાર તથા મૌલાના જમાલુદ્દીન તેમજ અન્ય મુરીદો હાજર હતા. ખાવા સામે રાખવામાં આવ્યું. આદેશ થયો કે જેનો રોઝો ન હોય તે ખાવા ખાય. અય્યામે બીજના કારણે એ મજમાના મોટાભાગના લોકો રોઝાથી હતા. પછી ખાણુ તે બે ત્રણ માણસો પાસે મોકલી દેવામાં આવ્યું જેઓ રોઝાથી ન હતા. તે વખતે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે (રમઝાન સિવાય) જ્યારે અઝીઝ (સંબંધી ચાહવાવાળા) આવે તો ખાણુ સામે રાખવું જોઈએ, પણ કોઈને એવું ન પૂછવું જોઈએ કે તમે રોઝાદાર છો ? કેમ કે જો રોઝાથી નહીં હોય તો ખુદ ખાય લેશે. અને આવુ ન પૂછવામાં કે તમે રોઝાથી છો, એમાં શું હિકમત છે ? એ કે જો એ કહેશે કે મારો રોઝો છે તો દિખાવાની દખલ થઈ જશે. અને જો તે રોઝાદાર એવો પાકો સાચો મર્દ હોય કે દિખાવો એની નજીક નથી, અને પછી તે કહે કે મારો રોઝો છે તો તેની તાઅતે હાલી (બંદગીની સ્થિતિ) એલાનિયા દફતરમાં લખવામાં આવશે. અને જો કહે કે મારે રોઝો નથી તો એ જૂઠ બોલવું થશે, અને જો ખામોશ રહે તો પૂછનારાનું અપમાન થશે.

## અગીયારમી મજલિસ

આ મહીનાની એકવીસમી તારીખે પીર

www.barkatekhwaja.net

(સોમવાર)ના રોજ કદમબોસીની દોલત હાંસલ થઈ. નેક મર્દોની કદમની બરકતની ચર્ચા નીકળી. આદેશ થયો કે તેઓ જે જગાએ પણ છે તેમના કદમોની બરકતથી રાહત મળે છે. દા.ત. દિલ્હીની જામા મસ્જિદ કે જ્યાં કેટલાય અવલિયા તથા બુઝુર્ગોના કદમ પહોંચ્યા હશે કે આ જગા આટલી રાહત બખ્શનારી છે. એ દરમિયાન ફર્માવ્યું કે મેં મહમૂદ કબીરથી સાંભળ્યું છે, તે કહેતા હતા કે એકવાર સવારના સમયે મેં એક બુઝુર્ગાને જોયા. જામેઅ મસ્જિદના રોશન કંગુરાઓની ઉપર જે મેહરાબના તાખલાઓની ઉપર બનેલ છે ત્યાં આવજા કરી રહ્યા હતા. પક્ષીની જેમ ઘણી જ ઝડપી ગતિથી અને નીડરપણે આ કિનારાથી પેલા કિનારા સુધી કદીક આવતા હતા તો કદીક જતા હતા. હું દૂરથી જોઈ રહ્યો હતો. જયારે સવાર થવા લાગી તો એ કંગુરાઓ પરથી નીચે ઉતરી આવ્યા. હું તેમની સામે ગયો અને સલામ કરી. મને કહેવા લાગ્યા, તમે જોયું ? મેં કહ્યું, જી હા ! જોયું. બોલ્યા, કોઈને કહેશો નહીં.

એ દરમિયાન કાતિબ (હસન અલા સંજરી)એ અર્ઝ કરી કે બુઝુર્ગોમાંથી મોટાભાગે પોતાના અહવાલને ગુપ્ત રાખે છે, એમાં શું હિકમત છે ? ફર્માવ્યું, જો રાઝને ફાશ કરી દે તો અન્ય રાઝના વિશ્વાસપાત્ર બનવાને કાબેલ ન રહેશે. જો એક માણસ બીજાને રાઝ કહે છે અને રાઝ સાંભળનાર તેને જાહેર કરી દે છે તો રાઝ બતાવનાર ફરી બીજુ રાઝ બતાવશે નહીં. બંદાએ અર્ઝ કરી કે એ શું વાત છે કે ખ્વાજા અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ ઘણીવાર ગયબની વાતો જીભ પર લાવ્યા છે ?! ફર્માવ્યું કે જે વખતે અવલિયા શૌકના ગલ્બામાં હોય છે તો બેખુદીમાં કાંઈક કહી નાખે છે. અલ્બત્ત જે કામિલ છે તે રહસ્યોમાંથી કોઈ ચીજ પણ જાહેર નથી કરતા. ત્યારબાદ ફરીવાર આ શેઅર ઝબાન પર આવ્યો. مرداں ہزار دریا خوردند و تشنہ رفتند અર્થ : મર્દોએ હજાર દરિયા પીધા અને છતાં પણ પ્યાસા ગયા."

પછી ફર્માવ્યું કે ઘણો જ મોટો હોસલો જોઈએ કે રાઝને પાત્ર થઈ શકે. અને જો એના લાયક સંપૂર્ણપણે છે તો અસ્હાબે સહવ (સાલિક) છે. બંદાએ પૂછ્યું કે અસ્હાબે સુકર (મજઝૂબ)નો મર્તબો ઊંચો કે અસ્હાબે સહવનો ? ફર્માવ્યું કે અસ્હાબે સહવનો મર્તબો ઊંચો. અલ્લાહ બેહતર જાણનાર છે.

પેજ નં.૪૩ નું ચાલુ.. પણ દિલમાં ગુજરતો નથી. ઈલ્લા માશા અલ્લાહ ! અને એટલે જ લોકો બેદીન, બેઅમલ થઈ રહ્યા છે.)


## ★ મહાન બુઝુર્ગના રડવાનો સબબ તો જુઓ ! ★

અતા ઈબ્ને રિબાહ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં હઝરત સૈયદુત્તાબઈન હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ رضی اللہ عنہને એકવાર રડતા જોયા. મેં રડવાનુ કારણ પૂછયું તો હઝરતે ફર્માવ્યું કે મને અહીંની એ હાલત રડાવે છે કે અહીં કોઈ એવો શખ્સ નથી જે અમારાથી દીનની વાત પૂછે અને અમે તેને બતાવીએ. *(અહયાઉલ ઉલૂમ)*

આજે ખૂબ જ જરૂરી છે કે આપણામાં એક તરફ ઈલ્મે દીન હાંસલ કરવા અને દીનને ગ્રહણ કરવાનો તે સાચો જઝબો (ઉમંગ) પેદા થાય કે જેણે એ મદની સાહબને મદીના મુનવ્વરાથી દમિશ્કમાં અતિશય કઠિન માર્ગો પર સફર ખેડીને કેવળ એક હદીષ સાંભળ વા માટે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہની ખિદમતમાં હાજર કર્યા હતા. બીજી તરફ દીન પહોંચાડવાનો અને ઈલ્મે દીન શીખવાડવાનો તે શોખ તથા ઉમંગ પેદા થાય જેણે હઝરત સઈદ ઈબ્ને મુસૈયબને એટલા માટે ચોધાર આસુંએ રડાવ્યા હતા કે એમની પાસે કોઈ દીન લેવા તથા ઈલ્મે દીન શીખવા નથી આવતો. *(માહનામા યાદગારે રઝા, માહે રબીઉલ અવ્વલ/આખર, હિ. ૧૩૪૫, માહનામા આ'લા હઝરત, જાન્યુ. ફેબ્રુ. ૨૦૨૪).*

www.barkatekhwaja.net

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## બયએ સરફનું બયાન

**મસ્અલા** : સરફનો અર્થ આગળ બતાવી ચૂકયા છીએ. અર્થાત કિંમતને કિંમતથી વેચવું. સરફમાં કેટલીક વાર વસ્તુની અદલા બદલી વસ્તુથી થાય છે. જેમ કે રૂપિયાથી ચાંદી ખરીદવી અથવા ચાંદીની કતરન (ખુર્દો) ખરીદવી. સોનાને અશરફીથી ખરીદવું. કોઈવાર અલગ જાતિ–પ્રકાર (ગેરજિન્સ)થી અદલા બદલી થાય છે. જેમ કે રૂપિયાથી સોનું કે અશરફીઓ ખરીદવી.

**મસ્અલા** : કિંમતથી મુરાદ આમ (કિંમત) છે કે જે કિંમત ખલ્કી હોય. અર્થાત એટલા માટે જ પેદા કરવામાં આવી હોય. ભલે એમાં ઈન્સાની કારીગરી સામેલ હોય કે ન હોય. ચાંદી, સોનુ અને તેના સિક્કા તથા ઘરેણા એ તમામ ખલ્કી કિંમતમાં ગણાય છે. બીજો પ્રકાર ગેર ખલ્કી જેને ઈસ્તેલાહી કિંમત કહેવાય છે તે એ બધી ચીજો છે જેની કિંમત માટે મખ્લૂક નથી. પરંતુ લોકો એનાથી કિંમતનુ કામ લે છે. કિંમતની જગ્યા પર ઉપયોગ કરે છે. જેમ કે પૈસા, નોટ, નિકલનો ખુર્દો એ તમામ ઈસ્તેલાહી કિંમતમાં ગણાય છે. રૂપિયાના પૈસા બનાવવામાં આવે કે કતરન (ખુર્દો) ખરીદવામાં આવે એ સરફમાં દાખલ છે. (સરફ વેચાણ ગણાશે)

**મસ્અલા** : ચાંદીનું ચાંદી સાથે અથવા સોનાનું સોના સાથે વેચાણ થયું (સોદો થયો) અર્થાત બંને બાજુ એક જ પ્રકારની વસ્તુઓ છે તો શર્ત એ છે કે બંને વજનમાં બરાબર હોવા જોઈએ. એટલે કે એક બીજાની ચીજનો પોતાના હાથે કબ્જો લે. જો સોદો કરનારાએ પોતાના હાથે કબ્જો ન લીધો બલ્કે ધારો કે સોદો કર્યા બાદ પોતાની ચીજને ત્યાં મૂકી તેની ચીજને લઈને ચાલ્યો આવ્યો એ પૂરતું નથી અને એમ કરવાથી વેચાણ નાજાઈઝ ઠરશે. બલ્કે વ્યાજ ગણાયું. હા ! બીજા પ્રસંગોમાં છોડી (ચીજને છોડી જવી) જવું કબ્જો ગણાય છે અને તે કાફી (પૂરતો) છે. જો બંનેનું વજન કેટલું છે તે માલૂમ ન હોય તો વજન બરાબર હોવાનો અર્થ એ થશે કે ત્રાજવાના બંને પલ્લામાં એક બીજાનુ વજન એક સરખું હોય.

*(આલમગીરી, ૬૨ વ ૨૬)*

બરાબરીનો અર્થ એ છે કે સોદો કરનારાઓ બંને ચીજો બરાબર (સરખા વજનની) છે એવું જાણતા હોય. એવો મતલબ નથી કે હકીકતમાં બરાબર હોવી જોઈએ. એમને બરાબર હોવાની જાણકારી હોય કે ન હોય. પરિણામે બંને તરફની ચીજો બરાબર હતી, પરંતુ તેમના જાણવામાં એ વાત ન હતી (બરાબર હોવાની) તો સોદો જાઈઝ છે. હા ! જો એ જ મજલિસમાં (બેઠકમાં) એ વાત જાહેર થઈ જાય કે બરાબર છે તો સોદો જાઈઝ થઈ જશે.

*(ફત્હુલ કદીર)*

**મસ્અલા** : એક જ પ્રકારની ચીજની હાલતમાં ખરા ખોટાનો કોઈ લેહાઝ નથી. એટલે કે એવું નહીં થઈ શકે કે જે બાજુ ખરો માલ છે તે બાજુ ઓછો અને જે બાજુ ખોટો માલ છે તે બાજુ વધારે હોય. કેમ કે આવી હાલતમાં પણ વસ્તુની વધ ઘટ વ્યાજ ગણાશે.

**મસ્અલા** : એ વાતનો પણ લિહાઝ રાખવામાં નહીં આવે કે એક પર કારીગરી કરેલી છે બીજો ચાંદીનો ટુકડો જ છે અથવા એક સિક્કો છે અને

www.barkatekhwaja.net

બીજો તેવો જ છે. જો તે કારણોસર વધઘટ કરવામાં આવી તો એ હરામ અને સૂદ છે (ગણાશે). જેમ કે એક રૂપિયાની દોઢ બે રૂપિયાભાર ચાંદી આજના સમયમાં વેચાય છે અને સામાન્યતઃ લોકો રૂપિયાથી જ ખરીદે છે અને પોતાની નાસમજને કારણે એમાં કોઈ વાંધો નથી સમજતા. જો કે એ વ્યાજ છે અને ઈજમાઅ સાથે હરામ છે. એટલા માટે ફુકહાએ કિરામ ફર્માવે છે કે સોના ચાંદીના ઘરેણાનો કોઈએ જબરદસ્તી કબ્જો કર્યો, ખયાનત કરી અને ખયાનત કરનારે (જબરદસ્તી કબ્જો કરનારે) તેને હલાક કરી નાખ્યું તો એનો બદલો બીજા પ્રકારની વસ્તુથી દેવડાવવામાં આવે. અર્થાત સોનાની ચીજ હોય તો ચાંદીથી આપવામાં આવે અને જો ચાંદીની હોય તો સોનાની ચીજથી. કેમ કે એ જ પ્રકારની ચીજથી આપવામાં માલિકને નુકસાન છે અને ઘડાઈ વગેરેની ગણતરી કરીને થોડુંક વધારે આપવું વ્યાજ છે તે દીની નુકસાન છે. *(હિદાયા, ફતહ, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જો બંને બાજુ એક જ પ્રકારની વસ્તુઓ ન હોય બલ્કે અલગ અલગ પ્રકારની વસ્તુઓ હોય તો વધ ઘટમાં કોઈ વાંધો નથી. પરંતુ કબ્જાની અદલા બદલી જરૂરી છે. જો કબ્જાની અદલા બદલી થતા પહેલાં બેઠક બદલાઈ ગઈ તો સોદો બાતિલ થઈ ગયો. પરિણામે સોનાને ચાંદીથી અથવા ચાંદીને સોનાથી ખરીદવામાં બંને તરફ વજન કરવાની પણ જરૂરત નથી. કેમ કે વજન તો એટલા માટે કરવું જરૂરી હતું કે બંનેનું બરાબર હોવું માલૂમ પડી જાય અને જ્યારે બરાબર હોવું શર્ત જ નથી તો વજન પણ જરૂરી ન રહ્યું. ફક્ત મજલિસમાં (બેઠકમાં) કબ્જો કરવો જરૂરી છે. જો ચાંદી ખરીદવામાં વ્યાજથી બચવું હોય તો રૂપિયા (સિક્કા)થી ન ખરીદો, ગિની યા નોટ યા પૈસાથી ખરીદો. દીન અને દુનિયા બંનેના નુકસાનથી બચશો. આ હુકમ સમને ખલ્કી અર્થાત સોના ચાંદીનો છે. જો પૈસાથી ચાંદી ખરીદવામાં આવી તો મજલિસમાં એકનો કબ્જો જરૂરી છે બંને તરફનો કબ્જો જરૂરી નથી કેમ કે એની કિંમતની ગણતરી કરવાની નથી જેનો લેહાઝ જરૂરી હોય. જો સોદો કરનારાઓ ચાહે તો એની કિંમતની ગણતરી બાતિલ કરીને જેમ કે બીજી ચીજો જે કિંમત વગરની છે એને પણ કિંમત વગરની નક્કી કરી શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* મજલિસ બદલવાનો અહીં એ અર્થ થશે કે બંને અલગ (જુદા પડી જાય) થઈ જાય. એક એક બાજુ ચાલ્યો જાય અને બીજો બીજી બાજુ ચાલ્યો જાય અથવા તો એક ત્યાંથી ચાલ્યો જાય અને બીજો ત્યાં જ બેસી રહે. જો આ બંને હાલતો ન પેદા થઈ હોય તો મજલિસ બદલાયેલી ગણાશે નહીં. ભલે ગમે તેટલી લાંબી મજલિસ હોય. જો બંને ત્યાં સૂઈ જાય યા બેહોશ થઈ જાય મતલબ કે જ્યાં સુધી બંને અલગ ન પડે ત્યાં સુધી કબ્જો થઈ શકે છે.

*(આલમગીરી)*

**મસ્અલા** : એક વ્યક્તિએ બીજાને કહેવડાવ્યું કે મેં તારી પાસેથી આટલા રૂપિયાનું સોનુ કે ચાંદી ખરીદી (લીધી) બીજાએ તે કબૂલ કર્યું. તો એ સોદો દુરસ્ત નથી. કેમ કે અદલા બદલીનો કબ્જો અહીં એક બેઠકમાં નથી થઈ શકતો. લેખિત (ખતો ખિતાબત)માં પણ બયએ સરફ થઈ શકતી નથી. *(આલમગીરી, બહાર)*

**મસ્અલા** : જો સોદો (બયએ સરફ) સહીહ હોય તો એના બંને બદલા નક્કી કરવાથી પણ નક્કી થશે નહીં. માની લો કે એક માણસે બીજાના હાથે એક રૂપિયાનો એક રૂપિયાના બદલામાં સોદો કર્યો અને એ બંને પાસે રૂપિયો ન હતો પરંતુ તે મજલિસમાં બંનેએ ત્રીજી વ્યકિત પાસેથી કર્જ લઈને અદલા બદલીથી કબ્જો મેળવ્યો તો સોદો સહીહ રહ્યો. દા.ત. ઈશારો કરીને કહ્યું કે મેં આ રૂપિયાના બદલામાં વેચ્યું અને જેના તરફ ઈશારો કર્યો તેને

પોતાની પાસે રાખ્યો અને બીજો એની જગ્યાએ દીધો તો પણ સહીહ છે. (દુર્રે મુખ્તાર) આ તે વખતે (ગણાશે) છે કે જ્યારે સોના ચાંદીના સિક્કા હોય અને બનેલી ચીજ દા.ત. વાસણ, ઘરેણું હોય તો એમાં મુકર્રર (નક્કી) થાય છે.

**મસ્અલા** : બયએ સરફ શર્તની છૂટથી ફાસિદ થઈ જાય છે. એ રીતે જો કોઈ એક તરફથી અદા કરવા માટેની મુદત નક્કી કરવામાં આવી. દાત. ચાંદી આજે લીધી અને રૂપિયા કાલે આપવાના નક્કી કર્યા તો એ સોદો ફાસિદ છે. હા ! જો એ જ મજલિસમાં શર્તની છૂટ તેમજ મુદતને રદ કરવામાં આવી તો સોદો સહીહ થશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સોના ચાંદીના સોદામાં જો કોઈ એક તરફ ઉધાર હોય તો સોદો ફાસિદ છે. જો ઉધાર રાખવાવાળાએ મજલિસથી છૂટા પડતા પહેલાં એ જ મજલિસમાં અદા કરી દીધા તો પણ કુલ સોદો ફાસિદ છે. દા.ત. પંદરની ગિની ખરીદી અને દસ દિવસ પછી રૂપિયા આપવાનું કહ્યું પરંતુ એ મજલિસમાં દસ રૂપિયા આપી દીધા તો પણ એ તમામ સોદો (વેચાણ) ફાસિદ કહેવાશે. એવું નહીં ગણાય કે જેટલા આપ્યા તેની ગણતરી પ્રમાણે જે થતા હોય તે જાઈઝ થઈ જાય. હા ! જો ત્યાં જ બધા રૂપિયા આપી દીધા તો એ સોદો સહીહ ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : સોના ચાંદી વગેરેની કોઈ વાસણ ઘરેણુ વગેરે ખરીદી કર્યું તો નુકસાનીની છૂટ તેમજ ઘાટ દેખાવની છૂટ હાંસલ થશે. રૂપિયા તથા અશરફીમાં ઘાટ દેખાવની છૂટ નથી પરંતુ નુકસાનીની છૂટ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : બયએ સરફના બદલા પર જ્યાં સુધી કબ્જો કરવામાં ન આવ્યો હોય ત્યાં સુધી એમાં ફેરફાર કરી શકાશે નહીં. અને જો રૂપિયાથી અશરફી ખરીદી અને અશરફી પર કબ્જો કર્યો ન હોય અને તે અશરફીથી કોઈ ચીજ ખરીદી તો એ સોદો (વેચાણ) ફાસિદ છે અને બયએ સરફ નિયમ પ્રમાણે સહીહ ગણાશે અર્થાત હજુ પણ અશરફી પર કબ્જો કરી લીધો તો સહીહ ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : તલવારમાં જે ચાંદી હોય તે કિંમતની ચાંદીથી ઓછી હોવી જરૂરી છે : (૧) જો બંને બરાબર હોય (૨) અથવા તલવારવાળી (ચાંદી) બદલાની (કિંમત કરેલી) ચાંદી કરતાં વધારે હોય (૩) અથવા એવી ખબર ન હોય કે કઈ વધારે છે, કોઈ કંઈ કહે છે અને બીજો કંઈ કહે છે. તો આવી હાલતમાં સોદો દુરસ્ત જ નથી. પહેલા બે પ્રકારમાં યકીનન વ્યાજ છે (ગણાશે) અને ત્રીજા પ્રકારમાં વ્યાજની આશંકા છે અને તે પણ હરામ છે. એનો એ ફાયદો છે કે જ્યારે કે આવી (પ્રકારની) ચીજ જેમાં સોના, ચાંદીના તાર યા પિત્તળ લાગેલું હોય તેને એ જ જાતની ચીજથી વેચવામાં આવે તો કિંમત તરફ એના કરતાં વધારે સોનુ કે ચાંદી હોવું જોઈએ જેટલું એ ચીજમાં છે. જેથી બંને તરફની ચાંદી કે સોનુ બરાબર કર્યા પછી કિંમત તરફ કંઈક બચે જે તે ચીજની બરાબર હોય. જો એવું ન હોય તો વ્યાજ અને હરામ છે અને કિંમત રૂપિયા છે તો ફકત કબ્જાની અદલા બદલી શર્ત છે. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલા** : લચકો, ગોટો જો કે રેશમથી બનાવાય છે પરંતુ એમાં રેશમ મકસૂદ નથી હોતું અને વજનથી પણ વેચાય છે. પરિણામે બંને તરફ વજન બરાબર હોવું જરૂરી છે. લેસ, પેમક (એક પ્રકારની લેસ) વગેરે માટે પણ આ જ હુકમ છે.

**મસ્અલા** : કેટલાક કપડામાં ચાંદીના તાર લગાડવામાં આવે છે. છેડા, કિનારીઓ (પર) હોય છે જેમ કે બનારસી અમામા અને કેટલાકમાં વચ્ચે ફૂલ હોય છે જેમ કે ગુલબદન. એમાં જરીના કામને મુખ્ય ગણવામાં આવશે. કેમ કે શરીઅતે મુતહ્હરામાં એના ઉપયોગને જાઈઝ કર્યો છે. એના વેચાણમાં કિંમતની ચાંદી વધારે હોવી શર્ત નથી.

*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત સર્રી સક્તી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

એકવાર વઅઝ દરમિયાન સુલ્તાનનો નાયબ અહમદ બિન યઝીદ ઘણા જ દબદબાપૂર્વક વઅઝની મેહફિલમાં આવી પહોંચ્યો અને એ વખતે આપના વઅઝનો વિષય હતો કે "મખ્લૂક઼ાતમાં કોઈ મખ્લૂક઼ પણ માણસ કરતાં કમજોર નથી તેમ છતાં પણ માણસ મોટા મોટા ગુનાહોમાં પડતો રહે છે." આ તક઼રીરની અહમદ બિન યઝીદ પર એવી અસર પડી કે ઘરે પહોંચીને કાંઈ પણ ખાધા પીધા વિના પૂરી રાત ઈબાદતમાં વ્યસ્ત રહ્યો અને સવારમાં બેચૈન હાલતમાં ફકીરાના લિબાસમાં આપની પાસે હાજર થયો અને અર્ઝ કરી કે આપના બયાનથી કાલે જે મારા ઉપર અસર પડી છે તે અવર્ણનીય છે અને દુનિયાની મહોબ્બતથી નજાત હાંસલ કરીને ગોશાનશીની પ્રતિ આકર્ષણ પેદા થઈ ગયું છે, જેથી આપ રાહે તરીક઼તની તાલીમથી સજ્જ કરી દો. આપે ફર્માવ્યું કે **સામાન્ય તાલીમ તો એ છે કે પંજગાના નમાઝ અદા કરતા રહીને શરીઅતના હુકમોની પાબંદી કરો.** અને સુલૂક (હક઼્ક઼ની નઝદીકીની તલબ, તસવ્વુફ, સૂફીપણા)ની **ખાસ તાલીમ** એ છે કે દુનિયાને છોડીને એ રીતે ઈબાદતમાં વ્યસ્ત થઈ જાવ કે ખુદા સિવાય કાઈનાતથી કાંઈ તલબ ન કરો, અને જો કોઈ આપવા પણ ચાહે તો પણ ન લો.

આ સાંભળીને દૂબળા પાતળા અહમદ બિન યઝીદ અજાણ બાજુએ રવાના થઈ ગયા, અને કેટલાક અરસા બાદ તેમનાં વાલિદા રડતાં કકડતાં આપની પાસે પહોંચ્યાં અને અર્ઝ કરી કે, મારો તો એક જ પુત્ર હતો તે પણ આપની સોહબતમાં દીવાનો થઈને ન જાણે ક્યાં ચાલ્યો ગયો ! આપે સાંત્વન આપતાં ફર્માવ્યું કે જ્યારે તે આવી જશે તો હું તમને ખબર કરીશ.

એક દિવસ અહમદ બિન યઝીદ કમજોર હાલતમાં આપની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે આપે ગફલતની નિદ્રાથી જાગૃત કરીને મારા પર જે કરમ ફર્માવ્યો છે તેનો અલ્લાહ આપને ભલો બદલો આપે. એ જ દરમ્યાન અહમદ બિન યઝીદનાં વાલિદા તથા બીવી બાળકો પણ આવી ગયાં અને તેને ખરાબ કમજોર હાલત જોઈને તેમનાથી લપેટાઈને રડવા લાગ્યાં, અને તેમની સાથે સાથે મજલિસવાળાઓ પર પણ રૂદન છવાઈ ગયું. પછી મા તથા પત્નીએ જ્યારે ઘરે ચાલવા આગ્રહ કર્યો તો ના પાડી દીધી. જેના પર પત્નીએ કહ્યું કે તમારા બાળકને પણ સાથે રાખો. જેથી આપે તેનો લિબાસ ઉતારીને કંબલ ઓઢાડયું અને હાથમાં ઝંબીલ આપીને સાથે લઈને ચાલવા લાગ્યા, તો માથી બાળકનો આ હાલ ન જોઈ શકાયો અને તેને સાથે જવા ન દીધો. પછી વરસો બાદ હઝરત સર્રીને કોઈએ આવીને કહ્યું કે મને અહમદ બિન યઝીદે એ પયગામ આપીને મોકલ્યો છે કે મારું મૌત નજીક છે જેથી જો આપ તશરીફ લાવો તો બેહતર થશે. અને જ્યારે આપ ત્યાં પહોંચ્યા તો જોયું કે કબ્રસ્તાનમાં માટીના ઢગલા પર પડયા પડયા ધીરે ધીરે કહી રહ્યા છે : مِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعَامِلُوْنَ "આ પ્રકારના અમલ અમલવાળાઓએ કરવા જોઈએ." જેથી જ્યારે એમનુ માથુ આપે પોતાની ગોદમાં રાખ્યું તો તેમણે આંખ ખોલીને કહ્યું, આપ તદ્દન ખાત્માના સમયે પહોંચ્યા છો. આવુ કહીને આપની ગોદમાં જ દુનિયાથી વિદાય

❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

થઈ ગયા. અને જ્યારે આપ એમના કફન દફનના સામાન માટે શહેરની તરફ રવાના થયા તો રસ્તામાં એક ભીડ મળી અને લોકોએ કહ્યું કે અમે એ આસ્માની નિદા સાંભળી છે કે અમારા ખાસ વલીની નમાઝે જનાઝા અદા કરવા ચાહે તે શૂનીઝયાના કબ્રસ્તાનમાં પહોંચી જાય, જેથી અમે સૌ ત્યાં જઈ રહ્યા છીએ.

**આપના આદેશો :** પોતાની યુવાનીના દૌરમાં ફર્માવ્યા કરતા હતા કે ઈબાદત તો જવાનીના સમયમાં જ કરવી જોઈએ. પછી ફર્માવ્યું કે માલદાર પડોશી, બાઝારી કારી અને અમીર ઉલમાથી દૂર જ રહેવું જોઈએ. પછી ફર્માવ્યું કે દીનની સલામતી તથા શરીર તથા જાનનું સુકૂન કેવળ ગોશાનશીનીમાં જ છે. ફર્માવ્યું કે પાંચ ચીજો છોડીને સર્વ દુનિયા લાભ વિનાની છે : પ્રથમ ખોરાક, પરંતુ જિંદગીની સલામતી પૂરતો. બીજુ પાણી, કેવળ તરસ દૂર કરવા પૂરતુ. ત્રીજી લિબાસ, કેવળ સતર છુપાવવાની હદ સુધીનો. ચોથી ચીજ મકાન, કેવળ વસવાટ પૂરતુ. પાંચમી ચીજ ઈલ્મ, અમલની હદ સુધીનો. ફર્માવ્યું કે ખ્વાહિશાતની હદ સુધી ગુનાહ માફીને પાત્ર છે, પરંતું ઘમંડ તથા તકબ્બુરના આધારે દરેક ગુનોહ માફીને પાત્ર નથી. કેમ કે હઝરત આદમ علیہ السلام ની લગઝિશ ખ્વાહિશના આધાર પર હતી અને ઈબ્લીસની ખ્વાહિશ ઘમંડ તથા બડાઈના કારણે હતી. ફર્માવ્યું કે જે પોતે પોતાના નફસને ઠીક ન કરી શકે તે બીજાના નફસને કેવી રીતે સમારી શકે છે ! ફર્માવ્યું કે એવા લોકો ઘણા થોડા છે જેમના વાણી તથા વર્તનમાં વિરોધાભાસ ન હોય. અને જે નેઅમતની કદર નથી કરતો તેનાથી નેઅમત માઈલો દૂર ભાગે છે.

ફર્માવ્યું કે જે ખુદાનો આજ્ઞાંકિત હોય છે આખુ જગત તેના આધિન રહે છે. ફર્માવ્યું કે જીભ તથા ચહેરાથી દિલી કૈફિયતોનો અંદાઝો કરી શકાય છે, પરંતું દિલના પણ ત્રણ પ્રકારો છે : પ્રથમ તે દિલ જે મહાન પહાડ જેવું કે પોતાની જગાએ અટલ રહે. બીજુ તે દિલ જે મજબૂત ઝાડની જેમ હોય, પરંતું તેજ હવાના ઝોંકાઓ ક્યારેક તેને હચમચાવી દે છે. ત્રીજુ તે દિલ જે પક્ષીઓના જેવું જે હવામાં ઉડતાં હોય છે. ફર્માવ્યું કે પ્રેમ તથા હયા દિલના દરવાજા પર પહોંચે છે પરંતું જો દિલમાં ઝોહદ તથા વરઅ (તકવાથી ઊંચી મંઝિલ)નુ વજૂદ હોય છે તો મુકીમ થઈ જાય છે, નહીં તો ત્યાંથી પરત થઈ જાય છે. ફર્માવ્યું કે જે દિલમાં કોઈ અન્ય ચીજ વસેલી (મુકીમ) હોય છે ત્યાં આ પાંચ ચીજો દાખલ નથી થતી : ખૌફ, રજા (ઉમ્મીદ), હયા, ઉન્સ (પ્રેમ), મહોબ્બત. અને દરેક મુકર્રબે બારગાહ (રબની બારગાહમાં નઝદીકીવાળા)ને તેની નઝદીકીના પ્રમાણમાં જ સમજ અતા કરવામાં આવે છે. ફર્માવ્યું કે કુર્આની રાઝોની સમજ માટે ચિંતન મનન કરનાર જ સૌ અધિક દાનિશમંદ (ડાહ્યો પુરૂષ) છે. ફર્માવ્યું કે કયામતના મેદાનમાં ઉમ્મતીઓને અંબિયાએ કિરામની તરફથી પોકાર કરવામાં આવશે, પરંતું અવલિયાએ કિરામને ખુદાની તરફથી પોકારવામાં આવશે.

ફર્માવ્યું કે આરિફોનો ઉચ્ચ મર્તબો શૌક છે, અને આરિફ તે છે જે ઓછુ ખાય, ઓછુ સૂએ અને ઓછો આરામ કરે. અને આરિફ ચમકતા સૂર્યની જેમ સૌને પ્રકાશિત કરી દે છે અને જમીનની જેમ દરેક ચીજનો બોજ સંભાળી રાખે છે. આગની જેમ સૌને રસ્તો દેખાડે છે અને પાણીની જેમ દિલોને તાજી હયાત આપીને તૃપ્ત કરતો રહે છે. ફર્માવ્યું કે મખ્લૂકથી કાંઈ તલબ ન કરીને દુનિયાથી નફરતકર્તા રહેવાનું નામ ઝોહદ છે. ફર્માવ્યું કે ખુદને ફના કરી આપ્યા પછી આરિફને સુકૂન મળે છે. ફર્માવ્યું કે મેં ઝોહદના સર્વ માધ્યમો અપનાવ્યાં પરંતું હકીકી ઝોહદથી મેહરૂમ રહ્યો. ફર્માવ્યું કે રિયાકારીથી મળવું ખુદાથી દૂર કરી

દે છે. અને મોટાભાગના મેળ મિલાપ રાખનારાને સિદ્દક હાસિલ નથી થઈ શકતુ. ફર્માવ્યું કે અખ્લાક્ એ છે કે લોકોને તકલીફ આપવાના બદલે તેમની તરફની તકલીફો પર સબ્રથી કામ લેવામાં આવે, અને ગુસ્સા પર કાબૂ પામવો પણ અખ્લાક્માં સામેલ છે. ફર્માવ્યું કે ગુનાહથી બચવું કેવળ ત્રણ કારણોસર થાય છે. : પ્રથમ જન્નતની ખ્વાહિશથી. બીજુ જહન્નમના ડરથી, ત્રીજુ ખુદાની શરમથી. ફર્માવ્યું કે ઈબાદતોને ખ્વાહિશો (મનેચ્છાઓ) પર અગ્રતા આપવાથી બંદો કમાલની ઉચ્ચતાએ પહોંચી જાય છે. એકવાર સબ્રનો ભાવાર્થ વર્ણવતાં કેટલીય વાર વીછીએ કરડયું પરંતુ આપે ઉફ પણ ન કર્યુ. પોતાની દુઆઓમાં આપ એ કહ્યા કરતા હતા કે, હે અલ્લાહ ! તારી અઝમતે મને મુનાજાત (દુઆ)થી રોકયો અને તારી મઅરેફતે પ્રેમ (ઉન્સ) અતા કર્યો, અને જો ઝબાનથી ઝિક્ર કરવાને મના કરી આપત તો હું જીભ વડે કદી તને યાદ ન કરતો કેમ કે જીભમાં તારી સિફતો વર્ણન કરવાની શક્તિ જ નથી.

હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે એકવાર આપે ફર્માવ્યું કે હું બગદાદમાં મરવાનુ એટલા માટે નાપસંદ સમજુ છું કે અહીંની જમીન મને કુબૂલ કરશે નહીં, અને મારાથી સારુ ગુમાન રાખનારા બદઝનીમાં સપડાય જશે. હઝરત જુનેદ કહે છે કે જ્યારે હું ખબર લેવા માટે હાજર થયો તો ગરમીના કારણે મેં આપને પંખો હલાવવાનું શરૂ કરી આપ્યું, પણ આપે રોકી દેતાં ફર્માવ્યું કે આગ અધિક ભડકવા લાગે છે, અને મારા તબીયત વિશે પૂછતાં ફર્માવ્યું કે બંદો તો મમ્લૂક (ગુલામ) છે અને તેને કોઈ ચીજ પર કુદરત (શક્તિ) હાંસલ નથી. પછી જ્યારે મેં નસીહત કરવાની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે મખ્લૂક્માં રહીને ખાલિક્થી ગાફેલ ન થશો, આવું કહીને આપ દુનિયાથી વિદાય થઈ ગયા.

---

પેજ નં.૦૪ નું ચાલુ.. મિસ્બાહુલ ઉમરા, નવાદિરુત્ તૌક્રીત, મસાઈલે ઈલ્મો ઉલમા, કુત્બુલ અઝબાર મિન્ બુસ્તાનિલ મિર્ક્રાત, નિઝામુલ કિ્રાઅત ઔર વસવસોં કે અહકામ ઔર ઉન્કા શરઈ ઈલાજ વગૈરા કાબિલે ઝિક્ર હૈં. આપને "જમાઅતે રઝાએ મુસ્તફા" કે પ્લેટફારમસે કદીમ ગુજરાતી બુઝુર્ગોં કી કિતાબોં કે ઝખીમ ઔર મુખ્તસર તરાજિમ ભી શાએઅ્ કિયે હૈં. મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કી ખિદમાત કા યહ ઈજમાલી તઆરુફ હે ઔર યહ સારી બહારેં ઔર બરકતેં મુબારકપુર કી સરઝમીન પર આરામ ફર્મા અબુલ ફૈઝ હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانْ કે તુફૈલ હૈં કે જિન કે સાયએ કરમમેં આનેવાલે ન જાને કિતને ઝર્રે આફતાબ બન ગયે. કિસીને સચ કહા હે :–

ઝમાના આજ ભી ઔર કલ ભી ઉનસે ફૈઝ પાયેગા
મિષાલે ચશ્મએ આબે રવાં હૈ હાફિઝે મિલ્લત

મૌલાના મૌસૂફ કી ઈન્હી ખિદમાત કે એ'તેરાફ ઔર હોંસલા અફઝાઈ મેં તન્ઝીમે અબ્નાએ અશરફિયા આપ કો '**હાફિઝે મિલ્લત એવોર્ડ**' તફવીઝ કર રહી હે. અલ્લાહ તઆલા અપને હબીબ ﷺ કે સદકે આપકી ખિદમાત કો શરફે કુબૂલ અતા ફર્માએ, સેહતો સલામતી કે સાથ તવીલ ઉમ્રસે સરફરાઝ ફર્માએ ઔર મઝીદ દીની ખિદમાત કી તૌફીક મર્હમત ફર્માએ. આમીન બિજાહિ હબીબિહી સૈયદુલ મુરસલીન ﷺ.

**★ અબ્દુલ હફીઝ અફી અન્હૂ ★**

*(સદર : તન્ઝીમે અબ્નાએ અશરફિયા વ સરબરહાહે આ'લા જામિઆ અશરફિયા–મુબારકપુર) મોઅર્રિખા યક્કુમ જમાદિયુલ આખિરહ હિ.સ. ૧૪૪૫, ૧૫–ડિસેમ્બર–ઈ.સ. ૨૦૨૩)*

**નોંધ** : હઝરત મૌલાના મુહમ્મદનિઝામુદ્દીન મિસ્બાહી (કૂરચનવી) સાહબને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકે ખૂબ દીનો સુન્નિયતની ખિદમત લે એવી નાચીઝની દુઆ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૮

**૧૦. એક તલાક઼ દી ફિર ઈદ્દત ખત્મ હૂઈ તો ક્યા તીન તલાક઼ હો જાતી હૈ ? ઔર દોબારા ક્યા ઉસ શોહર સે નિકાહ હો સક્તા ?**

બાઝ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે એક તલાક઼ દી ફિર ઈદ્દત ખત્મ હૂઈ તો અબ તીન તલાક઼ હો જાએગી ઔર ઔરત કે લિયે દોબારા ઉસ શોહર સે નિકાહ કરને કી ઈજાઝત નહીં રહેગી, યે સોચ બિલ્કુલ ગલત હૈ. શોહરને એક યા દો તલાક઼ દી હૈ તો ઈદ્દત કે ખત્મ હોને કે બાદ ભી ઈત્ની હી તલાક઼ રહેગી ન કે તીન હો જાએગી ઔર ડાયરેક્ટ દોબારા ઉસ મર્દ સે નિકાહ કરના ઔરત કે લિયે જાઈઝ હોગા. હાં ! અલ્બત્તા યે ઝરૂર હૈ કે દોબારા નિકાહ હોગા તો પેહલે કી તલાક઼ ભી શુમાર કી જાએગી યા'ની પેહલે એક તલાક઼ દિયા થા તો અબ દો કા ઔર પેહલે દો દિયા યા તો એબ અક તલાક઼ કા માલિક રહેગા.

"તફ઼હીમુલ્ મસાઈલ" મેં હૈ : (સવાલ કિયા ગયા કે)

"મેરે શોહરને મુજે ફોન પર બાક઼ાઈદા તોર પર એક તલાક઼ દી અલ્ફાઝઃ "મેરા ઔર મેરે વાલિદ કા નામ લેકર કહા કે મેં ફુલાના બિન્તે ફુલાં કો એક તલાક઼ દેતા હું." મેરી ગુઝારિશ હૈ કે આપ મુજે તફસીલ સે બતાઈયે કે શરઈ તૌર પર મેરે લિયે ક્યા હુકમ હૈ, તલાક઼ કો અબ તીન મહીને હો ગએ હૈં."

**જવાબ** : સૂરતે મસ્ઉલા મેં આપ કે શોહરને આપકો એક તલાક઼ે રજઈ દી હૈ, ઉસકે બાદ ઈદ્દત કે અંદર શોહર કો રુજૂઅ કા હક્ક઼ થા (યા'ની નિકાહ મેં વાપસ લેને કા હક્ક઼ થા), રુજૂઅ ઝબાની ભી હો સકતા હૈ કે શોહર બીવી સે કહે કે મૈં ને તલાક઼ સે રુજૂઅ કિયા ઔર અમલન ભી કે આપસ મેં ઈઝદિવાજી (પતિ પત્નીકી તરહ) તઅલ્લુક ક઼ાઈમ કર લેં. અગર તલાક઼ે રજઈ કે બાદ શોહરને ઈદ્દત કે અંદર રુજૂઅ ન કિયા હો તો ઈદ્દત ગુઝરને કે બાદ વોહ તલાક઼ે બાઈન હો જાતી હૈ ઔર ફિર ઔરત આઝાદ હોતી હૈ, અપની મર્ઝી સે જહાં ચાહે નિકાહ કર સકતી હૈ, લેકિન વોહ બાહમી રઝામંદી સે સાબિક઼ (પેહલેવાલે) શોહર કે સાથ ભી અક઼દે ષાની (બીજો નિકાહ) કર સકતી હૈ. ઐસી સૂરતમેં શોહરકે પાસ આઈન્દા સિર્ફ દો તલાક઼ કા હક્ક઼ રહેગા ઔર મઝીદ તલાક઼ોં કે સાથ જમા હોને કે લિયે યે પેહલી તલાક઼ બદસ્તૂર મુઅષ્પિર રહેગી.

*(તફ઼હીમુલ મસાઈલ, જિલ્દ : ૩, સફ઼્હા : ૨૫૧/૨૫૨)*

**૧૧. ક્યા ઈદ્દત મેં આસમાન દેખના મના હૈ ?**

અકષર અવામ મેં યે તસવ્વુર પાયા જાતા હૈ કે ઈદ્દત કી હાલત મેં આસમાન દેખના મના હૈ. હાલાં કે શરઅન ઐસા કુછ ભી નહીં હૈ, બલ્કે શરીઅત કા હુકમ સિર્ફ ઈત્ના હૈ કે બિલા ઝરૂરત ઈદ્દતવાલે ઘર સે બાહર નિકલના મના હૈ. ઘર મેં રેહતે હૂએ આસમાન પર નઝર પળે ઈસ મેં કોઈ ગુનાહ નહીં, જૈસા કે "ફતાવા એહલે સુન્નત" મેં હૈ :–

શરીઅત મેં આસમાન સે પર્દે કા કોઈ તસવ્વુર નહીં હૈ. લિહાઝા ઈદ્દત મેં ઔરત અપને ઘર કી ચાર દીવારી મેં રેહતે હૂએ મકાન કે ખુલે હિસ્સે યા'ની સેહન વગૈરા મેં આ સકતી હૈ, ઉસ કો દેખ ભી સકતી હૈ, હાં ઈસ સૂરત મેં જિન મર્દોં સે પર્દા કરના ઝરૂરી હૈ, ઉનસે બેપર્દગી ન હો ઈસ બાત કા ઝરૂર ધ્યાન રખા જાએ."

*(ફતાવા એહલે સુન્નત, FMD-2174)*

**૧૨. ક્યા ઈદ્દત મેં પર્દા ઔર બાતચીત કરને કે હવાલે સે કોઈ ખાસ હુકમ રેહતા હૈ ?**

બાઝ લોગ જહાલત કી બુન્યાદ પર યે સમજતે હૈં કે ઈદ્દત મેં પર્દા ઔર બાતચીત કરને કે હવાલે સે ઔરત કે લિયે કોઈ ખાસ હુકમ રેહતા હૈ કે જિન મર્દોં સે ઈદ્દત સે પેહલે પર્દા ઝરૂરી નહીં થા, ઈદ્દત મેં

➛ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી *(સદર મજલિસે ફ઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

www.barkatekhwaja.net

ઝરૂરી હૈ, ઔર ઈદ્દત સે પેહલે જિન મર્દો સે બાતચીત કી ઈજાઝત થી, અબ ઈદ્દત મેં નહીં હૈ. યે સોચ બિલ્કુલ ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે જિન મર્દો સે ઈદ્દત સે પેહલે પર્દા ઝરૂરી થા અબ ભી ઝરૂરી હૈ ઔર જિન સે પેહલે પર્દા ઝરૂર નહીં થા અબ ભી ઝરૂરી નહીં. ઈસી તરહ જિન મર્દો સે પેહલે બાત ચીત કી ઈજાઝત થી અબ ભી હૈ ઔર જિન સે પેહલે ઈજાઝત નહીં થી અબ ભી નહીં. યા'ની ઈદ્દત સે પર્દે ઔર બાતચીત કે એહકામ બદલતે નહીં હૈ, બલ્કે રેહતે હૈં. ''વકારૂલ્ફતાવા''મેં ''મુફ્તિએ આ'ઝમ પાકિસ્તાન મુફ્તી મુહમ્મદ વકાર رحمۃ اللہ علیہ ફર્માતે હૈં : ''ઈદ્દત ઔર ગૈર ઈદ્દત મેં પર્દે કે એહકામાત મેં કોઈ ફર્ક નહીં. કબ્લે ઈદ્દત જિન લોગોં સે પર્દા ફર્ઝ હૈ, દોરાને ઈદ્દત ભી ઉનસે પર્દા કરના ફર્ઝ હૈ.''

*(વકારૂલ્ફતાવા, જિલ્દ : ૩, સફહા : ૧૫૮)*

**૧૩. ઈદ્દત મેં પલંગ પર સોના કૈસા હૈ ?**

બાઝ અવામ મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે ઈદ્દતકી હાલત મેં ઓરત પલંગ પર નહીં સો સક્તી, યે સરાસર જહાલતભરી બાત હૈ. શરીઅત મેં ઈસકી કોઈ હકીકત નહીં, બલ્કે ઈદ્દત કી હાલત મેં પલંગ પર સોનેકી મુકમ્મલ ઈજાઝત હૈ. જૈસા કે ''બહારે શરીઅત'' મેં હૈ : ''ઈદ્દતકે અંદર ચારપાઈ પર સો સકતી હૈ કે યે ઝીનત મેં દાખિલ નહીં.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફહા : ૨૪૪)*

ફતાવા રઝવિય્યા મેં હૈ : ''(ઈદ્દત મેં ઓરત કો) ચારપાઈ પર સોના, બિછોના સોને યા બેઠને મેં બિછાના મના નહીં.'' *(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૧૩, સફહા : ૩૩૧)*

**૧૪. ક્યા ઈદ્દત મેં એક કોને મેં બેઠે રહના ઝરૂરી હૈ ?**

બાઝ જગહ એક ગલત તસવ્વુર યે પાયા જાતા હૈ કે ઈદ્દત મેં ઓરત કો એક કોને મેં બેઠે રહના ઝરૂરી હૈ, ખાસ તોર સે શુરૂ કે અય્યામ મેં ઝયાદા પાબંદી સે ઈસ પર અમલ કરવાયા જાતા હૈ, હાલાં કે શરઅન ઈસકી કોઈ હકીકત નહીં હૈ, બલ્કે શરીઅતકા હુકમ તો યે હૈ કે જિસ મકાન મેં ઓરત ઈદ્દત ગુઝાર રહી હૈ, વોહ મકાન ચાહે કિત્ના ભી બળા હો ઉસકે તમામ કમરોં મેં ઓરત કો આને જાનેકી ઈજાઝત રહેગી. હાં ! બિલા ઝરૂરત ઉસ મકાનસે બાહર નિકલનેકી ઈજાઝત નહીં રહેગી.

બહારે શરીઅત મેં હૈ : ''ચંદ મકાનકા એક સેહન હો ઔર વોહ સબ મકાન શોહર કે હોં તો (ઈદ્દત કે દોરાન) સેહન મેં આ સકતી હૈ, ઔરોં કે હોં તો નહીં.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફહા : ૨૪૪)*

**૧૫. ઓરત ઈદ્દત મેં હો તો ક્યા કિસી ઝરૂરત કે લિયે ભી બાહર નહીં જા સકતી ?**

બાઝ લોગ યે સમજતે હૈં કે અગર ઓરત ઈદ્દત મેં હો તો કિસી ઝરૂરત કે લિયે ભી બાહર નહીં જા સકતી, યે સોચ ગલત હૈ. અગર વાકઈ ઐસી ઝરૂરત હો કે બાહર નિકલે બગેર વોહ ઝરૂરત પૂરી નહીં હો સકતી તો ઐસી ઝરૂરત ઔર ઐસે કામ કે લિયે ઈદ્દતકે દોરાન ઓરતકો બાહર નિકલનેકી ઈજાઝત હૈ. હાં ! ઈસ બાતકા ખયાલ રખના લાઝિમ હૈ કે ઝરૂરત પૂરી હોતે હી ફૌરન ઈદ્દતવાલે મકાન મેં ચલી જાએ.

''બહારે શરીઅત''મેં હૈ : ''મોતકી ઈદ્દત મેં અગર બાહર જાનેકી હાજત હો કે ઓરત કે પાસ બકદ્રે કિફાયત (ઝરૂરતભર) માલ નહીં ઔર બાહર જાકર મેહનત મઝદૂરી કરકે લાએગી તો કામ ચલેગા, તો ઉસે ઈજાઝત હૈ કે દિન મેં ઔર રાતકે કુછ હિસ્સે મેં બાહર જાએ ઔર રાતકા અકષર હિસ્સા અપને મકાન મેં ગુઝારે, મગર હાજત સે ઝયાદા બાહર ઠેહરને કી ઈજાઝત નહીં. ઔર અગર બકદ્રે કિફાયત ઉસકે પાસ ખર્ચ મૌજૂદ હૈ તો ઉસે ભી ઘરસે નિકલના મુત્લકન મના હૈ ઔર અગર ખર્ચ મૌજૂદ હૈ મગર બાહર ન જાએ તો કોઈ નુકસાન પહોંચેગા મષલન ઝરાઅત (ખેતી) કા કોઈ દેખને ભાલનેવાલા નહીં ઔર કોઈ ઐસા નહીં જિસે ઈસ કામ પર મુકર્રર કરે તો ઈસકે લિયે ભી જા સકતી હૈ મગર રાતકો ઉસી ઘર મેં રહના હોગા. યૂહીં કોઈ સોદા લાનેવાલા (સામાન લાને વાલા) ન હો તો ઉસકે લિયે ભી જા સકતી હૈ.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફહા : ૨૪૫)*

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત
અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ◆◆◆◆◆◆◆◆◆ હપ્તો : ૧૬

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ★ મસાઈલે ફિક઼્હી ★

**મસ્અલા–૧ :** જ્યારે કોઈ શખ્સ બીજાના મકાન પર જાય તો પહેલાં અંદર આવવાની પરવાનગી હાંસલ કરે, પછી જ્યારે અંદર જાય તો પહેલાં સલામ કરે એ પછી વાતચીત અને જો જેની પાસે ગયો છે તે બહાર છે તો પરવાનગીની જરૂરત નથી, સલામ કરે તેના પછી વાતો શરૂ કરે. *(ખાનીયા)*

**મસ્અલા–૨ : કોઈના દરવાજા પર જઈને અવાજ આપ્યો, તેણે કહ્યું, કોણ ? તેના જવાબમાં એવું ન કહે કે ''હું !'' જેવું કે ઘણા લોકો ''હું'' કહીને જવાબ આપે છે. આ જવાબને હુઝૂરે અકદસ ﷺએ નાપસંદ કર્યો, બલ્કે જવાબમાં પોતાનું નામ બતાવે કારણ કે ''હું'' નો શબ્દ તો દરેક શખ્સ પોતાના માટે કહી શકે છે, આ જવાબ જ ક્યાં થયો ?!**

**મસ્અલા–૩ :** અને જો તમે પરવાનગી માગી અને ઘરવાળાઓએ પરવાનગી ન આપી તો તેમનાથી નારાજ ન થાવ, પોતાના દિલમાં નારાજગી ન લાવો, ખુશી ખુશી ત્યાંથી પરત થઈ જાવ. બની શકે છે તે સમયે તેની પાસે તમને મળવાનો સમય ન હોય, કોઈ જરૂરી કામમાં મગ્ન હોય.

**મસ્અલા–૪ :** અને એવા મકાનમાં જવાનું થાય કે જેમાં કોઈ ન હોય તો કહો ''અસ્સલામુ અ઼લયના વઅ઼લા ઈબાદિલ્લા હિસ્સાલિહીન'' ફરિશ્તાઓ આ સલામનો જવાબ આપશે. (રદ્દુલ મુહતાર) અથવા એવું કહે ''અસ્સલામુ અ઼લયક અય્યુહન્નબી'' કારણ કે **હુઝૂર ﷺની રૂહે મુબારક મુસલમાનોના ઘરોમાં તશરીફ ફર્મા છે.** *(શિફા વ શર્હે શિફા)*

**મસ્અલા–૫ :** આવવાવાળાએ સલામ ન કરી અને વાતચીત શરૂ કરી દીધી તો તેને હક઼ છે કે તેનો જવાબ ન આપે કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે સલામથી પહેલાં વાત કરી તેની વાતનો જવાબ ન આપો. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૬ : આવવાના સમયે પણ સલામ કરે અને જવાના સમયે પણ, ત્યાં સુધી કે બંનેવ વચ્ચે દીવાલ અથવા વૃક્ષ આવી જાય તો પણ સલામ કરે.** *(રદ્દુલ મુહતાર)*

## ★ સલામનું બયાન ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاِذَا حُيِّيْتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَآ اَوْ رُدُّوْهَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَىْءٍ حَسِيْبًا

જ્યારે તમને કોઈ શબ્દથી સલામ કરે તો તમે એનાથી સારા શબ્દથી જવાબ આપો અથવા તો એ જ કહી દો. બેશક ! અલ્લાહ દરેક વસ્તુ પર હિસાબ લેવાવાળો છે. *(સૂ. નિસાઅ, ૪/૮૬)*

અને ફર્માવે છે :–

فَاِذَا دَخَلْتُمْ بُيُوْتًا فَسَلِّمُوْا عَلٰٓى اَنْفُسِكُمْ تَحِيَّةً مِّنْ عِنْدِ اللّٰهِ مُبٰرَكَةً طَيِّبَةً ؕ

જ્યારે તમે ઘરોમાં જાવ તો પોતાના લોકોને સલામ કરો. અલ્લાહની તરફથી પાકી છે મુબારક પાકીઝા. *(સૂ. નૂર, ૨૪/૬૧)*

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કે અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامને તેમની સૂરતમાં પેદા ફર્માવ્યા. તેમનું કદ સાઈઠ હાથનું હતું. જ્યારે પેદા કર્યા તો ફર્માવ્યું, ફરિશ્તાઓની પાસે જાવ અને સલામ કરો અને સાંભળો કે એ તમને શો જવાબ આપે છે. હઝરત આદમ علیہ السلامએ અસ્સલામુ અલયકુમ કહ્યું, તેમણે જવાબમાં કહ્યું. અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ. હુઝૂરે ફર્માવ્યું, કે જવાબમાં ફરિશ્તાઓએ વરહમતુલ્લાહ વધારે કહ્યું. હુઝૂરે ફર્માવ્યું, જે શખ્સ જન્નતમાં જશે તે આદમ علیہ السلامની સૂરતવાળો હશે અને ૬૦ (સાઈઠ) હાથ લાંબો હશે. આદમ علیہ السلام પછી લોકોની ખલ્કત (શરીર રચના) ઓછી થઈ ગઈ ત્યાં સુધી કે હવે (ઘણા નાના કદનો ઈન્સાન હોય છે).

**હદીષ–૨** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી પૂછયું કે ઈસ્લામની કઈ વસ્તુ સૌથી સારી છે ? હુઝૂરે ફર્માવ્યું, ખાવાનું ખવડાવો અને જેમને ઓળખો છો અને નથી ઓળખતા સૌને સલામ કરો.

**હદીષ–૩** : નિસાઈએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એક મોમિનના બીજા મોમિન પર છ (૬) હક્કો છે.

૧. જ્યારે તે બીમાર હોય તો ખબર લેવા જાય.

૨. જ્યારે મરી જાય તો તેના જનાઝામાં હાજર થાય.

૩. જ્યારે તે બોલાવે તો ઈજાબત કરે એટલે કે હાજર થાય.

૪. જ્યારે તેનાથી મળે તો સલામ કરે.

૫. જ્યારે છીંક આવે તો જવાબ આપે.

૬. હાજર અથવા ગાયબમાં તેની ભલાઈ ચાહે

**હદીષ–૪** : તિર્મિઝી વ દારમીએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મુસ્લિમના મુસ્લિમ પર છ (૬) હક્કો છે મશ્હૂરની સાથે :

૧. જ્યારે તેનાથી મુલાકાત કરે તો સલામ કરે.

૨. જ્યારે તે બોલાવે તો ઉપસ્થિત થાય.

૩. છીંક આવે તો જવાબ આપે.

૪. જ્યારે બીમાર થાય તો ખબર લેવા જાય.

૫. જ્યારે તે મરી જાય તો તેના જનાઝાની સાથે જાય.

૬. જે વસ્તુ પોતાના માટે પસંદ કરે તો તેના માટે પસંદ કરે.

**હદીષ–૫** : સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કે **જન્નતમાં તમે નહીં જઈ શકો જ્યાં સુધી ઈમાન ન લાવો અને તમે મોમિન નથી જ્યાં સુધી આપસમાં મહોબ્બત ન કરો. શું તમને એ વસ્તુ ન બતાવું કે જ્યાં સુધી તેને કરો તો આપસમાં મહોબ્બત કરવા લાગશો, તે એ છે કે આપસમાં સલામનો પ્રચાર કરો.**

**હદીષ–૬** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ

www.barkatekhwaja.net

દાઊદ, અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ પહેલાં સલામ કરે તે રહમતે ઈલાહીનો વધારે હક્કદાર છે.

**હદીષ-૭** : બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે પહેલાં સલામ કરે છે તે તકબ્બુરથી આઝાદ છે.

**હદીષ-૮** : અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ પોતાના ભાઈથી મળે તો તેને સલામ કરે, પછી બંનેવની વચ્ચે વૃક્ષ અથવા દિવાલ અથવા પત્થર વચ્ચે આવી જાય અને ફરીથી મુલાકાત થાય તો ફરીથી સલામ કરે.

**હદીષ-૯** : તિર્મિઝીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બેટા ! જ્યારે ઘરવાળાંઓની પાસે જાવ તો તેમને સલામ કરો, તારા પર અને તારા ઘરવાળાંઓ પર તેની બરકત થશે.

**હદીષ-૧૦** : તિર્મિઝીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સલામ વાતચીત કરતા પહેલાં છે.

**હદીષ-૧૧** : તિર્મિઝીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી ફર્માવ્યું, સલામ કલામથી (વાતથી) પહેલાં હોવી જોઈએ, અને કોઈને ખાવા ન બોલાવો જ્યાં સુધી કે તે સલામ ન કરે.

**હદીષ-૧૨** : ઈબ્ને નઝઝારે હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, પ્રશ્ન પહેલાં સલામ છે, જે શખ્સ સલામથી પહેલાં પ્રશ્ન કરે તેને જવાબ ન આપો.

**હદીષ-૧૩** : તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈ મહેફિલમાં પહોંચે તો સલામ કરે. પછી જો ત્યાં બેસવાનું હોય તો બેસી જાય, પછી જ્યારે ત્યાંથી ઉઠે સલામ કરે કેમ કે પહેલાં વખતનો સલામ પાછલા વખતના સલામથી વધારે બેહતર નથી, એટલે કે જેવી રીતે તે સુન્નત છે આ પણ સુન્નત છે.

**હદીષ-૧૪** : ઈમામ માલિક વ બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં તુફૈલ બિન ઉબૈય બિન કઅબથી રિવાયત કરી કે સવારે ઈબ્ને ઉમર رضی اللہ عنہને ત્યાં જતા તો તે પોતાની સાથે બજારમાં લઈ જતા. તે હલકી વસ્તુઓ વેચવાવાળા અને કોઈ વેચવાવાળાને અને મિસ્કીન અથવા કોઈના સામેથી પસાર થતા સૌને સલામ કરતા. તુફૈલ કહે છે કે **એક દિવસ હું અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہની ત્યાં આવ્યો તેમણે બજારમાં જવાનું કહ્યું. મેં કહ્યું, તમે બજારમાં જઈને શું કરશો ? કે તમે ત્યાં ન તો ઉભા રહો છો ન ખરીદ વેચાણના સંબંધે કોઈ પૂછતાછ કરો છો ન કોઈ વસ્તુની કિંમત ચૂકવો છો અને ન બજારની મહેફિલમાં બેસો છો, અહીં જ બેસીને વાતો કરો, એટલે કે હદીષો સંભળાવો. તેમણે ફર્માવ્યું, આપણે સલામ કરવા બજારમાં જઈએ છીએ કે જે મળશે તેને સલામ કરીશું.**

**હદીષ-૧૫** : ઈમામ અહમદ વ બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે એક દિવસ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં એક શખ્સ ઉપસ્થિત થયો અને અર્ઝ કરી કે ફલાણા શખ્સનાં મારા બાગમાં કેટલાંક ફળો છે તેના કારણે મને તકલીફ પહોંચાડે છે. હુઝૂરે માણસ મોકલી તેને બોલાવ્યો અને ફર્માવ્યું, પોતાના ફળોને વેંચી નાખો. તેણે કહ્યું, નહીં વેચું. હુઝૂરે ફર્માવ્યું, ભેટ આપી દો ! તેણે કહ્યું, ના ! હુઝૂરે ફર્માવ્યું, એને જન્નતના ફળના બદલામાં વેચી દો ! તેણે કહ્યું, નહીં ! હુઝૂરે ફર્માવ્યું, તારાથી વધીને કંજૂસ મેં નથી જોયો, પરંતું તે શખ્સ જે સલામ કરવામાં બખીલી કરે છે. –*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

મસ્અલા-૬

# શફાઅત કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## હદીષ-૭

### ★ હુઝૂર મો'મિનોને દોઝખથી કાઢી જન્નતમાં દાખલ કરશે ★

અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે પછી લોકો મારી પાસે આવશે તો હું મારા રબ ﷻથી શફાઅતની અનુમતિ માગીશ અને તે મને શફાઅતની અનુમતિ અર્પણ કરી દેશે તો હું અલ્લાહ તઆલાના આ ખાસ ઈનામ તથા ઈકરામ પર સજદામાં પડી જઈશ અને તે જ્યાં સુધી ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી ફર્માવવામાં આવશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને કહો આપની વાત સાંભળવામાં આવશે. જે કાંઈ માગવું હોય માગી લો, સૌ અતા કરી દેવામાં આવશે અને શફાઅત કરો શફાઅત કબૂલ કરવામાં આવશે.

તો હું મારું માથુ ઉઠાવીશ અને રબ ﷻની હમ્દો ષના એ કલમાઓ થકી કરીશ જે મને મારો રબ તાલીમ ફર્માવશે. પછી શફાઅત કરીશ તો મારા માટે એક હદ નિશ્ચિત કરી આપશે. તો હું એ હદમાં આવનારા સર્વ લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરી દઈશ.

પછી હું ફરીવાર સજદામાં પડી જઈશ અને અલ્લાહ તઆલા જ્યાં સુધી ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી આદેશ થશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને અરજ પેશ કરો આપની વાત સાંભળવા આવશે. જે કાંઈ માગવુ હોય માગી લો, સૌ અર્પણ કરી દેવામાં આવશે, અને શફાઅત કરો શફાઅત કબૂલ કરવામાં આવશે.

હવે હું મારુ માથુ ઉઠાવીશ અને મારા રબની હમ્દ એ રીતે કરીશ જેવી મને મારો રબ તાલીમ ફર્માવશે. પછી શફાઅત કરીશ તો મારા માટે એક હદ નિશ્ચિત કરી દેવામાં આવશે, પછી હું એ હદમાં આવનારા સર્વ લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરીશ. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૯, કિતાબુલ ઈમાન)*

રાવીને શંકા છે કે સરકાર ﷺએ ત્રીજી કે ચોથી વાર ફર્માવ્યું કે હું અર્ઝ કરીશ, પરવરદિગાર ! જહન્નમમાં હવે તે જ લોકો રહી ગયા છે જેમને કુર્આને હમેશાં માટે જહન્નમી ઠરાવી દીધા છે.

એક અન્ય રિવાયતમાં હદીષના રાવી અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہએ વિશ્વાસપૂર્વક આ પ્રમાણે વર્ણવ્યું છે : ચોથીવાર હુઝૂર બારગાહે ઈલાહીમાં અર્ઝ કરશે કે પરવરદિગાર ! હવે જહન્નમમાં કેવળ તે જ લોકો રહી ગયા છે જેમને કુર્આને રોકી રાખ્યા છે, એટલે હમેશાં માટે તેમનું જહન્નમમાં રહેવું અનિવાર્ય કરી આપ્યું છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૯, કિતાબુલ ઈમાન, સહીહ બુખારી, ૨/૧૧૦૧, કિતાબુત્તૌહીદ)*

તો અલ્લાહ ﷻ ફર્માવશે કે ફરિશ્તા શફાઅત કરી ચૂક્યા અને અંબિયા પણ શફાઅત કરી ચૂક્યા, અને મો'મિનો પણ શફાઅત કરી ચૂક્યા અને અર્હમુર્રાહિમીન સિવાય કોઈ બાકી ન રહ્યું.

પછી તે એ સર્વ લોકોને જહન્નમથી કાઢી નાખશે જેમણે કદી કોઈ ભલાઈનુ કાર્ય ન કર્યું હશે અને તેઓ સૌ બળીને કોલસો બની ચૂક્યા હશે પછી તેમને બાબે જન્નત પર આવેલા એક દરિયામાં જેને "દરિયાએ હયાત" કહેવામાં આવે છે તેમાં નાખી દેશે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૩, કિતાબુલ ઈમાન.... મજલિસે બરકાત)*

હઝરત અનસ رضی اللہ عنہની એક રિવાયતમાં

www.barkatekhwaja.net

શફાઅતની હદીષના શબ્દો આ પ્રમાણે છે : પછી લોકો હઝરત ઈસા علیہ السلام ની ખિદમતમાં હાજર થશે તો તે ફર્માવશે, મારો એ હોદ્દો નથી, પરંતુ તમે લોકો મુહમ્મદ ﷺની ખિદમતમાં જાવ.

હવે લોકો મારી પાસે હાજર થશે તો હું કહીશ, أَنَا لَهَا હું આ શફાઅત કરીશ (આ શફાઅત મારો હોદ્દો છે.) હું સૌને સાથે લઈને ચાલીશ અને મારા રબથી શફાઅતની અનુમતિ માગીશ તો મને ઈજાઝત અતા કરવામાં આવશે. હવે હું અલ્લાહ ﷻની બારગાહમાં હાજર થઈને અલ્લાહની એવી એવી અઝીમો જલીલ (મહાન મહાન) પ્રશંસાઓ કરીશ જે અત્યારે હું નથી કરી શકતો. અલ્લાહ તઆલા મને તે પ્રશંસાના શબ્દો (કલમા) ઈલ્હામ કરશે. પછી હું તેની બારગાહમાં સજદામાં પડી જઈશ. તો મને કહેવામાં આવશે, હે મુહમ્મદ ! તમારું માથુ ઉઠાવો અને તમારી માગણી પેશ કરો, સાંભળવામાં આવશે. સવાલ કરો, અર્પણ કરવામાં આવશે અને શફાઅત કરો આપની શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ, હે પરવરદિગાર ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! (એટલે એને બખ્શી દે)

તો મને હુકમ થશે કે, હે મહબૂબ ! જાવ ! અને જેના દિલમાં ઘઉં અથવા જવના દાણા બરાબર પણ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી લો.

પછી હું મારા રબ ﷻની બારગામાં હાજર થઈને તેના જ ઈલ્હામ કરેલા કલમાઓ વડે તેની હમ્દો ષનામાં લાગી જઈશ. પછી સજદામાં પડી જઈશ તો મને કહેવામાં આવશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને તમારી વાત કહો, તમારી વાત માનવામાં આવશે. જે કાંઈ માગવુ હોય માગી લો, અતા કરવામાં ાવશે અને શફાઅત કરો કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ કે હે રબ ! મારી ઉમ્મતને બખ્શી દે ! હે રબ ! મારી ઉમ્મતને બખ્શી દે.

તો મને કહેવામાં આવશે કે મહબૂબ ! જાવ ! અને જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી નાખો. તો હું જઈને એવા સર્વ લોકોને જહન્નમથી બહાર કરી દઈશ.

પછી હું મારા રબની બારગાહમાં જઈને તેના તે જ ઈલ્હામી કલમાઓ વડે તેની તારીફ તથા તૌસીફ કરીશ. પછી સજદામાં ચાલ્યો જઈશ, તો ફર્માવવામાં આવશે કે, હે મુહમ્મદ ! માથુ ઉઠાવો અને કહો, તમારી વાત સાંભળવામાં આવશે, માગો ! અતા કરવામાં આવશે, અને શફાઅત કરો આપની શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ, હે રબ ! મારી ઉમ્મતને બખ્શી આપ ! હે રબ ! મારી ઉમ્મતને બખ્શી આપ. તો ફર્માવવામાં આવશે, જાવ ! અને જેના દિલમાં રાઈના દાણા કરતાં પણ ઓછુ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી લાવો. તો હું જઈને એવા સર્વ લોકોને જહન્નમથી બહાર કાઢી લાવીશ. *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૦, બાબો અસ્બાતિશ્શફાઅત....., મજલિસે બરકાત, મુબારકપુર, સહીહ બુખારી, ૨/૧૧૧૮)*

આ હદીષોથી ખૂબ જ સ્પષ્ટપણે સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ કયામતના દિવસે બિઈઝ્નિલ્લાહ (અલ્લાહના હુકમથી) શફાઅત કરશે અને અલ્લાહ તઆલા આપની શફાઅત કબૂલ કરશે. આપ શફાઅત કરશે અને અલ્લાહ તઆલા આપની શફાઅત કબૂલ કરશે. આ શફાઅત ઉમ્મતના ગુનેહગારોને જહન્નમથી કાઢવા માટે પણ હશે અને જહન્નમમાં જવાથી બચાવવાના માટે પણ હશે, અને હિસાબ કિતાબ શરૂ થવાના માટે પણ અને દરજાઓની બુલંદી માટે પણ હશે. આ સર્વ શફાઅતોની સાબિતી મુબારક હદીષોમાં મૌજૂદ છે.

## શફાઅતની હદીષો મુતવાતિર છે અને શફાઅતની સાબિતી માટે અહલે સુન્નતનો ઈજમાઅ છે

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આખેરતમાં ઉમ્મતના ગુનેહગારોની શફાઅતના બારામાં આષાર (સહાબાના કથનો) એટલા પ્રમાણમાં આવેલ છે કે તે સામૂહિક રીતે તવાતુરની હદે પહોંચે છે અને સલફે સાલેહીન અને બાદના અહલે સુન્નતનો એના પર ઈજમાઅ પણ છે. *(ક્રમશઃ)*



www.barkatekhwaja.net

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**બીજી સદીના મુજદ્દિદ ૧**

# હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ علیہ

***(હિ.સ. ૧૫૦ થી ૨૦૪)***

*(કાર્યાલય)*

## ★ ફિક્હ (દીની મસાઈલ)ના ઈલ્મમાં આપની સેવાઓ ★

ફિક્હના મેદાનના પણ આપ મહાન સેનાપતિ છે. સબબ એ છે કે આપે ઈબ્ને જુરૈજ મક્કાના ફક્રીહની કિતાબો તેમના શાગિર્દોથી હાંસલ કરી હતી. ઈમામ માલિક બિન અનસની ફિક્હ ડાયરેક્ટ તેમનાથી જ પ્રાપ્ત કર્યો હતો. ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ફિક્હ તેમના ચહીતા શાગિર્દ મુહમ્મદ બિન હસનથી હાંસલ કર્યો હતો. ઈમામ અવઝાઈની ફિક્હ તેમના શાગિર્દ અમ્ર બિન અબી સલમા رضی اللہ عنہاથી અને લૈષ બિન સઅદની ફિક્હ તેમના શાગિર્દ યહ્યા બિન હસ્સાનથી હાંસલ કરી. એ જ પ્રમાણે મક્કા મદીના અને કૂફાના જલીલુલ ક્દર (મહાન શાનવાળા) ફક્રીહોની ફક્રાહત આપની જાતમાં જમા થઈ ગઈ. ફિક્હ તથા ઉસૂલે ફિક્હમાં આપની મહારતનો અંદાઝો આપની કિતાબો : કિતાબુલ અમ, અર્રિસાલા, કિતાબુલ હજ્જ, કિતાબુલ મબ્સૂત, કિતાબુલ અલલ વગેરેથી છે જે ઈલ્મી સંશોધનનો એક અસીમ ખજાનાની હૈસિયત ધરાવે છે. તેમજ ઉસૂલે ફિક્હના પ્રથમ શ્રેણીના સંપાદક હોવાના કારણે આપનો મર્તબો ખૂબ જ ઉચ્ચતમ છે. જેમ કે અસ્નવી કહે છે : "બેશક ! ઈમામ શાફઈનું ઉસૂલે ફિક્હના અવ્વલ સંપાદક હોવું એના પર ઈજમાઅ છે.

*(શઝરાતુઝ્ઝહબ, ૩/૧૫)*

બદરુદ્દીન ઝરકશીએ ફર્માવ્યું કે, "ઈમામ શાફઈ તે પ્રથમ શખ્સ છે જેમણે ઉસૂલે ફિક્હમાં કિતાબ લખી. આ વિષયમાં તેમણે કિતાબુર્રિસાલા, અહકામુલ કુર્આન, ઈખ્તેલાફુલ હદીષ, ઈબ્તાલુલ ઈસ્તિહ્સાન, કિતાબુલ ઈજમાઈલ ઈલ્મ તથા કિતાબુલ કિ્યાસ લખીને ઈલ્મવાળાઓ થકી શાબાશી તથા દાદ મેળવી.

*(અલ બહરુલ મુહીત)*

આપનાથી પહેલાં ફક્રીહો ઈસ્તંબાતે મસાઈલ (મસાઈલ કાઢવામાં) શરીઅતના મઆની અને તેના હુકમોના મક્સદો અને નુસૂસ (આયતો)ના હેતુઓ તથા ઉદ્દેશોની ઓળખના માટે પોતાની સમજબુઝ પર ભરોસો કરતા હતા. આપે સંપૂર્ણ કાયદા તથા બંધારણો (ધારા ધોરણો) ઘડયાં અને કેવળ એની જ રોશનીમાં મસાઈલોની તારવણી કરી. જેમ કે ઈમામ રઝાએ આપની આ જ સુંદર કોશિશથી પ્રભાવિત થઈને ફર્માવ્યું : ઈલ્મે ઉસૂલની તરફ ઈમામ શાફઈની નિસ્બત એવી જ છે જેવી ઈલ્મે મંતિક (મનોવિજ્ઞાન)ની નિસ્બત અરસ્તુની તરફ, અને ખલીલ ઈબ્ને અહમદની નિસ્બત ઈલ્મે ઉરૂજ (શેર શાયરીના ઈલ્મ)ની તરફ.

*(શાફઈ, પેજ-૧૬૨)*

## ★ શાફઈ ફિક્હના ધારા ધોરણો ★

ઈમામ શાફઈ رضی اللہ عنہ મસાઈલોને કાઢવામાં નીચે પ્રમાણેના પાંચ ઉસૂલોનો એતબાર કરે છે : (૧) કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)થી સાબિત : ઈમામ શાફઈ સુન્નતને કિતાબની સાથે એક જ કક્ષામાં રાખે છે. એટલા માટે કે સુન્નત (હદીષ)એ કિતાબ (કુર્આન)ના ટૂંકાણની વિસ્તારપૂર્વક વિગત વર્ણવે છે પરંતું હદીષ ખબરે આહાદ હોય તો ન તે કુર્આનના મર્તબામાં છે ન કુર્આનની વિરૂધ્ધ છે. (૨) ઈજમાઅ : ઈજમાઅ ઈમામ શાફઈની નજીક એ ફક્રીહોનો મોઅતબર (વિશ્વસનીય) છે જેને ખાસ ઈલ્મ આપવામાં આવ્યો છે. (૩) સહાબીનો ક્રૌલ : તેમનો એ ક્રૌલ એવો હોય કે કોઈએ તેમના એ ક્રૌલનો વિરોધ ન કર્યો હોય. (૪) સહાબાનો મતભેદ : આપ સહાબાના મતભેદને વિશ્વસનીય માને છે, અને તે સહાબાના ક્રૌલ પર અમલ કરે છે જેમનો ક્રૌલ કિતાબ તથા સુન્નતથી નિકટતર હોય. (૫) ક્યાસ : આપ એવા ક્યાસને વિશ્વસનીય માને છે જે ઉપર વર્ણવેલ ઉસૂલો વડે ક્રમસર મુસ્તંબિત (કાઢવામાં આવેલ) હોય. *(કિતાબુલ અમ, ૭/૪૬)*

www.barkatekhwaja.net

ઈમામ શાફઈ ખુદ મુજતહિદ મુત્લક઼ હતા એટલા માટે આપે હિજાઝ તથા ઈરાકના ફક઼ીહોને સામે રાખીને મધ્યમ માર્ગ અપનાવ્યો. જેમ કે આપે ખાસ ધારા ધોરણો હેઠળ મસાઈલ ઈસ્તિંબાત કર્યા (તારવ્યા) એ ઉસૂલોથી હટીને ફક઼ીહો ફત્વો દુરુસ્ત જાણતા ન હતા. જેમ કે ફર્માવ્યું : ક઼ાઝી (ન્યાયાધીશ) તથા મુફતી ફૈંસલો તથા ફત્વો એ વખતે જ આપે જ્યારે કે કિતાબુલ્લાહના આલિમ હોય, તાવીલ (અર્થઘટન) કરનારાઓએ એમની તાવીલમાં એ પણ કહ્યું, સુન્નતોના પણ આલિમ હોય અને ઉલમાના મતભેદોને પણ જાણતા હોય. *(જામિઉલ બયાન, ૨/૮૨)*

હઝરત ઈમામ શાફઈએ પોતાની ખુદાદાદ બુધ્ધિ ક્ષમતા તથા બુધ્ધિ કૌશલ્યના થકી કુર્આન પાકથી દલીલ કરવા તથા ઈસ્તિંબાતના માટે દુર્લભ ધારા ધોરણો ઘડયાં. જેમ કે આપે કુર્આનના આમ તથા ખાસ પર કલામ (ચર્ચા) કરી....

## ★ ઈમામ શાફઈ અને તફસીરે કુર્આન ★

ઈમામ શાફઈ પોતાના દૌરના મુજતહિદ મુત્લક઼ હતા, જેથી કુર્આની ઈલ્મો તથા તફસીર વગેરેમાં પણ આપની ઈલ્મી મહાનતા ઉમ્મતના પેશવાઓ નજીક D] < D sl; wWYI [ f KP *(અહકામુલ કુર્આન)* આપની દુર્લભ કૃતિઓ આના અનુસંધાનની એક કડી છે. કુર્આની ઈલ્મો તથા તેના એહકામ (હુકમો) વગેરે પર આપે જે તેહક઼ીક઼ી કામ કર્યું છે તે આપનો જ હિસ્સો છે. આપની જલાલત (મહાનતા) સંબંધે અમુક કથનો જુઓ :

ઈમામ યૂનુસ ઈબ્ને અબ્દુલ આ'લા ફર્માવે છે : ઈમામ શાફઈ رضی اللہ عنہ ઘણી જ ખૂબીપૂર્વક કુર્આનની તફસીર કરતા હતા. જેમ કે આપ ખુદ ફર્માવે છે, કુર્આને કરીમમાં કોઈ કલમો (શબ્દ) નથી જેનો મતલબ તથા મુહાવરો અરબના લેહાઝથી હું ન જાણતો હોઉં.

*(ઈત્તહાફુલ મુહરહ, ૪/૬૪)*

જેમ કે આયતે કરીમા :–

كَلَّآ اِنَّهُمۡ عَنۡ رَّبِّهِمۡ يَوۡمَئِذٍ لَّمَحۡجُوۡبُوۡنَ﴿۱۵﴾ (હા ! હા ! બેશક ! તે એ દિવસે પોતાના રબના દીદારથી વંચિત છે. સૂ. મુતફ્ફિફીન, ૮૩/૧૫)ના બારામાં ઈમામ શાફઈ ફર્માવે છે કે, નારાઝગીના આધારે એક કૌમનું મહજૂબ (છુપા હોવું) પુરવાર કરે છે કે રઝામંદીના કારણે બીજી કૌમ તેને જોશે. તેમજ ફર્માવે છે, ખુદાની ક઼સમ ! જો મુહમ્મદ બિન ઈદરીસ (શાફઈ)ને એ વાતનું યક઼ીન ન હોત કે આખેરતમાં પોતાના રબને જોશે તો દુનિયામાં તેની ઈબાદત ન કરત.

## ★ ઈમામ શાફઈ અને મુનાઝરા ★

ઈમામ શાફઈ પોતાના દૌરના કેવળ ફક઼ીહ તથા મુહદ્દિષ જ ન હતા બલ્કે ખુદાદાદ બુધ્ધિ તથા સમજના આધારે એક બેબાક (સ્પષ્ટભાષી) મુનાઝિર પણ હતા. ફિક઼્હી બાબતોમાં આપે વિરોધીઓ સાથે મુનાઝરા કર્યા. જેમ કે એકવાર નમાઝ છોડનારના બારામાં ઈમામ અહમદ તથા ઈમામ શાફઈમાં મુનાઝરો થયો. ઈમામ શાફઈએ ફર્માવ્યું, શું તમે નમાઝ છોડનારને કાફિર કહો છો ? ઈમામ અહમદે ફર્માવ્યું, હા ! ઈમામ શાફઈએ ફર્માવ્યું, પછી તે મુસલમાન થવા ચાહે તો શું કરે ? ઈમામ અહમદે જવાબ આપ્યો : لا إله إلا الله محمد رسول الله ની ગવાહી આપે. ઈમામ શાફઈએ ફર્માવ્યું, આ હુકમનો તે હમેશા સ્વીકાર કરનાર છે. ઈમામ અહમદે કહ્યું, તો તે નમાઝ પઢવાથી મુસલમાન થશે. ઈમામ શાફઈએ ફર્માવ્યું, صلوۃ الکافر لا یصح ولا یحکم بالاسلام بہا "કાફિરની નમાઝ થતી જ નથી, તો હવે તેનાથી તેના ઈસ્લામનો હુકમ કેવી રીતે સાબિત થશે ?" આ સાંભળીને ઈમામ અહમદ ચૂપ થઈ ગયા અને મૌન ધારણ કરી લીધું. *(સીરતે, શાફઈ)*

એ જ કારણે ઉમ્મતના ફાઝિલોને આપની શાને મુનાઝરા પણ સ્વીકાર્ય હતી. જેમ કે હારૂન ઈબ્ને સઈદે ફર્માવ્યું : ઈમામ શાફઈ જો પથ્થરના થાંભલાને સાબિત કરવા માટે મુનાઝરો કરે તો તે પોતાની મુનાઝરાની શક્તિના આધારે ગાલિબ આવશે, એટલે એવું કરશે.

*(સીરતે શાફઈય્યા, પેજ–૧૨૪)*

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ હકીમે કહ્યું કે જો ઈમામ શાફઈથી મુનાઝરો કરતા તો તમે ખયાલ કરતા કે તે વરૂની જેમ તમને ખાય જશે. *(સીરતે શાફઈય્યા, પેજ–૧૨૪)*



www.barkatekhwaja.net

# વલી પીરમાં

## કઈ બાર ખૂબીઓ હોવી જોઈએ ?

કાર્યાલય

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ "કલાઈદુલ જવાહિર" કિતાબમાં લખે છે કે કોઈ બંદો એ સમય સુધી કમાલવાળો થઈ જ નથી શકતો, પીર નથી બની શકતો જ્યાં સુધી તેની અંદર ૧૨ ખૂબીઓ ન હોય. હવે હું તમને ૧૨ ગણીને બતાવું છું એ રીતે કે ફટાફટ યાદ રહી જશે. ૧૨ની સંખ્યા જોઈને માણસ ગભરાય જાય છે પણ ૧૨ ખૂબીઓ ખૂબ જ આસાન છે. ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે કે એમાંથી બે અલ્લાહ عزوجل વાળી છે, બે નબી પાક صلی اللہ علیہ وسلم વાળી છે, બે અબૂબક્રવાળી છે, બે ઉમરવાળી છે, બે ઉષ્માન ગની વાળી છે, બે અલીવાળી છે. رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن

**અલ્લાહવાળી બે ખૂબીઓ** : જે છે તે દરેક વલીમાં હોવી જોઈએ તે શું છે ? અલ્લાહનો વલી હમેશાં (૧) પર્દો નાખનારો હશે, (૨) ગુનાહ માફ કરનારો હશે. (કેમ કે અલ્લાહ સત્તાર (અયબો ઢાંકનાર) તથા ગફફાર (માફી આપનારો) છે.

**નબી કરીમ રઉફો રહીમ صلی اللہ علیہ وسلم વાળી બે ખૂબીઓ** : જે દરેક વલીમાં હશે તે એ કે તે (૧) શફકત (સહાનુભૂતિ) કરનારો તથા (૨) રહમત કરનારો હોય. (નબી صلی اللہ علیہ وسلم કરમ – દયા કરનાર તથા રહમતુલ લિલ્ આલમીન છે.)

**અબૂબક્ર رضی اللہ عنہ વાળી બે ખૂબીઓ** : જે દરેક વલીમાં હોવી જોઈએ તે એ છે કે (૧) તે સાચુ બોલનાર હોય અને (૨) સદકા ખૈરાત કરવાનો માહિર હોય. ફકીર વલી કદી જૂઠ્ઠુ નથી બોલતો. ખુદાની કસમ ! જૂઠ બોલનારને ન કશ્ફ થાય છે, ન ઈલ્હામ થાય છે, ન અલ્લાહ સાથે લાઈન સીધી રહે છે, ન તેને સાચો ખ્વાબ આવે છે. અને મુતસદ્દિક એટલે સદકા કરનારો, ખૈરાત કરનાર, ફકીરોનો લંગર ચલાવવો પણ ઘણો જ મોટો સદકો છે. ઈલ્મની ખૈરાત વહેંચવી પણ સદકો છે. ગરીબો ફકીરોને ખૈરાત વહેંચવી પણ સદકો છે.

*જિતના ખર્ચ મૈં કરતા જાઉં – ઉતના બઢતા જાએ હૈ*
*બખ્શ દિયા ઐસા સરમાયા મુઝકો મેરે આકાને*

એ ખર્ચ કરવાથી વધે છે. દરવાજા પર આવીને કોઈ સવાલી દસ, વીસ, સો પચાસ માગી લે તો કદી હોવા છતાં તેને ખાલી હાથે નથી પરત કરતો. ફકીરો (વલી અલ્લાહ)ને ધોકા પણ આપી દેવામાં આવે તો ફકીર ધોકા ખાય જાય છે, ધોકાથી લોકો લઈ જાય છે કે, હું ફલાણાની (સૈયદની કે અન્ય કોઈની) ઔલાદ છું. એ કોઈ વાર ઔલાદ હોય છે કોઈ વાર નથી હોતો. ફકીરને ખબર પણ હોય છે કે એ કાંઈ ફલાણાની ઔલાદ નથી !

અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ એક ગુલામને જોયો કે ઘણી સારી નમાઝ પઢે છે. કહ્યું, ઘણી પ્યારી નમાઝ પઢો છો, જાવ ! મેં તમને આઝાદ કર્યા. તેમના ઘણા ગુલામ હતા. સર્વ ગુલામો સારી સારી નમાઝ પઢવા લાગી ગયા કે આ તો જેને સારી નમાઝ પઢતો જુએ છે તેને આઝાદ કરી દે છે ! આપે બધાને આઝાદ કરવાનુ શરૂ કરી આપ્યું ! એક બંદાએ કહ્યું, હુઝૂર ! ભોળા છો ! આ લોકો આપને બનાવી રહ્યા છે ! ધોકો આપી રહ્યા છે. કહ્યું, મને ખબર છે, પણ જે અલ્લાહના નામ પર અમને ધોકો આપે છે તો અમે ધોકો ખાય જઈએ છીએ !

*હમ ફકીરોં કી બાત મત પૂછો*
*હમ બળે માલદાર હોતે હૈં !*

વળી જે હક્કદારને પણ આપે જે નાહક્કદારને

પણ આપે, તેને અલ્લાહ ખોટ નથી આવવા દેતો. હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે, ભાઈ અજબની વાત છે કે તું જે હક્કદાર છે તેને પણ આપે, જે હક્કદાર નથી તેને પણ આપે, જેથી તને અલ્લાહ તે પણ આપે જેનો તું હક્કદાર છે અને તને તે પણ આપે જેનો તું હક્કદાર નથી ! આપણો કયો હક્ક છે અલ્લાહની બારગાહમાં ? આપણે હક્કદાર ન હોવા છતાં જોલી ફેલાવીને બેઠેલા રહીએ છીએ, આપણને જ્યારે તેનાથી નાઅહલ તથા નાહક્કદાર હોવા છતાં અતાની તલબ છે તો એનો તરીકો એ જ છે કે તું પણ એ બંદાને આપી દે જે હક્કદાર છે અથવા તે હક્કદાર નથી, ભલે તે ઘોડા પર બેસીને આવ્યો હોય કે કારમાં બેસીને આવ્યો હોય, અલ્લાહનું નામ લીધુ છે તો નિછાવર થઈ જા !

સિદીકે અકબર رضی اللہ عنہએ એકવાર આપની સાહબઝાદી હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا પર આક્ષેપ લગાડનાર બંદા પર સદકો રોકી દીધો તો કુર્આનની આયત નાઝિલ થઈ :

وَلَا يَأْتَلِ أُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ أَنْ يُؤْتُوا أُولِي الْقُرْبَىٰ
وَالْمَسَاكِينَ وَالْمُهَاجِرِينَ فِي سَبِيلِ اللَّهِ

(અને કસમ ન ખાય તે જેઓ તમારામાં ફઝીલતવાળા અને ગુંજાઈશવાળા છે, સગાંઓ અને મિસ્કીનો અને અલ્લાહની રાહમાં હિજરત કરનારાઓને આપવાની. સૂ. નૂર, ૨૪/૨૨) હે પૈસાવાળાઓ ! અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનુ ન રોકો. એણે જે કર્યું એનું કામ છે અને અતા કરતા રહેવું અને એ સારી આદતને અપનાવી રાખવી એ આપની ડયૂટી છે.

**ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ વાળી બે ખૂબીઓ :** વલીમાં બે ખૂબીઓ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہવાળી હોવી જોઈએ : (૧) નેકીનો હુકમ આપતો હોય (૨) બુરાઈથી રોકતો હોય. **દીનના મામલામાં સખત હોય.** આજે આપણો શો હાલ છે ?! દીનના મામલામાં સખત હોવું ફારૂકી સિફત (ખૂબી) છે ને વલી માટે જરૂરી છે, એવું ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવી રહ્યા છે. તો જે કરી રહેલ છે ઠીક છે ! જે થઈ રહ્યું છે ઠીક છે ! (સુન્ની પણ ઠીક, દેવબંદી પણ ઠીક...વગેરે) નહીં ! નહીં ? જે ગલત કામમાં લાગેલો છે તેને રોકો ! કામિલનું કામ છે કે દરેક વાત પર નજર રાખે, ઈસ્લાહ કરે. ખરૂ ખોટુ બતાવતો રહે, ત્યાં સુધી કે સૂફીઓ એક બીજાને પણ સહી ગલત બતાવવાનું છોડી દેશે તો દીનની ઘંટી રોકાય જશે.

**ઉષ્માન ગની رضی اللہ عنہ વાળી બે ખૂબીઓ :** (૧) રાતે જાગવું (૨) સખાવત. દુનિયા સૂઈ રહેલી હોય પણ ફકીર જાગી રહ્યો હોય. મુલ્લા અલી કારીએ પોતાની કિતાબ મિર્કાતની શરહમાં એક હદીષ લખી છે. નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, રાતે કયામ કર્યા કરો આ તમારાથી પહેલાના વલીઓનો તરીક રહી ચૂક્યો છે. તે બંદો કામિલ નથી થઈ શકતો જે રાતમાં ઉઠીને તહજ્જુદ ન પઢતો હોય. કામિલ વલી હમેશાં તહજ્જુદ પઢે છે. **અલ્લાહની કસમ ! સમયના કુતુબોને જોયા, વલીઓને જોયો, અબ્દાલોને જોયા, મેં અવતાદોને જોયા, મેં એમનામાંથી કોઈની દાઢી મુઠ્ઠીથી ઓછી નથી જોઈ.** બીજી ખૂબી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની સખાવત, તો તે મશહૂર છે. આ બે ખૂબીઓ વલીમાં હોવી જોઈએ.

**હઝરત અલી رضی اللہ عنہવાળી બે ખૂબીઓ :** એ બે ખૂબીઓ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہવાળી તે એ કે વલીએ (૧) આલિમ હોવું જોઈએ તથા (૨) બહાદુર હોવું જોઈએ. અલ્લાહનો વલી કદી બુઝદિલ હોઈ જ નથી શકતો. એનું કારણ એ છે કે જ્યારે એનો સંબંધ અલ્લાહની સાથે છે તો પછી તે ગૈરુલ્લાહથી

www.barkatekhwaja.net

નથી ડરતો. અલ્લાહની સાથેનો મજબૂત સંબંધ અલ્લાહના સિવાય કોઈનાથી નથી ડરવા દેતો. હઝરત અલી رضی اللہ عنہની બહાદૂરીના બનાવો મશહૂર છે.

જો કે હઝરત અલી رضی اللہ عنہએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને સૌથી મહાન બહાદૂર કહેલ છે. કુર્આને સિદ્દીકે અકબર رضی اللہ عنہને સૌથી મહાન મુત્તકી કહેલ છે. આ આયતના હેઠળ ઉલમાએ લખ્યું છે કે જ્યારે સૌથી મહાન મુત્તકી સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે, મુત્તકી એટલે અલ્લાહથી ડરનાર. તો સૌથી અધિક અલ્લાહથી ડરનાર સિદ્દીકે અકબર છે તો સૌથી અધિક બહાદુર પણ સિદ્દીકે અકબર જ છે, કેમ કે જેટલો કોઈ અલ્લાહથી ડરે છે એટલો જ તે કોઈ અન્યથી નથી ડરતો.

સૈયદના અલી મુતર્ઝા رضی اللہ عنہ એકવાર લોકોમાં આવીને ઉભા રહ્યા. કહ્યું, હે લોકો ! મને બતાવો ! સૌથી મહાન બહાદુર આ ઉમ્મતમાં કોણ છે ? કોઈકે કાંઈ કહ્યું, કોઈકે કહ્યું, આપ છે ! ફર્માવ્યું, મેં જ્યારે પણ કોઈને લલકાર્યો છે તો મારી બરાબરવાળાને લલકારેલ છે, પોતાનાથી તગડાને લલકારવાનું કોનુ કામ છે ? સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہએ બાકાયદા હદીષો પેશ કરી છે. બુખારીની હદીષમાં છે, મજમઉઝ્ ઝવાઈદમાં છે, મુસ્તદરકે હાકિમમાં છે, તે હદીષો આપે પેશ કરી. નબી કરીમ ﷺ પર સાત આઠ કાફિરોએ એકત્ર થઈને હુમ્લો કર્યો તો કોઈ નજીક જઈ રહ્યું ન હતું પણ સિદ્દિકે અકબર رضی اللہ عنہ એકલા મુકાબલો કરવા મસ્જિદે હરામમાં પહોંચ્યા. પછી આપે જંગે બદરની વાત સંભળાવી. જ્યારે નબી કરીમ ﷺની હિફાઝત માટે બદરમાં પહેરો દેવાનો મોકો હતો ત્યારે હઝરત અલી કસમપૂર્વક કહે છે કે કોઈ બંદો રિસ્ક ન લઈ રહ્યો હતો આટલી મોટી જિમ્મેદારી કબૂલ કરવા માટે. ત્યાં સુધી કે અબૂ બક્ર પોતાની તલ્વાર લહેરાવતા પહોંચ્યા અને જ્યારે જે ખતરો હુઝૂરની તરફ વધતો હતો, સિદ્દીકે અકબર તેને આડે હાથ લેતા હતા. ફર્માવે છે, આ તે પુત્ર છે જે આ ઉમ્મતમાં સૌથી મહાન બહાદુર છે. *(મજમઉઝ્ ઝવાઈદ હદીષની કિતાબ, ૧/૪૩૩)*

**હઝરત અલી رضی اللہ عنہવાળી બીજી ખૂબી આલિમ હોવુ** : હઝરત અલી رضی اللہ عنہને ઈલ્મના દરવાજા હદીષમાં કહેલ છે. અલ્લાહનો વલી હમેશાં આલિમ હશે. આજકાલ તો એવા પીરો બની ગયા જેઓ મુરીદોને આલિમથી રોકે છે ! **મોલ્વીને મળવા ન જાવ, કિતાબને હાથ ન લગાડો, કિતાબો આડ હોય છે ! શું ભાઈ ! કુર્આન હિજાબ છે ? હદીષ હિજાબ છે ? અલ્લાહ હિજાબ છે ? હુઝૂર હિજાબ છે ? નહીં !! આ તો હિજાબ (પર્દો) હટાવનારી ચીજો છે.** હા ! એ વાત છે કે ઈલ્મના સમંદરને પીને પણ ફક્રને અપનાવવું એ તારાથી થઈ નથી રહ્યું. એટલા માટે તું ઈલ્મને હિજાબ કહે છે એ હિજાબ નથી તું મહજૂબ છે. *(શૈખુલ હદીષ અલ્લામા પીર ગુલામ રસૂલ કાસિમીના બયાન પરથી..)*

www.barkatekhwaja.net


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**શેખ ડોક્ટર યુવતી** : ઉમર ૨૮ વર્ષ, ઉંચાઈ ૫.૫, વજન–૫૫ kg B.H.M.S. (હોમિયોપેથિક ડોક્ટર), હાલ નવેમ્બર–૨૦૨૨થી કેનેડા ખાતે ફુલ ટાઈમ હેલ્થકેર સેકટરમાં કામ કરે છે, કેનેડા સ્થાયી થવાનો પ્લાન છે. ફક્ત બે માહિનામાં પ્રથમ શાદીમાં પતિથી ખુલઅ લીધેલ, દીનદાર યુવતી છે. પિતા કેમિકલ એંજિનિયર છે ઈન્ડિયામાં. હાઈલી એજ્યુકેટેડ ફેમેલી છે. સુન્ની વેલ એજ્યુકેટડ અને દીન દુનિયામાં રહી નિભાવ કરે તેવા સુ સભ્ય લાઈફ પાર્ટનર પામવા જાહેરાત કરેલ છે. **સંપર્ક : 99251 65773 તેમજ 94274 64411**

# ગૈર નબી માટે ''અલૈહિસ્સલામ'' કહેવું કેવું ?!

અઝ : શૈખુલ હદીષ અલ્લામા પીર ગુલામ રસૂલ કાસિમી (લારખાના)

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

વર્તમાનકાળમાં અમુક સુન્ની હઝરાત ગૈરે નબી માટે, બલ્કે ગૈરે સહાબી માટે **''અલૈહિસ્સલામ''** લખે બોલે છે, તો તેમની હિદાયત માટે ઉલમાએ અહલે સુન્નતની કિતાબોથી ''એ લખવું યોગ્ય નથી'' એ દર્શાવતુ લખાણ અત્રે રજૂ કરીએ છીએ. ઉમ્મીદ છે આના પરથી દરેક પોતાની ઈસ્લાહ કરી લેશે. *તંત્રી...*

એ યોગ્ય નથી કે નબી કરીમ ﷺ સિવાય કોઈના પર સલાત મોકલે. હા! હુઝૂર ﷺના સિવાય જેટલા મુસલમાન છે તેમના માટે મગફિરતની દુઆ કરવી જોઈએ. (ઈબ્ને અબી શયબા, ભાગ–૨, પેજ–૪૦૧) અન્ય ઘણી કિતાબોમાં છે અને રસૂલોના બારામાં અલ્લાહનું ફર્માન وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ સલામ રસૂલોના માટે છે. (સૂ. સાફ્ફાત, ૩૭/૧૮૧) અહીં ઉલમાએ ઘણી વિગતવાર ચર્ચા કરી છે. ઈમામ નવવીએ આપણો જે મશ્હૂર ફતાવા સંગ્રહ છે રદ્દુલ મુહતાર, ફતાવા શામી જેને કહે છે. અલ્લામા સૈયદ મુહમ્મદ આલૂસીએ અને ઘણા બધા ફક઼ીહો આલિમોએ પોતાની કિતાબોમાં લગભગ મલતી જુલતી વાતો લખી છે એ સૌનો ભાવાર્થ એ છે, એ સૌ લખી રહ્યા છે કે તફાવત બાકી રાખવો જોઈએ.

નબી કરીમ ﷺની શાન ઘણી જ જલીલ (મહાન) છે, હુઝૂર ﷺની શાન ઘણી જલીલ છે. આવુ સર્વ બુઝુર્ગ લખી રહ્યા છે. તેમ છતાં મુહમ્મદ ''જલ્લ જલાલુહૂ'' ન કહેવું જોઈએ. જો કે અર્થના હિસાબે જોવામાં આવે તો કોઈ વાંધો ન હતો, પરંતુ તફાવત નહીં રહે. અલ્લાહના માટે જલ્લ જલાલુહુ કે જલ્લ શાનહુ બોલો, પરંતુ રસૂલુલ્લાહ માટે ''સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ'' અથવા ''અલૈહિસ્સલાતુ વસ્સલામ બોલો અને નબીઓ માટે અલૈહિસ્સલામ, અલૈહિમુસ્સલામ બોલો, અને સહાબાએ કિરામના માટે ''રદિયલ્લાહુ અન્હુમ'' કે ''રદિયલ્લાહુ અન્હુ'' આ પ્રકારના શબ્દો બોલો. ત્યાં સુધી કે એ લખે છે : અલી ''અલૈહિસ્સલામ'' કહેવામાં નહીં આવે. (કિતાબુલ અઝકાર, ઈમામ નવવી પેજ–૮૦) એ પ્રમાણે અમુકે લખ્યુ છે : અબૂ બકર ''અલૈહિસ્સલામ'' કહેવામાં નહીં આવે. (અંબિયા બાદ સૌથી અફઝલ એવા) અબૂ બકર رضی اللہ عنہને œV , {C: ; , ĐDœعلیہ السلام ન કહેવાની વાત જે સાંભળ શે તો જો એનામાં ઈન્સાફ છે તો અહલે સુન્નતની વિરૂધ્ધ વિચારતી વખતે અલ્લાહથી ડરી જશે.

**ગૈર નબી માટે ''સલાત''ના શબ્દો બોલવા એના માટે આપણા ઉલમાએ લખ્યું છે કે ''આ એહલે બિદઅત (બિદઅતી લોકો)ની ઓળખ છે, અહલે સુન્નતનો અક઼ીદો નથી''** અને લાંબી ચર્ચા પછી લખે છે : મુહમ્મદ ''અઝ્ઝ વ જલ્લ'' કહેવામાં નહીં આવે, જ્યારે કે આપ ''અઝીઝ'' પણ છે ''જલીલ'' પણ છે.

*(ફતાવા શામી, ભાગ–૫, પેજ–૫૩૧)*

**એક અધિક વાત** : આપ કુર્આનમાં ઠેક ઠેકાણે પઢતા આવ્યા છો કે :

www.barkatekhwaja.net

رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ وَ رَضُوۡا عَنۡہُ "અલ્લાહ એમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી." આ મહાન કામયાબી. *(સૂ. માઈદા, ૫/૧૧૯)* અલ્લાહની રઝા સૌથી મોટો એઝાઝ છે તો એને નાનો કેમ સમજી રહ્યા છે લોકો ! વાત કેવળ એ છે કે બસ ! એક રૂકાવટ નાખી દીધી કે પોતાનુ મનમાન્યુ જ કરવું છે !

આ દૌરમાં કેટલાક લોકો બતાવે છે કે ફલાણી કિતાબમાં "અલૈહિસ્સલામ" ગૈરે નબી માટે લખેલ છે. તો એ કિતાબને પૂરી પઢી લો. એ કિતાબનો લેખક ખુદ લખી રહેલ છે કે ગૈર નબી માટે "અલૈહિસ્સલામ" ન કહેવું જાઈએ. હવે જો કિતાબની અંદર લખ્યુ છે તો હવે એ કાતિબ (લહીયા)નું કારસ્તાન છે. આ મહત્વની વાત છે કે નહીં ?! આ બુખારી જોઈ લો, પાકિસ્તાનમાં છપાયેલીમાં "રદિયલ્લાહુ અન્હૂ" લખેલ હોય છે, બહારની છપાયેલીમાં "અલૈહિસ્સલામ" લખેલુ હોય હોય છે. કારનામુ કોણે કર્યુ ? ટાઈપ કરનારાએ !

અચ્છા ! આ વાત પણ ઉલમાએ લખી આપી : અલ્લામા ઈબ્ને કષીર રહમહુલ્લાહ લખે છે : "આ ગલતીઓ કિતાબોના કિતાબોના કાતિબ (કમ્પોઝિટર) પુષ્કળ પ્રમાણમાં કરતા ફરી રહ્યા છે."

અલ્લામા ઈબ્ને કષીર લખે છે : **જો આવી વાતો લખવી છે તો સર્વ સહાબીઓ માટે લખો ! તમારા ખયાલમાં જ્યારે ગૈરે નબી માટે સલામ જાઈઝ છે, તો પછી અબૂ બક્ર, ઉમર પણ તો ગૈરે નબી છે.** આ ભેદભાવનું કારણ કાંઈ સમજમાં ન આવ્યું ?!

વળી કહે છે કે, ઉલમાએ જયારે (અમુક કિતાબોમાં) લખ્યું છે તો તફાવત સમજમાં આવી ગયો ! અરે ! ઉલમાએ નથી લખ્યું, ઉલમાએ તો મના કર્યુ છે. કાતિબોએ લખ્યું છે. અને હવાલો કોનો છે ? આ ઈબ્ને કષીર લખી રહ્યા છે કે આ કાતિબોનું સર્વ કારસ્તાન છે. આ આયતના હેઠળ ઈબ્ને કષીરે પૂરી ચર્ચા લખી છે. અત્યારે મારી સામે છે, તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૬૯૯. તેમણે ત્યાં સુધી લખ્યું છે કે, આ વાતોનો સંબંધ તાઝીમ તથા તકરીમથી છે. અબૂ બક્ર, ઉમર તથા ઉષ્માન આ તાઝીમ તથા તકરીમના અધિક હક્કદાર હતા. (છતાં એમના માટે "અલૈહિસ્સલામ" નથી લખાયું.)

જ્યારે ઉલમાએ અહલે સુન્નતના ફર્માનોથી જાહેર થઈ ગયું કે **જ્યારે અબૂ બક્ર, ઉમર, ઉષ્માન, અલી** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ **માટે "અલૈહિસ્સલામ" લખવું મના થઈ ગયું તો પછી અન્ય કોઈના માટે "અલૈહિસ્સલામ" લખવા બોલવાની ઈજાઝત ક્યાંથી રહી ?!** રહ્યા **શીઆ રાફઝીઓ,** તો **એ તો ફિર્કો જ બાતિલ છે !** એમની માન્યતાઓ તથા અકીદાઓ **કુફ્ર** તથા **ગુમરાહી**થી ભરપુર છે, એની વાતોથી અહલે સુન્નતને શું લાગે વળગે ?! અલ્લાહ સુન્નીઓને સાચી સમજ આપે. (આમીન)

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**દયાદરા** : તા. ૧–૨–૨૦૨૪, મુ. ચાંદ ૨૦–૨જબ ૧૪૪૫ જુમેરાતના રોજ દાઉદ ઈબ્રાહીમશા દિવાનનો ઈન્તેકાલ થયો છે. ❒ તેમજ વલી સુલેમાન કીડીવાલાનો ૯૧ વરસની વયે તા. ૯–૨–૨૦૨૪ના રોજ ઈન્તેકાલ થયો. ❒ તેમજ તા. ૧૦–૨–૨૦૨૪ના રોજ અહમદ મુહમ્મદ અબ્દાલનો ઈન્તેકાલ થયો.

**ભરૂચ** : મુકામે જનાબ સિદીકભાઈ ચાંચવેલવાળાના વાલિદા હજીયાણી જુબેદાબેન યાકૂબ તા. ૧૪–૧૨–૨૦૨૩ના રોજ ઈન્તેકાલ થયો. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બુઝુર્ગોની તબ્લીગે ઈસ્લામની તડપ અને આપણો હાલ

કાર્યાલય

સાહિબે ઉર્સે કાસિમી હઝરત સૈયદના ઈસ્માઈલ હસન શાહજીમિયાં મારહરવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ના ફરઝંદ તથા જાનશીન, તાજુલ ઉલમા **હઝરત અલ્લામા મુફ્તી સૈયદ શાહ અવલાદે રસૂલ મુહમ્મદમિયાં કાદરી બરકાતી કાસમી** عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان આ'લા હઝરત ઈમામ અહમદરઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز થી દીવાનગીભરી મહોબ્બત કરતા હતા અને આ'લા હઝરત તેમનાથી અત્યંત ઉલ્ફત તથા લગાવ ધરાવતા હતા. આપના જમાનામાં ઘણા બધા આંત્રિક તથા બાહ્ય ફિત્નાઓએ માથુ ઉઠાવ્યું જેમનું માથુ કચડવામાં સક્રિય તથા કાર્યશીલ રહેનારી દરેક તેહરીક (ચળવળ)માં આપ તે સમયે આગળ આગળ રહ્યા કરતા હતા. આપ એક બાફૈઝ શયખે તરીકત, બેહતરીન ઈતિહાસકાર, બાસલાહિયત આલિમ વ મુફતી, સાહિબે તર્ઝે અદીબ (સાહિત્યકાર), દૂરંદેશ મુફક્કિર વ દાનિશ્વર અને કામયાબતરીન મુસ્લેહ તથા દાઈ છે. મઝહબ તથા મસ્લકના પ્રસાર તથા પ્રચાર તથા ઈસ્લામની તબ્લીગ સંબંધે દરેક સમયે ચિંતિત રહેતા હતા, જેનો અંદાઝો આપના આ લખાણની દરેક લીટીથી બખૂબી લગાડી શકાય છે. ઈસ્લામની તબ્લીગમાં ઉણપ તથા સુસ્તી વર્તાવા પર આપ કેટલી બેચૈની તથા અજંપો અનુભવતા હતા એની ઝલકો લખાણના એક એક અક્ષરથી જાહેર થતી જોવા મળી રહી છે. આપનો આ ચિંતનમય તથા અમૂલ્ય લેખ વરસો પહેલાંનો છે, પણ જાણે વર્તમાન સંજોગોને માટે જ લખાયેલો હોય એવું જણાતાં અત્રે વાંચકોની ઈસ્લાહ માટે રજૂ કરીએ છીએ. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

## ★ ઈસ્લામની હૃદયાકર્ષકતા અને આપણી ગફલતનો આલમ ★

અજ્ઞાનતા તથા દુનિયા પામવાની લાલશાએ આપણને જેવી રીતે પુષ્કળ દીનના હુકમોથી અજાણ કરી રાખેલ છે એવી જ રીતે તબ્લીગના ફરીઝાથી આપણે એવા ગાફેલ થયેલા છીએ કે ખુદાની પનાહ ! એ તો અગણિત શુક્ર કરીએ અને એહસાન માનીએ આપણે આપણા આ માલિકે બેનિયાઝ, કરીમ કારસાઝનો જેણે આપણને ઈસ્લામ જેવો પ્યારો પ્યારો સાચો દીને બરહક્ક અતા કર્યો, જેના ઉસૂલ તથા ફુરૂઅ (મૂળ તથા શાખાઓ)માં, ફર્ઝો તથા અહકામમાં તેના બનાવવાળાએ કાંઈક એવી હૃદયાકર્ષકતા અને દિલની ભાવનાઓનું આકર્ષણ ભરી આપેલુ છે કે જે દ્દષ્ટિવાન એની દિલરૂબા સુંદરતા પર એક દૃષ્ટિ નાખી દે છે તે રબ તઆલાની તૌફીકથી હમેશાં માટે તેનો આશિક તથા દીવાનો થઈ જાય છે. એ જ કારણે આજે પણ જ્યારે કે આ તબ્લીગના મહત્વના દીની ફરીઝાથી આપણી સુસ્તી તથા આળસની એ હાલત છે કે આપણે આપણા દીને મતીનની ખૂબીઓ તથા ફઝીલતો જગતને સંભળાવવા માટે જીભને હલાવવાનું પણ બોજ સમજીએ છીએ. પણ સાચો પ્રાકૃતિક ધર્મ ઈસ્લામ પોતે પૂર્ણપણે હુસ્ન ખૂબીઓવાળો હોવાના કારણે જંગલમાં વસનારા અજ્ઞાન ગંવારો સુધીના પથ્થર દિલવાળાઓને પોતાના ઈલાહી અન્વાર વડે રોશન કરતો જઈ રહ્યો છે. અને ઘણા બધા તે જંગલી વનવાસી જેમના દેખાવ તૌર તરીકાવાળા માનવો જાણે અન્ય ચોપગાં જાનવરોની એક સમજાતિ જેવા હોવાની સાક્ષી પૂરી પાડે તેવા લોકો પણ ઈસ્લામની હૃદયાકર્ષક તથા સાદા પ્રાકૃતિક નિયમો પર દષ્ટિપાત કરતાં જ તેના વર્તુળમાં સામેલ થઈ જાય છે અને

ઈસ્લામની આકર્ષણ શક્તિને જોઈને ઈસાઈયત વગેરેના એ પ્રચારકોની આંખો ફાટીને રહી જાય છે જેઓ પોતાના ધર્મને ખૂબ જ પ્રમાણમાં જાહેરી ભપકા તથા ઠાઠમાઠ તથા સાઝ શણગારની સાથે, સજાવટની તનતોડ કોશિશની સાથે પ્રદર્શન કરવા છતાં ઈસ્લામના મુકાબલામાં નિષ્ફળ રહે છે.

આ સૌ ઈસ્લામની એ જબરદસ્ત આકર્ષકતાનો નમૂનો છે જે ખુદાએ તેની ફિત્રત (પ્રકૃતિ)માં ભરી દીધેલ છે. અને એ જ કારણે આજે આવા પુરફિતન દૌરમાં અને આપણી આવી સખત બદ્તરીન ગફલત તથા બેપરવાહી તેમજ દીનના દુશ્મનોના આ ચોતરફના ઘેરાવો છતાં આજે પણ يَدۡخُلُوۡنَ فِىۡ دِيۡنِ اللّٰهِ اَفۡوَاجًا (અલ્લાહના દીનમાં ટોળેને ટોળે દાખલ થાય છે. *–સૂરએ નસ્ર, ૧૧૦/૨)*ના સાચા ખુદાવંદી આદેશના જલ્વા દુનિયાને જોવા મળતા રહે છે, નહીં તો જો અન્ય વર્તમાન ધર્મોની જેમ ઈસ્લામનો પ્રચાર પ્રસાર પણ કેવળ આપણી કોશિશો તથા મહેનતો પર આધારિત હોત તો આજથી ખબર નહીં કેટલા સમય પહેલાં ક્યામત કાયમ થઈ ચૂકી હોત અને આ દુનિયા ક્યારની અલ્લાહ તઆલા કહેનારાઓથી ખાલી થઈ ગઈ હોત, અને આપણે ગફલત વર્તનારાઓ ક્યારના પોતાની સાથે આપણા દીનેમતીનને પણ પૃથ્વીના પટ પરથી નષ્ટ કરી ચૂક્યા હોત.

પણ યકીનન ! એનો અર્થ એ તો નથી કે આપણે આપણા દીને મતીનની તબ્લીગ તથા પ્રસારમાં ગફલત તથા સુસ્તી વર્તીએ અને ન કેવળ હાથ પગવાળીને બેસી રહીએ, બલ્કે જીભોને પણ ગુંગી બનાવી લઈએ. બેશક ! એ સાચુ છે કે ઈસ્લામનો સર્વ શક્તિમાન ખુદા પોતાના દીનનો પ્રચાર તથા પ્રસાર, સમર્થન તથા સહાય કદીક એવા શખ્સથી પણ ગરદન પકડીને કરાવી લે છે જે ઈસ્લામનો નાફર્માન તથા બાગી હોય.

## ★ ઈસ્લામની તબ્લીગ એ આપણી પણ જિમ્મેદારી છે ★

પણ શું આ નીચે દર્શાવેલ રબના ઈર્શાદો અમલ કરવા જરૂરી હોવાથી કોઈ ઈમાનદારમાં ઈન્કારની ગુંજાઈશ છે ?

وَلۡتَكُنۡ مِّنۡكُمۡ اُمَّةٌ يَّدۡعُوۡنَ اِلَى الۡخَيۡرِ وَيَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَيَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِ‌ؕ وَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ﴿۱۰۴﴾

"અને તમારામાં એક ગિરોહ એવો હોવો જોઈએ કે ભલાઈની તરફ બોલાવે અને સારી વાતનો હુકમ આપે અને બુરી વાતથી મના કરે અને એ જ લોકો મુરાદે પહોંચ્યા." *(સૂરએ આ'લે ઈમરાન, ૩/૧૦૪)*

અને રબ ﷻ ફમાવે છે :–

وَاِذۡ اَخَذَ اللّٰهُ مِيۡثَاقَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَلَا تَكۡتُمُوۡنَهٗ

"અને યાદ કરો જ્યારે અલ્લાહે અહદ (વાયદો) લીધો તેમનાથી જેમને કિતાબ અતા કરી કે તમે જરૂર એને લોકોને વર્ણન કરી આપજો અને ન છુપાવશો."

*(સૂરએ આલે ઈમરાન, ૩/૧૮૭)*

એ સહીહ છે કે ખુદા ઈસ્લામનો પ્રચાર પોતાના ગયબી ઝરીયાઓ થકી પણ કરે છે જે આપણા ખયાલમાં પણ નથી ગુજરતા, પણ તેની સાથે એનાથી કોને ઈન્કાર હોય શકે છે કે દુનિયા આલમે અસબાબ (સબબોની જગા) છે અને અહીંના દરેક કામને અલ્લાહ ﷻ એ એક સબબથી સાંકળી રાખેલ છે. આ આલમે અસ્બાબમાં આ તબ્લીગના કામની જિમ્મેદારી ઉપરોક્ત આયતોના હુકમાનુસાર આપણી કોશિશ પર નિર્ભિત છે.

તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી સહીહ હદીષ બુખારી શરીફમાં રિવાયત પામી જેમાં હુકમ છે : "મારા તરફથી પહોંચાડી આપો ભલે એક જ આયત હોય."

www.barkatekhwaja.net

### ★ બેહતરીન ઉમ્મતનો લક્બ આપણો શાથી ? ★

તેમજ ફર્માને રિસાલત છે : "કસમ એ પાક જાતની જેની કુદરતના કબજા હેઠળ મારી જાન છે, અલ્બત્ત ! જરૂર જરૂર તમે મઅરૂફ (ભલાઈ)નો હુકમ આપશો અને મુન્કર (બુરી વાતો)થી રોકશો, અથવા એ કે અલ્લાહ عزوجل جل جلالہ જરૂર તમારા પર પોતાની પાસેથી અઝાબ મોકલશે પછી તમે (તેનાથી મુક્તિ પામવા માટે) અલ્બત્ત ! જરૂર દુઆ કરશો પણ તે તમારા હક્કમાં કબૂલ થશે નહીં. (વલ અયાઝુ બિલ્લાહિ તઆલા)

ખૈરુલ ઉમ્મત (સર્વ ઉમ્મતોમાં બહેતર)નો લક્બ જે આ ઉમ્મતની વિશિષ્ટતા છે તે એ જ امر بالمعروف (સારી વાતોનો હુકમ આપવા) અને نهی عن المنکر (બુરી વાતોથી રોકવા)ના કારણે છે કે જેનું બીજા શબ્દોમાં નામ "ઈસ્લામની તબ્લીગ" છે.

રબનો આદેશ છે :–

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ تُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ

"તમે બેહતર ઉમ્મત છો તે સર્વ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૧૦)*

તફસીરે ખાઝિનમાં વર્ણવેલ આયતની તફસીરમાં છે : રબ તઆલાનો ઈર્શાદ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ એ શરૂની વાત છે અને એનાથી હેતુ આ ઉમ્મતનું બેહતર ઉમ્મત હોવાનો એ સબબ હોવું દર્શાવવું છે. જેમ કે તમે કહો છો, "ઝૈદ દયાવાન છે એટલા માટે કે લોકોને ખાવા ખવડાવે છે અને કપડાં પહેરાવે છે અને જરૂરતો પૂરી પાડે છે." અને મઅરૂફ (ભલાઈ)થી મુરાદ તૌહીદ અને મુન્કર (બુરાઈ)થી મુરાદ શિર્ક છે અને આયતે કરીમાનો અર્થ એ છે કે, "તમે શ્રેષ્ઠ ઉમ્મત છો જે લોકોમાં જાહેર થઈ, કે હુકમ કરો છો લોકોને **લાઈલાહ ઈલ્લાહ** કહેવાનો, અને રોકો છો તેમને શિર્કથી."

### ★ પૂર્વજ બુઝુર્ગો તથા આપણા પૂર્વજોએ કેવી રીતે દીન ફેલાવ્યો ? ★

આવા જ રબના આદેશોના પાલનમાં આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)ની એક એક વ્યક્તિ જાતે પોતે મુબલ્લિગે ઈસ્લામ (ઈસ્લામનો પ્રચારક) બનેલ હતી. ઉલમાએ કિરામ, સૂફિયાએ એઝામના મુકદ્દસ ગિરોહનો તો ઈસ્લામની તબ્લીગ જિંદગીનો મુખ્ય ઉદ્દેશ હતો જ અને આજે પણ ઈસ્લામના વિરોધીઓના દાવાઓથી વિપરિત ઈતિહાસ સાક્ષી પૂરી રહેલ છે કે વિશ્વના વિવિધ ભાગોમાં ઈસ્લામની તબ્લીગનો પવિત્ર ફરીઝો અધિક્તર આ જ પવિત્ર હસ્તીઓએ પુરસુકૂન રૂહાની શક્તિઓના થકી અંજામ પામેલ છે, અને લોઢાની તલ્વાર અને ભાલાથી ખાલી હાથવાળા ઈસ્લામના મુજાહિદોએ કટ્ટરથી કટ્ટર કાફિરો તથા મુશ્રિકોના કુફ્ર શિર્કના ખલ્યાન (ખરી)ને પોતાના રબના ઈશ્કો મહોબ્બતની રૂહાની આગ વડે ભસ્મ કરીને તેમનાં દિલોને ઈમાન તથા તૌહીદના નૂરો વડે એવાં રોશન તથા ઉજ્જવળ કરી આપ્યાં છે કે તેમની ચમક આજે પણ એક આલમ પર રોશની વેરી રહેલ છે.

પણ ઈસ્લામની તબ્લીગ કાંઈ એ જ પવિત્ર ગિરોહ પર નિર્ભિત ન હતી બલ્કે આપણો દરેક અદના તથા આ'લા પોત પોતાની હેસિયત પ્રમાણે વાણી તથા વર્તન વડે આ દીની ફરીઝાને અંજામ આપતો હતો. આપણા વેપારીઓ જેઓ દૂર દૂરના દેશોમાં વેપારના માટે જતા હતા તેઓ પોતાના વેપારના માલની સાથે ઈસ્લામની અણમોલ દોલતથી પણ એ દેશોના લોકોને માલમાલ કરતા હતા. આપણા વ્યાપારીઓના હાથ પગો પોતાના ધંધાનુ કામ અંજામ આપતા હતા તો સાથોસાથ (તેમની)

જીભ (પણ) હક્કનું એલાન કરતી જતી હતી. જાનો ખર્ચ કરી શકનારા પોતાની જાનો આ રાહમાં કુર્બાન કરતા હતા, ને માલવાળા ખુદાના દીનના પ્રચાર તથા પ્રસારમાં ખુદાના જ આપેલા માલને દિલ ખોલીને ખર્ચ કરવાને પોતાના માટે બંને જહાનની ખુશનસીબી સમજતા હતા.

સારાંશ દરેક વ્યક્તિ પોત પોતાની કાબેલિયત મુજબ દામે, દિરહમે, કલમે કદમે, સુખને જેનાથી જે રીતે થઈ શકતુ હતુ તે આ ફરીઝાને અંજામ આપવામાં પાછી પાની કરતા ન હતા. જે લોકો અન્ય કોઈ રીતે આ તબ્લીગના ફરીઝાને અંજામ આપવાની લાયકાત ધરાવતા ન હતા તેઓ પણ ઈસ્લામના અહકામની અમલી રીતે અદાયગીથી નાવકેફોને ઈસ્લામી અહકામની ખૂબીઓ તથા ફઝીલતો, સાદગી તથા પાકીઝગી, સહૂલત તથા ઉમદાપણુ દેખાડીને એક હદ સુધી આ ફર્ઝની અદાયગી કરી જ લેતા હતા.

## ★ ઈલ્મ શીખી તેના પર અમલ કરવો એ પણ તબ્લીગ છે ★

પણ અફસોસ છે આપણા પર કે દીનની તબ્લીગ તથા ઈસ્લામના પ્રચારમાં પોતાની જાન તથા માલ ખર્ચ કરવાનુ તો દૂર રહ્યું, આજે તો આપણે ઉલમાએ દીનની ખિદમત તથા સોહબતથી દૂરી બલ્કે નફરત ! તથા ઈલ્મે દીનથી દિન પ્રતિ દિન વધતી જેહાલત અને દીનના અહકામને અંજામ આપવાથી દિન દૂની રાત ચોગુની સુસ્તી તથા ગફલતોએ આપણને એને લાયક પણ નથી રાખ્યા કે દીનના અહકામની અમલી અદાયગીથી ગૈરોને ઈસ્લામની ખૂબીઓ તથા ફઝીલતો પર નજર નાખવાનો મોકો આપીને તબ્લીગે ઈસ્લામની તે સૌથી સરળ સ્થિતિ જ કે જેમાં જરા પણ ન જાન ઝોંકવી (ખપાવવી) પડે ન એક પાઈ ખર્ચ કરવો પડે (તે રીતે) અદા કરીને આ મહત્વના દીની ફરીઝાથી કાંઈક જિમ્મેદારીની પૂર્તિ કરી લઈએ.

## ★ આપણા માટે ડૂબી મરવાનો મકામ છે !! ★

આવા સંજોગોમાં એ ઈસ્લામની સચ્ચાઈ તથા હક્કાનિયતની એક ઉઘાડી તથા રોશન દલીલ છે કે તેણે આજે પણ કેવળ ગયબી સમર્થન તથા રબ્બાની મદદ વડે કરોડો દિલોને પોતાની તરફ આકર્ષિત કરેલ છે અને સતત ખૂબ જ પ્રમાણમાં હિદાયતના તરસ્યાઓને એ પોતાના ઈર્ફાન તથા તૌહીદના જામ વડે તૃપ્ત કરતો રહે છે. પણ **આપણા માટે ડૂબી મરવાનો મકામ છે કે આપણે આપણા આવા દીને મતીન (મજબૂત ધર્મ) કે જેણે આપણી બંને જહાનની ભલાઈનો જિમ્મો ઉઠાવ્યો, અને જેના અહકામે અવામિર (કરવાના હુકમો) નવાહી (ન કરવાના હુકમો) પર ચાલવામાં દુનિયામાં ઈજ્જત તથા આખેરતમાં અલ્લાહ عزوجل تعالیٰની રહમત તથા મગફેરતનો સબબ રહેલો છે, છતાં એવા સંજોગોમાં પણ કે જ્યારે દુનિયાભરમાં આપણને ઈસ્લામના દુશ્મનોએ ચોતરફથી સખત રીતે ઘેરેલ છે તેને જોઈને પણ ગફલતની ઊંઘથી નથી જાગતા, અને એના પરથી ઈસ્લામના દુશ્મનોના હુમ્લાઓને દૂર કરવા માટે કે જેમાં આપણા જીવનનું રહસ્ય છુપાયેલું છે તેના માટે હાથ પગ નથી હલાવતા, અને હજી પણ ઈલ્મે દીન શીખીને દીનના અહકામ (હુકમો)ની જાણકારી પામવાની અને તે હુકમોનું પાલન કરવાની અને અન્ય લોકોમાં એનો પ્રચાર પ્રસાર, પ્રોત્સાહન તથા તબ્લીગની જિદ્દો જેહદ નથી કરતા.**

આપણે ખુદ આપણા જ દેશ અને આપણા જ શહેરો, વસ્તીઓમાં રોજ બ રોજ એવા રૂહ તડપાવનારા દશ્યો જોઈએ છીએ કે ઈસ્લામના દુશ્મનો ઘણા જાહિલોને જેઓ મુસલમાન કહેવાય છે તેમની દીનના હુકમોથી અજ્ઞાનતાના કારણે તેમને જાત જાતના પ્રપંચો તથા પ્રલોભનો અથવા દાબ દબાણ



www.barkatekhwaja.net

હેઠળ મુર્તદ બનાવતા જઈ રહ્યા છે. (જેમ કે આજે મુસલમાનો ગૈર ખુદાની જય જય કરતા તથા પૂજા નમન કરતા જોવા મળી રહ્યા છે અને શિર્ક કરીને દીનથી નીકળી રહ્યા છે, ભલે કોઈ દાવો કરે કે કેવળ દેખાવ પૂરતુ એવું કર્યું છે, છતાં તેઓ શરીઅતના કાનૂન મુજબ ઈસ્લામથી બહાર થઈ ગયા) પણ આપણને એની કોઈ અસર નથી થતી ! **આપણે દુનિયાના ફુઝૂલ કામોમાં, હરામ કામોમાં 'લાખો' ખર્ચવાને 'કોડી' બરાબર નથી સમજતા, અને એ કામોમાં સખતથી સખત મુશ્કેલીમાં મૂકનારી સમસ્યાઓ તથા મુશ્કેલીઓ ખૂબ જ ખુશીભેર સહન કરી લઈએ છીએ ! પણ દીનના ખાતર આપણે 'કોડી'ને લાખ અને રાઈને પર્વત બનાવી લઈએ છીએ !** અને વહેમી મુશ્કેલીઓ દિલથી ઘડી ઘડીને એનાથી ઊંઘમાં પણ ચોંકી ઉઠીએ છીએ !

## ★ ઈલ્મે દીન માટે પૂર્વજ બુઝુર્ગો કેવી મુસીબતો ઉઠાવતા હતા ? ★

અફસોસ ! મુસલમાનો ! આજે તમારી આ શું હાલત થઈ ગઈ ? શું તમારા જ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)માં એવી પાકીઝા હસ્તીઓ નથી થઈ જેઓ ઈલ્મે દીન અને તે પણ કેવળ એક હદીષ સાંભળવા માટે સખત મુશ્કેલીઓ ભરેલ કઠિન મંઝિલો જંગલોમાં થઈને પસાર થવાનું ખુશીથી કૃબૂલ કરતા હતા કે ઈલ્મે દીન તે પણ કેવળ એક હદીષ તેમને મળી જાય !

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہની ખિદમતમાં દમિશ્કની મસ્જિદમાં એક જણ હાજર થાય છે, અને અર્ઝ કરે છે કે હું આપની ખિદમતમાં મદીના મુનવ્વરાથી કેવળ એટલા માટે હાજર થયો છું કે મને ખબર મળી છે કે આપની પાસે હુઝૂર સરકારે રિસાલત ﷺની એક હદીષ છે તેને આપનાથી સાંભળુ. એના સિવાય અન્ય કોઈ હાજત મને અહીં નથી. *(મિશ્કાત શરીફ)*

વિચાર કરો ! મદીના મુનવ્વરા હિજાઝ શરીફમાં અને દમિશ્ક શામમાં છે, કેટલા પ્રમાણમાં લાંબી મંઝિલોનું અંતર અને અરબનો મુશ્કેલીઓથી ભરપુર પહાડી દેશ અને તે પણ સેંકડો વરસ પહેલાંનો જમાનો કે જ્યારે આવા રસ્તાઓ બન્યા ન હતા. એ સમયના આવા કઠિન લાંબા સફરની કલ્પનાથી પણ આપણા જેવા કમહિંમત પરેશાન થઈ જાય છે. પણ એ જમાનાના સાચા મુસલમાન ઈલ્મે દીનની પ્રાપ્તિના સાચા શોખ ઉમંગમાં કેવળ એક હદીષ સાંભળવા ખાતર આ બધી તકલીફો તથા મુસીબતોને ખૂબ જ ખુશીભેર વેઠી લેતા હતા. વાત એ હતી કે **તેઓ માણસ જ તેને સમજતા હતા કે જે આલિમ હોય** ! (ઈલ્મની આટલી કદર તથા મહત્વ હતું)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہથી પૂછવામાં આવ્યું : من الناس એટલે "માણસ કોણ છે ?" ફર્માવ્યું : العلماء એટલે "આલિમો." *(અહયાઉલ ઉલૂમ)*

## ★ અહીં કોઈ ઈલ્મે દીન વિશે પૂછનાર નથી જેથી અહીં રહીશ નહીં ! ★

વળી કેવળ એટલુ જ નહીં કે તેમને ખુદ આલિમ બનવાનો આટલા પ્રમાણમાં શોખ હતો બલ્કે અન્યોને આલિમ બનાવવા અને દીન પહોંચાડવાનો પણ તેમને એટલા પ્રમાણમાં શોખ હતો કે હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہ એકવાર અસ્કલાન શહેર તશરીફ લઈ ગયા અને ત્યાં ત્રણ દિવસ રોકાણ કર્યું પણ એ અરસામાં કોઈ શખ્સ તેમને કોઈ દીની મસ્અલો પૂછવા તથા દીનનો ઈલ્મ હાંસલ કરવા ન આવ્યું. તો હઝરતે અમુક મજલિસમાં હાજર રહેનારાઓને કહ્યું, મને કોઈ સવારી ભાડે કરી આપો કે જેથી હું અહીંથી જતો રહું. આ શહેરમાં એવું લાગે છે કે ઈલ્મ મરી જવાનો છે, એટલા માટે કે કોઈ ઈલ્મે દીન વિશે સવાલ કરનાર નથી ! જેથી હું આવા શહેરમાં રોકવા નથી માગતો. *(અહયાઉલ ઉલૂમ)*

(આજે આપણે ક્યાંય પણ જઈએ તો કેવળ દુનિયા માટે જ જઈએ છીએ, દીન વિશે, ઈમાનની રક્ષા વિશે, ઈલ્મે દીન વિશે ચિંતા કે ખયાલ

વધુ પેજ ૧૮ પર.

www.barkatekhwaja.net

# વાતચીત સંબંધે કુર્આનની અખ્લાક઼ી તા'લીમાત

કાર્યાલય

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની મહાન નેઅમતોમાંથી એક માનવીને આપવામાં આવતી બોલવાની શક્તિ પણ છે. માણસને અન્ય પ્રાણીઓ પર જે ફઝીલત તથા ઉચ્ચતા હાંસલ છે એનો એક પાયાનો સબબ બોલવાની શક્તિ પણ છે. કુર્આને મુક઼દસની સૂરએ રહમાનની શરૂઆતમાં માનવના સર્જનની સાથે તેને બોલવાની શક્તિ આપવાની પણ વાત કરવામાં આવી છે. શબ્દ ''બયાન''માં ઘણી વિશાળતા તથા અર્થપૂર્ણતા છે. બયાન એ ઝબાન તથા કલામ કરતાં વધુ બલીગ અને અર્થપૂર્ણ શબ્દ છે. કલામ એ બયાનનો એક હિસ્સો છે. કલામમાં તે ગહરાઈ નથી જે બયાનમાં છે. એ જ કારણે સામાન્ય માનવની સામાન્ય વાતચીતને પણ કલામ કહી દેવામાં આવે છે, પણ બયાન અસામાન્ય કલામ હોય છે. માનવની આશ્ચર્ય પમાડતી બુદ્ધિઓમાંથી ઉચ્ચ કક્ષાની જે કાબેલિયત માનવમાં આવે છે તેની બોલવાની શક્તિ છે.

## ★ માણસ અન્ય પ્રાણીઓથી વિશિષ્ટ શાથી ? ★

તર્ક શાસ્ત્ર તથા આધુનિક વિજ્ઞાનની રૂએ માનવ પણ ''પ્રાણી'' જ છે, પરંતુ બોલવાની શક્તિના લીધે તેને ''હયવાને નાતિક઼'' (બોલતુ પ્રાણી) કહેવામાં આવે છે. બોલવાની શક્તિ ઉપરાંત માણસને સમજશક્તિ, સમજાવવાની શક્તિ પણ આપવામાં આવેલી છે જેના થકી તે અન્યોની વાતો પણ સમજે પણ છે અને પોતાની વાતો બીજાને સમજાવવાની ક્ષમતા પણ ધરાવે છે. خَلَقَ الْاِنْسَانَ ۙ عَلَّمَهُ الْبَيَانَ (ઈન્સાનિયતની જાન મુહમ્મદને પેદા કર્યા. માકાન વમા યકૂનનું બયાન તેમને શીખવ્યું. સૂ. રહમાન, ૫૫/૩,૪)માં વર્ણવેલ ''ઈન્સાન તથા બયાન''ના મફહૂમ તથા મિસ્દાક (ભાવાર્થ તથા એ શબ્દ કોને માટે છે)માં મુફસ્સિરોનો મતભેદ છે. એક ક઼ૌલ એ છે કે અહીં ઈન્સાન (માનવ)થી મુરાદ ઈન્સાનિયતની જાન, સરવરે કાઈનાતે આલમ હુઝૂર મુસ્તફા ﷺની મુબારક જાત છે, અને ''બયાન''થી મતલબ ''ઈલ્મે માકાન વમા યકૂન'' (ભૂત, વર્તમાન, ભાવિનો ઈલ્મ) છે. એક ક઼ૌલ એ છે કે અહીં ''ઈન્સાન''થી મુરાદ એની જાતિ એટલે હઝરત આદમ عَلَيْهِ السَّلَام અને ''બયાન''થી સર્વ ચીજોનાં નામો અને સર્વ ભાષાઓનો ઈલ્મ મુરાદ છે. અને એક ક઼ૌલ એ પણ છે કે અહીં ''ઈન્સાન''થી મુરાદ એની જાતિ એટલે હઝરત આદમ عَلَيْهِ السَّلَام તથા તેમની સર્વ ઔલાદ મુરાદ છે, અને ''બયાન''થી મુરાદ બોલવાની ક્ષમતા (શક્તિ) છે જેના કારણે ઈન્સાન અન્ય પ્રાણીઓથી વિશિષ્ટ (અલગ) બને છે. વધુ વિગત માટે તફસીરે ખાઝિન, તફસીરે સાવીનો અભ્યાસ કરશો.

## ★ સારી બુરી વાતચીતના લાભાલાભ ★

બયાનનો સંબંધ વર્તમાનના એહસાસો, ભૂતકાળના બનાવો તથા અનુભવો અને ક્યારેક ભાવિના અંદેશાઓથી પણ હોય છે. વાતચીત પરથી માણસના ચરિત્ર તથા આચરણ અને તેની સંસ્કૃતિ તથા કેળવણીનો અંદાઝો થાય છે. સારી વાતચીત સારા લોકોની ઓળખ છે અને બુરી વાતચીત બુરા લોકોની બુરી પ્રકૃતિનો નિર્દેશ કરે છે. રોજની જિંદગીમાં વાતચીત અને સારી વાતચીતનું ઘણુ મહત્વ તથા ઉપયોગીતા છે. મીઠાશભરી વાતચીત માનવને સમાજમાં ઈજ્જતદાર તથા માનપાત્ર બનાવી દે છે. અને કડવાશવાળી તથા તીખી બોલી માનવીની બદ્અખ્લાક઼ીની સાબિતી પૂરી

www.barkatekhwaja.net

પાડે છે. હક્ક તથા કડવી વાતો પણ નરમ લહેજામાં સહન કરી લેવામાં આવે છે, અને સખત લહેજામાં કહેવામાં આવેલી સારી વાત પણ સામેવાળાને અઘરી લાગે છે અને બુરી લાગે છે. માણસને બોલવાની શક્તિ આપવાનો મક્સદ એ જ છે કે તેની ઝબાનથી સારી વાત નીકળે. તેની વાતચીતનો લહેજો નરમ તથા ગંભીરતા તથા સભ્યતાવાળો હોય. સારી વાતચીતના આ મહત્વને લક્ષમાં રાખીને હદીષે પાકમાં ઝબાનની હિફાઝતનો હુકમ વિવિધ તરીક઼ાઓથી આપવામાં આવ્યો છે. બુખારી તથા મુસ્લિમની મુત્તફક઼ અલૈહ હદીષ છે : "સાચો મુસલમાન તે છે જેની જીભ તથા હાથથી અન્ય મુસલમાન મહેફૂઝ રહે."

તેમજ હુઝૂર ﷺએ ફર્માવ્યું : "જે ખામોશ રહ્યો તેણે નજાત (મુક્તિ) પામી."

## ★ વાતચીત બાબતે કુર્આનનું માર્ગદર્શન ★

એ જ પ્રમાણે બીજા ઠેકાણે ફર્માવ્યું : "જે શખ્સ અલ્લાહ અને આખેરત પર ઈમાન ધરાવે છે તેણે જોઈએ કે તે ભલાઈની વાત કહે, નહીં તો ખામોશ રહે."

સારાંશ કે બોલવાની શક્તિ અલ્લાહની તરફથી અર્પણ થનારી નેઅમતોમાંથી એક મહાન નેઅમત અને અસાધારણ મૂડી છે જેનો યોગ્ય, યોગ્ય સ્થાને અને સહી ઉપયોગ જરૂરી છે. કુર્આન મુક઼દ્દસ સરાપા હિદાયત છે. તેની તા'લીમાત (શિક્ષણ) ઈસ્લામી પ્રકૃતિના બરાબર મુતાબિક છે. કુર્આન અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની તે લાફાની (અનાશવંત) કિતાબ છે જેમાં દરેક માનવી માટે સહી માર્ગદર્શન અને કામયાબી તથા ભલાઈનું રહસ્ય સમાયેલું છે. કુર્આને જેવી રીતે અલ્લાહ પર ઈમાન, તૌહીદ તથા રિસાલત, મોત પછી જીવતા થવું, ક઼યામત તથા હિસાબ કિતાબ અને શરીઅતના હુકમો તથા મસાઈલની તરફ આપણુ માર્ગદર્શન કર્યું છે. તેવી જ રીતે તેણે આપણને અખ્લાકિ઼યાત (સુસંસ્કાર)નો પણ દર્સ આપ્યો છે કુર્આનની અખ્લાક઼ી તા'લીમાતમાંથી એક "ક઼ૌલે હુસ્ન" એટલે "સારી વાત" કરવી પણ છે. સારી વાત અને સારી ચર્ચા એ સાલેહ (નેક) અને સાફ સ્વચ્છ સમાજ માટે જરૂરી છે. વાતચીતના વિશે કુર્આનનો પવિત્ર દર્સ (પાઠ) પોતાનામાં ઘણુ મહત્વ ધરાવે છે. સારી વાતચીતના વિશે કુર્આને વિવિધ અંદાઝમાં પ્રકાશ વેર્યો છે. ક્યાંક وَقُولُوا لِلنَّاسِ حُسْنًا (લોકો સાથે સારી વાત કહો. –સૂરએ બક઼રહ, ૨/૮૩) થકી સારી વાતચીત પ્રતિ આકર્ષેલ છે. ક્યાંક قَوْلًا مَّعْرُوفًا (વાત કહો જે શરઅમાં મઅરૂફ છે. –સૂરએ બક઼રહ, ૨/૨૩૫)થી તેના મહત્વ પર રોશની નાખવામાં આવી છે. ક્યાંક قُولُوا قَوْلًا سَدِيدًا (હે લોકો ! અલ્લાહથી ડરો ! અને સીધી વાત કહો. સૂરહે અહઝાબ, ૩૩/૭૦) કે સાફ સુથરી અને સીધી વાત કહેવાની તા'લીમ આપવામાં આવી છે. ક્યાંક قَوْلًا مَّيْسُورًا (તો તેમને આસાન વાત કહો. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૨૮)નું ફર્માન આવ્યું છે. તો ક્યાંક قَوْلًا بَلِيغًا (તેમની સાથે તેમની મુજબની વાત કહો. સૂ. નિસાઅ, ૪/૬૩)નો દર્સ આપવામાં આવ્યો છે, અને ક્યાંક قَوْلًا كَرِيمًا (તેમની સાથે તા'ઝીમ (માનપૂર્વક)ની વાત કહેજો. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૨૩) કહીને આપણને સારી વાતચીત કરવાનો અને સારી વાતચીત કહેવાનો હુકમ આપવામાં આવ્યો છે. કુર્આનની આ તે અખ્લાક઼ી તા'લીમાત છે જેના પર અમલ કરીને આપણે દુનિયા તથા આખેરતની જિંદગીને કામયાબીઓથી મિલાવી શકીએ છીએ. આની વિગતવાર ચર્ચા જોઈએ.

## ★ (૧) અવાજ ધીમો રાખવો અને ઊંચા અવાજે વાત ન કરવી ★

જરૂરત કરતાં વધુ અવાજ મોટો કરવો, ઊંચા અવાજમાં વાતચીત કરવી, ગધેડાની જેમ ચીસો પાડવી અને શોર મચાવવો એક નાપસંદીદા અમલ છે. જેની કુર્આને ટીકા કરી (બુરાઈ વર્ણવી) છે. લોકો વિના કારણે ચીસો પાડે છે, ચીખે છે અને શોર મચાવે

www.barkatekhwaja.net

છે તેના અવાજને ગધેડાના અવાજ સાથે સરખાવેલ છે. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَ اقۡصِدۡ فِیۡ مَشۡیِکَ وَ اغۡضُضۡ مِنۡ صَوۡتِکَ ؕ اِنَّ اَنۡکَرَ الۡاَصۡوَاتِ لَصَوۡتُ الۡحَمِیۡرِ ﴿۱۹﴾

"અને તારી ચાલમાં મધ્યમ ચાલે ચાલ અને તારો અવાજ ધીમો રાખ, બેશક ! સૌથી મોટો અવાજ ગધેડાનો અવાજ છે." *(સૂરએ લુકમાન, ૩૧/૧૯)*

ઈસ્લામ ધર્મ એક મધ્યમમાર્ગી ધર્મ છે, એ એકદમ અધિક અથવા એકદમ ઓછાપણાને (ઈફરાત વ તફરીત)ને પસંદ નથી કરતો. એટલા માટે કુર્આને જેવી રીતે હરવા ફરવામાં મધ્યમ માર્ગ અપનાવવાનો હુકમ આપ્યો છે, તેવી જ રીતે ગધેડા જેમ ચીખવા ચિલ્લાવા અને બક બક કરવાથી, દિમાગ ચાટવાથી મના કર્યું છે. એ જ પ્રમાણે જરૂરત વિના વાતચીત અને જરૂરતથી વધુ વાતો કરવી પણ નાપસંદીદા અમલ છે જેને ઈસ્લામ નાપસંદ કરે છે. હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું : "બેશક ! તમારામાં સૌથી અધિક મહબૂબ મારી નજીક કયામતના દિવસે તે લોકો હશે જેઓ તમારામાં અધિક સારા અખ્લાકવાળા હશે. અને તમારામાં સૌથી અધિક નાપસંદ અને કયામતના દિવસે મારાથી અધિક દૂર રહેનારા તે લોકો હશે જેઓ અધિક વાતો કરનારા, લોકો સાથે ઝબાન દરાઝી કરનારા અને ઘમંડ કરનારા હશે. *(જામેઅ તિર્મિઝી, ભાગ–૪, હદીષ–૨૦૨૫, મિસ્ર)*

## ★ (૨) સારી વાત કરવી ★

હદીષે પાકમાં છે : "અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જમીલ છે અને જમીલને પસંદ કરે છે." જમીલ એટલે ખૂબસૂરત. એનાથી સમજાયું કે અલ્લાહ વ રસૂલને આપણા દરેક કામમાં "હુસ્ન" (સારાપણુ) ગમે છે, કોઈપણ કામ હોય તે સારુ હોય. અમલ સારો હોય, કામ સારુ હોય, વાતચીત સારી હોય, ઈબાદત સારી હોય, ચરિત્ર સારુ હોય, કિરદાર સારો હોય, અખ્લાક સારા હોય, વગેરે વગેરે. વાતચીતના સંબંધે કુર્આનનો અખ્લાકી દર્સ એ છે કે આપણે લોકો સાથે સારી વાતચીત કરીએ અને સારા અંદાઝમાં વાતચીત કરીએ. કુર્આન આદેશ આપે છે : "અને યાદ કરો જ્યારે અમે બની ઈસ્રાઈલથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઈની ઈબાદત (પૂજા) ન કરો અને માબાપની સાથે ભલાઈ કરો, અને સગા સંબંધીઓ અને યતીમો અને મિસ્કીનો સાથે સારો વર્તાવ કરો અને લોકોને સારી વાત કહો અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો...." (સૂરએ બકરહ, ૨/૮૩) પરંતુ પછી તમારામાંથી અમુક માણસો સિવાય સર્વ ફરી ગયા અને તમે (અલ્લાહના હુકમોથી) મોં ફેરવી લેનાર છો. અલ્લાહ عزوجلની ઈબાદત નમાઝ રોઝાની અદાયગી, માબાપની સેવા ચાકરી તથા આજ્ઞાપાલન, સગા સંબંધીઓ, યતીમો અને મિસ્કીનોની સાથે હુસ્ને સુલૂક (સદ્વર્તાવ) અને લોકો સાથે સારી વાત કહેવી આ તે સારા અમલો છે જેને અંજામ આપવા યહૂદીઓને પણ બંધાયેલ બતાવ્યા હતા, અને આજે મુસલમાન પણ એ બાબતો માટે બંધાયેલા છે.

## ★ (૩) કૌલે સદીદ એટલે સાફ સીધી વાત કરવાનો હુકમ ★

રબ તઆલા ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સીધી વાત કહ્યા કરો, અલ્લાહ તમારા અમલો તમારા માટે સંવારી આપશે અને તમારા ગુનાહ બખ્શી આપશે અને જે અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરે તેણે મહાન કામયાબી પામી." *(સૂરએ અહઝાબ, ૩૩/૭૦,૭૧)*

આ આયતે કરીમામાં ઈમાનવાળાઓને તકવા તથા પરહેઝગારીની સાથે દુરુસ્ત, સારી તથા હક્ક વાત કહેવાનો હુકમ આપ્યો છે કે જો તમે અલ્લાહ તઆલાના હક્ક અને તેના બંદાઓના હક્કોની કાળજી લેવામાં અલ્લાહ તઆલાથી ડરતા રહેશો, સાચી વાત, સીધી વાત, હક્ક તથા ન્યાયની વાત કહેતા રહેશો,

તો આ બંને ભલા અમલોના સદકામાં અલ્લાહ તમારા બીજા અમલોને સંવારી આપશે અને તમને વધુથી વધુ નેકીઓની તૌફીક અતા કરશે, જેના પરિણામે દુનિયા તથા આખેરતની કામયાબી તથા ઈજ્જત તમારા હાથ લાગશે. તક્વો અને કૌલે સદીદ (સીધી સારી વાત) કેમ કે નેકીઓની જડ અને ભલાઈનું મૂળ છે, એટલા માટે આ આયતમાં ખાસ કરીને આ બંનેની તા'લીમ તથા તાકીદ કરી છે. "કૌલે સદીદ" એટલે સીધી વાત કહેવામાં જૂઠ, ગીબત, ચુગલી અને વાણીની આફતોથી બચવું સર્વ સામેલ છે. જીભની હિફાઝતના વિશે આ બે મુબારક હદીષો જોઈ લો :–

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે માણસ સવાર કરે છે તો શરીરના સર્વ અંગો સવારના સમયે જીભને કહે છે, અમારા બારામાં અલ્લાહ તઆલાથી ડરજે, જો તું સીધી રહી તો અમે પણ ઠીક રહીશું અને સીધા રહીશું, અને જો તું વાંકી થઈ ગઈ તો અમે પણ વાંકા થઈ જઈશું. *(જામેઅ તિર્મિઝી, કિતાબુઝ્ ઝુહદ, ૪/૬૦૫, હદીષ–૨૪૦૭, મિસર)*

બીજી હદીષમાં છે : "હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સ મારાથી ઝબાન તથા ગુપ્તાંગની હિફાઝતનો વાયદો કરે તેના માટે હું જન્નતની ઝમાનત લઉં છું." આ બુખારી શરીફની રિવાયત છે. *(તિર્મિઝી શરીફ)*

## ★ (૪) કૌલે લઈન એટલે નમ્રપણે વાતચીત ★

કુર્આને મુકદ્દસે જેવી રીતે આપણને સારી વાતચીત, ધીમા તથા મધ્યમ અવાજમાં વાત કરવાનો હુકમ આપ્યો છે તેવી જ રીતે વાતચીતમાં નરમી અને ગંભીર લહેજો અખત્યાર કરવાની તા'લીમ આપી છે. નરમ વાતચીત અને નમ્ર લહેજામાં ઘણી તાષીર હોય છે. સામાન્ય રોજનીશી ઉપરાંત ખાસ કરીને દા'વત તથા તબ્લીગના મેદાનમાં તેનું ખૂબ જ મહત્વ છે. હઝરત મૂસા તથા હઝરત હારૂન علیہما السلامને અલ્લાહ તરફથી એ હુકમ થયો કે, જ્યારે ફિરઔનની પાસે જાવ તો તેની સાથે નરમીથી વાતચીત કરો કે જેથી તેના પર સારી વાતોની કાંઈક અસર થઈ શકે. فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا لَّعَلَّهٗ يَتَذَكَّرُ اَوْ يَخْشٰى "તો એની સાથે નરમ વાત કરજો એ ઉમ્મીદ પર કે તે ધ્યાન કરે અથવા કાંઈક ડરે." *(સૂરએ તાહા, ૨૦/૪૪)*

આ આયતથી જાણવા મળ્યું કે દીનની તબ્લીગ નરમીની સાથે કરવી જોઈએ અને બયાન કરનારા તથા મુબલ્લિગોએ જોઈએ કે તેઓ લોકોને મહોબ્બત, પ્રેમભાવ અને પ્યારભર્યા અંદાઝમાં નસીહત કરે. કેમ કે નરમીથી કરવામાં આવેલી નસીહતના માગ્યા મુજબનાં પરિણામો જોવા મળે છે. દા'વત તથા તબ્લીગ સિવાયના દુનિયવી મામલાઓમાં પણ જ્યાં સુધી બની શકે આપણે નરમીથી કામ લેવું જોઈએ. કુર્આન મુકદ્દસના ઉપરાંત હદીષે પાકમાં પણ નરમીની ઘણી ફઝીલત આવી છે. મુસ્લિમ શરીફ, કિતાબુલ બર, હદીષ નં. ૫૯૩માં છે :–

"હે આઈશા ! બેશક ! અલ્લાહ તઆલા રફીક (નરમી અપનાવનાર) છે અને નરમીને પસંદ કરે છે, અને નરમી કરવા પર જે આપે છે તે સખ્તી પર નથી આપતો." તેમજ એમાં જ છે : "જે નરમીથી મેહરૂમ રહ્યો તે સર્વ ભલાઈઓથી મેહરૂમ રહ્યો."

## ★ (૫) કૌલે મયસૂર એટલે આસાન વાત કરવાનો હુકમ ★

દુરુસ્ત અને સાફ સુથરી વાતચીત ઉપરાંત કુર્આન મજીદે આપણને આસાન વાતચીતનો પણ હુકમ આપ્યો છે : "લોકો સાથે તેમની બુદ્ધિઓ પ્રમાણે વાતચીત કરો"નો મતલબ પણ આ જ છે.

કેટલાક લોકોને લાયકાત વધારવાનો અને પોતાની કાબેલિયતનો કમાલ બતાવવાનો ઘણો શોખ હોય છે, અને તેઓ પોતાની વાતચીતમાં જાણીબુજીને

www.barkatekhwaja.net

સખત તથા મુશ્કેલ શબ્દો વાપરીને સામેવાળાઓને પ્રભાવિત કરી દેવાની અયોગ્ય કોશિશ કરે છે. કુર્આન વાતચીતની આવી શૈલીને પસંદ નથી કરતો. તે પોતાને માનનારાઓને ક઼ૌલે મયસૂર એટલે આસાન વાતચીતની નસીહત કરે છે. કેમ કે વાતચીતનો હેતુ જે કાંઈ મનની વાત હોય તેને રજૂ કરવાનો હોય છે, ન કે મુશ્કેલ શબ્દો અને તરકીબોને વાપરીને પોતાની કાબેલિયતોનું પ્રદર્શન કરવામાં આવે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના હબીબ સૈયદે આલમ નૂરે મુજસ્સમ ﷺથી સંબોધન કરતાં ઈર્શાદ ફર્માવે છે : فَقُلْ لَّهُمْ قَوْلًا مَّيْسُوْرًا "તો એમની સાથે સરળ (આસાન) વાત કહો." *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૨૮)*

### ★ (૬) ક઼ૌલે બલીગ એટલે અસરકારક અને દિલમાં ઉતરી જનારી વાતનો હુકમ ★

વાતચીતના વિશે કુર્આનની અખ્લાક઼ી તા'લીમાતનું એક ઉજ્જવળ પાસુ એ પણ છે કે સામેવાળાથી ક઼ૌલે બલીગ એટલે પુર તાષીર (પુખ્તા, મજબૂત) વાતચીત અને દિલમાં ઉતરી જનારી વાત કરવામાં આવે. જેમ કે કુર્આન ફર્માવે છે :–

اُولٰٓئِكَ الَّذِيْنَ يَعْلَمُ اللّٰهُ مَا فِيْ قُلُوْبِهِمْ ۗ فَاَعْرِضْ عَنْهُمْ وَ عِظْهُمْ وَ قُلْ لَّهُمْ فِيْٓ اَنْفُسِهِمْ قَوْلًا بَلِيْغًا

"તેમના દિલોની વાત તો અલ્લાહ જાણે છે, તો તમે તેમનાથી આંખ આડા કાન કરો અને તેમને સમજાવી દો, અને એમના મામલામાં એમની સાથે પુખ્તા વાત કહો." *(સૂરએ નિસાઅ્, ૪/૬૩)*

### ★ (૭) ક઼ૌલે કરીમનો હુકમ ★

વાતચીતના બાબતે કુર્આનમાં એક જગાએ "ક઼ૌલે કરીમ"ની તરકીબ વાપરવામાં આવી છે. "ક઼ૌલે કરીમ"નો મતલબ છે એવી વાતચીત જેનાથી શરાફત તથા મુરવ્વત (લેહાઝ), હુસ્ને અદબ (સુસભ્યતા) તથા મુલાયમપણુ (નરમી) છલકતું હોય અને તે લુત્ફ તથા મહેરબાની અને શુભેચ્છા પર આધારિત હોય. જો કે આ હુકમ મા બાપના બારામાં આવ્યો છે, પરંતુ એની અંદર સામાન્યપણુ (સર્વના માટે હોવું) જોવા મળે છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે :

وَ قَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَ بِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّ لَا تَنْهَرْهُمَا وَ قُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا

"અને તમારા રબે હુકમ ફર્માવ્યો કે એના સિવાય કોઈની ઈબાદત ન કરો, માબાપની સાથે સારો વર્તાવ કરો. જો તમારી સામે એમનામાંથી કોઈ એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમની સાથે ઉફ પણ ન કહેશો અને ન તેમને ધમકાવશો અને તેમની સાથે ખૂબસૂરત નરમ વાત કહેજો."

*(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૨૩)*

સારાંશ કે વાતચીતના સંબંધે કુર્આની અખ્લાક઼ી તા'લીમાત ઘણી જ અસરકારક, હિકમતથી છલોછલ, અર્થપૂર્ણ અને દિલને મોહી લેનારી છે. આ તા'લીમાતને અપનાવીને આપણે દીન તથા દુનિયાની ખુશનસીબીઓ તથા બરકતોથી માલામાલ થઈ શકીએ છીએ અને એક ભલાઈવાળા સમાજનો પાયો રાખી શકીએ છીએ. જંગ, લડાઈ, ઝઘડા, મતભેદ તથા ખેંચાખેંચી, આપસમાં રસાકશી અને આપસમાં દુશ્મનીનું એક મોટુ કારણ આપણી જીભ વડે અદા થનારા અયોગ્ય શબ્દો તથા વાણી પણ છે.

જેથી આપણે જોઈએ કે આપણે આપણી ઝબાન સભ્યતાવાળી, વાતચીત નરમ, લહેજો ગંભીર અને વાતચીત વિનમ્ર રાખીએ. વાતચીતના સંબંધે કુર્આની ઈર્શાદો તથા હિદાયતો પર અમલ કરીને મતભેદ તથા ટકરાવની ખાઈને આપણે ઘણી હદે ખતમ કરી શકીએ છીએ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને સૌને કુર્આની તા'લીમાત પર અમલ કરતા રહેવાની તૌફીક઼ અતા કરે. આમીન.

*(માહનામા અશ્રફિયા, મુબારકપુર, ઓક્ટો.–નવે. ૨૦૨૩)*

www.barkatekhwaja.net

# શબે કદ્રની ઈબાદતો

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.** –(બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)

## જશ્ને ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہ મનાવાયો

**દયાદરા :** ખાતે તા. ૨૮–૧–૨૦૨૪ના (૧૫–રજબના નિમિત્તે) અસર સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં મુખ્તારુલ મસાજિદ ખાતે હઝરત ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہના વિસાલના દિવસ નિમિત્તે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું તેમજ ખાસ કરીને આપના ઈર્શાદોને હાજરીન સમક્ષ પેશ કરી આપના આશિક છીએ તો આપના ફર્માનોને અનુસરીને એ મુજબના આપણા અક઼ીદા તથા અમલો હોવા જોઈએ એની તાક઼ીદ કરી હતી.

તેમજ ૨૨–રજબના રોજ **સહાબીયે રસૂલ હઝરત અમીર મુઆવિયા** رضی اللہ عنہ તથા **ઈમામ જઅફર સાદિક઼** رضی اللہ عنہના બારગાહમાં ખિરાજે અક઼ીદતના રૂપે યાસીન શરીફના ખત્મ અસર બાદ દયાદરા મસ્જિદમાં રાખવામાં આવ્યો તેમજ તા. ૨૦–૧–૨૦૨૪ના રોજ અસર બાદ **સરકારે કલાં હઝરત સૈયદ મુખ્તાર અશરફ અશરફી જીલાની** رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે આપની શાનમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે શાનદાર બયાન કર્યું હતું. તેમજ તા. ૧૩–૨–૨૦૨૪, ૨–શાબાન ૧૪૪૫ના રોજ અસરની નમાઝ બાદ **ઈમામે આ'ઝમ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત** رضی اللہ عنہની બારગાહમાં ઈસાલે સવાબ અર્થે ખત્મે યાસીન શરીફ રાખવામાં આવેલ તેમજ તા. ૧૬–૨–૨૦૨૪ જુમ્આના બયાનમાં મૌલાના ઝહીર મિસ્બાહીએ શાને ઈમામે આ'ઝમ પેશ કરી હાજરજનોના ઈમાનમાં તાજગી પૂરી હતી. એ જ પ્રમાણે ભરૂચ, જંબુસર, કાવી વગેરે સ્થળોએ આપની શાનમાં ઉલમાનાં બયાનો થયાં હતાં.

## ★ શાદી મુબારક ★

**દયાદરા :** ખાતે જનાબ ઈકબાલ મુહમ્મદ ચોકવાલાના નેક ફરઝંદ "સાબિર"ની શાદી તા. ૨૭–૧૨–૨૦૨૩ના રોજ ઝંઘારના વતની અબ્દુર્રહીમ આદમ મુન્શીની નેક દુખ્તર "સફિયા" સાથે ઈસ્મુ હોલ ખાતે રાખવામાં આવ્યા. આ શાદી મુબારક નિમિત્તે દયાદરા ખાતે ચોકવાલા સ્ટ્રીટમાં "મેહફિલે નઅત" તા. ૨૫–૧૨–૨૦૨૩ના રોજ ઈશા બાદ રાખવામાં આવેલ જે જનાબ ક઼ારી મકસૂદ અશરફી (પેશ ઈમામ : દયાદરા મસ્જિદ)એ નઅત, મન્કબત ગુલદસ્તા, પેશ કર્યા હતા. (દુલ્હા–દુલ્હન તથા બંનેના કુટુંબીજનો ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકે સૌની જિંદગીઓને ખુશીઓ બરકતોથી ભરી દે. *–તંત્રી, બરકાતે ખ્વાજા માસિક*


## વર્ષોથી દીની સુન્ની સાહિત્ય પ્રકાશિત કરી ફ્રીમા વહેંચતી આ સંસ્થાઓને જરૂરથી સહાય કરશો

- **સુન્ની મુસ્લિમ કમિટી** ઠે. હવેલી શેરી, મુ. ગોંડલ (સૌરાષ્ટ્ર) **(Mob. 9824244544, 7383624786)**
- **હુસૈની કમિટી (સુન્ની)**, ૮–લાટી પ્લોટ, મોરબી, પિન : ૩૬૩૬૪૧ **(Mob. 9825133274)**
- **ગરીબ નવાઝ કમિટી**, આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ, મોરબી–૩૬૩૬૪૧ **(Mob. 93280 88378)**
- **ક઼ાદરી સુન્ની કમિટી**, **C/o.** હઝરત સૈયદ પીર સફીયુલ્લાહ બાવા દરિયાઈ અશરફી, ૭ અતાએ શાહે આલમ અમ્માર ટેનામેન્ટ, દેના બેંક લેન, વિશાલા સર્કલ પાસે, સરખેજ રોડ, અહમદાબાદ–૩૮૦૦૫૫. **Mo. 99137 68553** ★ મજકૂર મશહૂર દીની સુન્ની સાહિત્ય પીરસતી સંસ્થાઓ પ્રખ્યાત છે તેમને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે મોકલી સહાય કરશો. વધુ માટે જે તે ફોન નંબરો પર સપર્ક કરશો.